બફયઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અહલે સુન્નત વ જમાઅત એટલે મસ્લકે આ'લા હઝરત નું અજોડ મુખપત્ર


**બરકાતે ખ્વાજા** (માસિક)

**ડિસેમ્બર-૨૦૨૩**

જમાદિઉલ્ અવ્વલ-જમાદિઉલ્ આખર

હિજરી સન : ૧૪૪૫

વર્ષ : ૨૦, અંક : ૧૨, સળંગ અંક : ૨૩૯

**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)

C/o. ફયઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦

તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭

9427464411 PhonePe/Paytm/G Pay

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com



**બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ**

A/c. No. 34620100000303

Razvi Kitab Ghar

IFSC Code : BARB0DAYADR

**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૩૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૨,૦૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૩,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૬,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૫,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૫,૦૦૦/- |

**: માનદ તંત્રી :**

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | ઈલ્મે દીનનું મહત્વ અને આપણી જિંદગી | 03 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 08 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત (ભાગ : ૨) | 11 |
| 04 | અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ | 14 |
| 05 | તઝકેરતુલ અવલિયા : હઝરત મઅરૂફ કર્ખી رحمۃ اللہ علیہ ના હાલાત | 16 |
| 06 | ઈસ્લામી અખ્લાક઼ તથા આદાબ | 19 |
| 07 | ખુદાની બારગાહમાં રસૂલુલ્લાહ ﷺ તથા મો'મિનોની ઈજ્જત કુર્આન હદીષની રોશનીમાં | 23 |
| 08 | પ્રથમ સદીના મુજદ્દિદ-૫ હઝરત અબૂ મઅબદ અબ્દુલ્લાહ ઈબ્ને કષીરદારી મક્કી رحمۃ اللہ علیہ | 26 |
| 09 | સીરતે નબવી ﷺ અને વર્તમાન તકાઝાઓ | 30 |
| 10 | માનસિક શાંતિ તૌબા તથા ઈસ્તિગ્ફારથી જ શકય ! | 35 |
| 11 | રાફઝી શીઆ ફિર્કાનો કદરૂપો ચહેરો | 41 |
| 12 | હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہ ના જીવન ચરિત્રના અમુક ખાસ પાસાંઓ | 46 |
| 13 | બરકાતે ખ્વાજાની ટપાલ | 50 |


## કલામુલ્ ઈમામ ઈમામુલ્ કલામ

ચમને તયબહ મેં સુંબુલ જો સંવારે ગૈસૂ
હૂર બળ્હકર શિકને નાઝ પે વારે ગૈસૂ

કી જો બાલોં સે તેરે રૌઝેકી જારૂબ કશી
શબ કે શબનમ ને તબર્રુક કો હૈ ધારે ગૈસૂ

હમ સિયાહકારોં પે યા રબ તપીશે મેહશરમેં
સાયા અફગન હોં તેરે પ્યારકે પ્યારે ગૈસૂ

સૂખે ધાનોંપે હમારે ભી કરમ હો જાએ
છાએ રહમતકી ઘટા બન કે તુમ્હારે ગૈસૂ

સિલસિલા પા કે શફાઅતકા ઝુકે પળતે હૈં
સજદએ શુક્ર કે કરતે હૈં ઈશારે ગૈસૂ

ભીની ખુશ્બૂસે મહેક જાતી હૈ ગલિયાં વલ્લાહ !
કૈસે ફૂલોં મેં બસાએ હૈં તુમ્હારે ગૈસૂ

શાને રહમત હૈ કે શાના ન જુદા હો દમ ભર
સીના ચાકોં પે કુછ ઈસ દરજા હૈ પ્યારે ગૈસૂ

તેલ કી બુંદેં ટપકતી નહીં બાલોંસે **'રઝા'**
સુબ્હે આરિઝ પે લૂટાતે હૈં સિતારે ગૈસૂ

અઝ : આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ

# ઈલ્મે દીનનું મહત્વ અને આપણી જિંદગી

**તંત્રી લેખ**

અલ્હમ્દુલિલ્લાહ ! આપણે મુસલમાન છીએ. અલ્લાહ પાક અને તેના રસૂલ صلی الله علیه وسلمને ચાહનારા છીએ. સહાબાએ કિરામ તથા અહલે બયતે કિરામ તેમજ અઝવાજે મુતહ્હરાત તથા અવલિયા અલ્લાહની મહોબ્બતથી આપણાં સીનાઓ રોશન છે. આ ઈમાનની દૌલત એ એવી દૌલત છે કે જેના શુક્રિયામાં આખી જિંદગી સજદામાં માથુ રાખીને રબનો શુક્ર અદા કરવામાં ગુજારી દઈએ તો પણ એનો શુક્ર અદા કરી શકતા નથી ! કારણ કે દરેક ઈમાનવાળો સમજે છે કે જે ઈમાન વિનાનો કે ઈમાન ગુમાવીને કુફ્રની હાલતમાં મરશે તેનું ઠેકાણુ હમેશાં હંમેશ માટેની જહન્નમ છે. એમાં કોઈ બે મત નથી. ઈમાન તો હશે પણ જો ગુનાહોનો બોજ સાથે લઈને કબરમાં જશે તો ન કબરમાં ન કયામતમાં રાહત પામશે અને ગુનાહોની સજા જહન્નમમાં ભોગવવી પડશે તો તે અસહ્ય હશે. જહન્નમનો મામૂલી અઝાબ એ હશે કે આગના જોડા પહેરાવવામાં આવશે જેની ગરમીથી માણસનુ ભેજુ ખદબદ ખદબદ થશે ! છે આપણામાં આ મામૂલી અઝાબ વેઠવાની શક્તિ ?! આગળના અઝાબોની તો વાત જ શું કરવી ! તો આ અઝાબોથી બચવાનો ઈલાજ શું છે ? એ જ કે **ઈમાનની સલામતી** અને **નેક અમલોનું ચલણ** તથા **ગુનાહોથી બચતા રહેવું.** એના માટે જરૂરી છે **ઈલ્મે દીન સતત શીખતા રહેવામાં આવે.** જ્યારે કે આજકાલ લોકો ઈલ્મે દીનથી, ઈલ્મની મેહફિલોથી, દીની કિતાબોથી, દીની માસિકોથી જાણે સુગ અનુભવી રહ્યા છે ! **અમારે ત્યાં કિતાબ કે બરકાતે ખ્વાજા મેગેઝિન મોકલતા નહીં, કેમ કે કોઈ વાંચનાર નથી ! ઘરમાં સભ્યો છે પણ કોઈ વાંચતુ નથી ! વાંચવા માટે સમય નથી ! અને અમસ્તી એની બેઅદબી થાય છે !** વગેરે.. વાતો હવે કહેવામાં આવે છે. અફસોસ ! દુનિયાની પળમાં ખતમ થનારી જિંદગી ખુશહાલ કરવા માટે સમય છે પણ સમય નથી તો આખેરતની હમેશાંની જિંદગી સમારવાનો ! તો એવું જીવન તો ગૈરો પણ જીવે છે ! શું ફરક તમારામાં અને તેમનામાં ?! તેઓ પણ ફક્ત આ દુનિયાની પાછળ જ છે ! પણ તેમનો અંજામ શું થશે એ નથી જાણતા તમે ?!

## ઈલ્મે દીનનું મહત્વ ફર્માને ખુદા عزوجل વ રસૂલ صلی الله علیه وسلمની રોશનીમાં

રબ ફર્માવે છે :– وَقُل رَّبِّ زِدۡنِی عِلۡمًا **અને તમે અર્ઝ કરો કે, હે મારા રબ ! મને "અધિક ઈલ્મ આપ."** *(સૂ. તાહા, ૨૦/૧૧૪)* હઝરત અલ્લામા ઈબ્ને હજર અસ્કલાની رحمة الله علیه લખે છે કે, "આ આયતે કરીમાથી ઈલ્મની ફઝીલત સ્પષ્ટપણે સાબિત થાય છે **એટલા માટે ખુદા તઆલાએ પોતાના પ્યારા મુસ્તફા صلی الله علیه وسلمને ઈલ્મ સિવાય કોઈ અન્ય ચીજની અધિકતા પામવા માટેનો હુકમ નથી ફર્માવ્યો."** *(ફત્હુલ બારી શરહે બુખારી, ભાગ–૧, પેજ–૧૩૦)* હઝરત ઈબ્ને અબ્બાસ رضی الله عنهما થી રિવાયત છે કે : **"ઈલ્મથી ઈસ્લામની જિંદગી છે અને દીનનો સ્તંભ છે."** *(કન્ઝુલ ઈમ્માલ, ભાગ–૧૦, પેજ–૭૬)*

હઝરત ઓબાદા رضی الله عنه થી રિવાયત છે : **"ઈલ્મ ઈબાદતથી બેહતર છે."** *(હવાલો ઉપર મુજબ)* હઝરત ઈબ્ને અબ્બાસ رضی الله عنهما થી રિવાયત છે : **"રાતમાં એક ઘડી ઈલ્મ પઢવો આખી રાત જાગવા કરતાં બેહતર છે."** *(મિશ્કાત શરીફ, પેજ–૩૬)* હઝરત મુલ્લા અલી કારી رحمة الله علیه ફર્માવે છે : "આ હદીષ શરીફનો

www.barkatekhwaja.net

મતલબ એ છે કે એક કલાક આપસમાં ઈલ્મની તકરાર (ચર્ચા) કરવી, ઉસ્તાદથી પઢવું, શાગિર્દને પઢાવવું, કિતાબ અથવા એનો અભ્યાસ કરવો એ **રાતભરની ઈબાદતથી બેહતર** છે.'' હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની રિવાયત છે કે : ''ઈલ્મને અનિવાર્યપણે પકડો ! એટલા માટે કે **ઈલ્મ મો'મિનનો ગાઢ મિત્ર** છે.''

*(કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૧૦, પેજ–૮૮)*

ઈલ્મ પ્રાપ્તિની ફઝીલતમાં એ જ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે : **''એક ક્ષણ ઈલ્મ હાંસલ કરવો રાતભરની ઈબાદતથી બેહતર છે અને એક દિવસ ઈલ્મ હાંસલ કરવો ત્રણ મહીનાના રોઝાથી બેહતર છે.''** *(કન્ઝુલ ઉમ્માલ, પેજ–૭૫, ભાગ–૧૦)*

સારાંશ કે **ઈલ્મ** અતિ મહત્વની ચીજ છે. પણ અફસોસ કે આજે લોકો ઈલ્મથી એટલા દૂર ભાગે છે કે **કેટલાક તો નાની સરખી કિતાબ મફત પણ હાથમાં આપીએ ત્યારે જાણે વીંછી હાથમાં આવી ગયો હોય એમ ગભરાઈને પાછી આપી દે છે ! કે ટાઈમ જ કોની પાસે છે ! અફસોસ ! મુસલમાન અફસોસ ! તારું અસલ જૌહર ત્યજીને તું દુનિયાના શૈતાની કારખાના પાછળ એવો ડૂબી ગયો કે તને આખેરત માટે જાણવાની કે કાંઈ અમલ કરવાની કશાયની ફુરસદ જ નથી !** હે ભાઈ ! જો તારું ભલું ચાહતો હોય તો પલ્ટી આવ ! દીન તરફ પલ્ટી આવ ! નહીં તો દુનિયામાં તારી ફજેતી હજી વધારે થશે ! અને આખેરતની પરીક્ષા તો બહું જ કઠિન છે.

આપણે ખુદ જોઈએ છીએ કેટલાય ૫૦–૬૦–૭૦ વરસના ભાઈઓ–વડીલો નમાઝના તો પાંબદ છે પણ તિલાવત તેમની સહીહ નથી, ન તો રુકૂઅ સિજદા સહીહ રીતે તેઓ કરે છે. હવે પાંચેવ ટાઈમ પાબંદીથી નમાઝ પઢે છે, નફ્લો પણ પઢે છે... પણ પરિણામ શું ?! નમાઝના નિયમાનુસાર નમાઝ નથી પઢતા જેથી એ નમાઝ કબૂલ થવાની નથી ! જો ઈલ્મ શીખે અને સહીહ નમાઝ પઢે તો તેમની ઈબાદત કબૂલ થશે. એવા જ લોકો વિશે આ હદીષ વાંચો અને બોધ મેળવો : હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે : ''માણસ ૬૦ વરસો સુધી નમાઝ પઢતો રહે છે, પરંતુ તેની કોઈ નમાઝ રબની બારગાહમાં કબૂલ નથી થતી. કેમ કે તે માણસ રુકૂઅ તથા સિજદા સંપૂર્ણપણે અદા નથી કરતો.'' *(ઝવાજિર)* એટલા જ માટે કહેવામાં આવ્યું છે કે : **''આલિમનું રાતભર સૂવું જાહિલની રાતભરની ઈબાદતથી અફઝલ છે.''** તેમ જ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની રિવાયત છે કે : **''આલિમની સાથે બેસવું ઈબાદત છે.''** *(કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૧૦, પેજ–૮૪)* હઝરત મુઆવિયહ رضی اللہ عنہ એ કહ્યું કે રસૂલે કરીમ ﷺ એ ફર્માવ્યું કે, **ખુદા તઆલા જે શખ્સની સાથે ભલાઈ ઈચ્છે છે તો તેને દીનની સમજ અતા ફર્માવે છે** અને ખુદા આપે છે અને હું વહેંચણી કરું છું. *(બુખારી શરીફ, મુસ્લિમ શરીફ, મિશ્કાત શરીફ)*

## દુનિયામાં ઈલ્મે દીનથી અફઝલ કોઈ જ ચીજ નથી !

હઝરત સૈયદના ઈમામ ફખ્રુદ્દીન રાઝી رحمۃ اللہ علیہ તફસીરે કબીરમાં આયત : وَعَلَّمَ اٰدَمَ الْاَسْمَآءَ كُلَّهَا (અલ્લાહ તઆલાએ આદમને સર્વ ચીજોનાં નામ શીખવ્યાં. સૂ. બક્રહ, ૨/૩૧) હેઠળ લખે છે : સરકારે દો જહાં ﷺ એક સહાબી સાથે વાતચીતમાં વ્યસ્ત હતા, એવામાં આપના પર વહી આવી કે આ સહાબીની જિંદગીની એક સાઅત (અમુક ઘડીઓ જેટલી) બાકી રહી ગઈ છે. એ અસરનો સમય હતો. રહમતે આલમ ﷺએ જ્યારે આ વાત એ સહાબીને બતાવી તો તેમણે બેચેન થઈને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મને એવા

અમલના બારામાં બતાવો જે અત્યારે મારા માટે સૌથી બેહતર હોય. તો આપે ફર્માવ્યું, ઈલ્મે દીન શીખવામાં વ્યસ્ત થઈ જાવ ! જેથી તે સહાબી ઈલ્મે દીન શીખવામાં વ્યસ્ત થઈ ગયા અને મગરિબથી પહેલાં જ તેમનો ઈન્તેકાલ થઈ ગયો. રાવી ફર્માવે છે કે જો ઈલ્મથી અફઝલ કોઈ ચીજ હોત તો રસૂલે ખુદા તેનો હુકમ આપત.

આ હતા સહાબાએ કિરામ ! જેઓ હુઝૂરે અકરમ ﷺ પર જાન નિછાવર કરનારા અને મરતા દમ સુધી આપની આજ્ઞાનું પાલન કરનારા. તેમજ આપણા ઈમામો બુઝુર્ગો પણ મરતા દમ સુધી ઈલ્મે દીનમાં કેવા ખોવાયેલા રહેતા હતા તે પણ જોઈ લો.

નકલ થયેલ છે કે કોઈએ સૈયદના ઈમામ મુહમ્મદ رحمۃ اللہ علیہને ખ્વાબમાં જોઈને પૂછયું, નઝઅ (સકરાત)ના સમયે આપની શું હાલત હતી ? આપે જવાબ આપ્યો, "હું એ વખતે મુકાતબ ગુલામ (તે ગુલામ જેની સાથે માલિકે લખાણ કર્યું હોય કે આટલી રકમ ચૂકવી દે તો તું આઝાદ છે) વિશેના એક મસ્અલામાં ચિંતન મનન કરી રહ્યો હતો, મને તો ખબર જ ન પડી કે મારી રૂહ ક્યારે નીકળી ?!" આપણા બુઝુર્ગો સમયની કેવી કદર કરતા હતા તથા કેટલી મહોબ્બત ઈલ્મે દીનથી હતી કે મરતી વખતે પણ ઈલ્મે દીનથી લાગેલા રહેતા. અને કેમ ઈલ્મે દીનમાં ખોવાયેલા ન રહે કેમ કે તેમણે રસૂલે ખુદા ﷺનું આ ફર્માન સાંભળ્યું હતું કે, "ઈલ્મ શીખો માની ગોદથી કબરની ગોદ સુધી."

## ઈમાનદારીથી કહો શું આ ફર્ઝે અયન ઈલ્મો તમે જાણો છો ?!

હઝરત અનસ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે રસૂલે કરીમ ﷺ એ ફર્માવ્યું કે, ઈલ્મ પ્રાપ્ત કરવું દરેક મુસલમાન પુરૂષ તથા (સ્ત્રી) પર "ફર્ઝ" છે. *(ઈબ્ને માજહ, મિશ્કાત શરીફ)* હઝરત શૈખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી બુખારી رحمۃ اللہ علیہ આ હદીષ હેઠળ ફર્માવે છે કે :–

"ઈલ્મથી મુરાદ આ હદીષમાં તે ઈલ્મ છે જે મુસલમાનોને સમય આવ્યે જરૂરી છે. દા.ત. "જ્યારે ઈસ્લામમાં દાખલ થાય તો" તેના માટે ખુદા તઆલાની ઝાત તથા સિફતોને ઓળખવી અને રસૂલુલ્લાહ ﷺ ની નબુવ્વતને જાણવી વાજિબ થઈ ગઈ. અને દરેક તે ચીજનો ઈલ્મ જરૂરી થઈ ગયો કે જેના વિના ઈમાન સહીહ નથી. અને જ્યારે નમાઝનો સમય આવી ગયો તો તેના માટે નમાઝના હુકમોનું જાણવું વાજિબ થઈ ગયું. અને જ્યારે રમઝાનનો મહીનો આવી ગયો તો રોઝાના હુકમો શીખવા જરૂરી થઈ ગયા અને જ્યારે માલિકે નિસાબ થઈ ગયો તો ઝકાતના મસ્અલા જાણવા વાજિબ થઈ ગયું. અને જો સાહિબે નિસાબ થતાં અગાઉ મૃત્યુ પામ્યો અને ઝકાતના મસ્અલા ન શીખ્યો તો તો ગુનેહગાર ન થયો અને જ્યારે સ્ત્રીને (નિકાહમાં) લાવ્યો તો "હૈઝ" તથા "નિફાસ" વગેરે જેટલા મસાઈલ પતિ પત્નીના સંબંધે છે તેને જાણવું વાજિબ થઈ જાય છે. એ પ્રમાણે અન્ય કામોમાં કયાસ કરી લેવો (એટલે વેપાર કરે તો વેપારના મસાઈલ, ખેતી કરે તો તેના વગેરે જે કામ કરે તેના મસાઈલ જાણવા વાજિબ થાય છે.)

*(અશિઅતુલ લમ્આત, ભાગ–૧, પેજ–૧૬૧)*

હવે ઈમાનદારીથી તમે તમારી જાતે જ પોતાની સ્થિતિ પ્રમાણે પોતાનું નિરીક્ષણ કરી લો. અક઼ીદા ઈમાન વિશે, અલ્લાહ વિશે, રસૂલ વિશે, નબીઓ, વલીઓ વિશે કેવો અક઼ીદો રાખવો એના વિશે કેટલુ જાણો છો ? નમાઝ પાંચ ટાઈમ દિવસમાં ફર્ઝ તેના વિશે ક઼િરાઅત, રુકૂઅ, સિજદા, ક઼યામ, કાઈદા સજદાએ સહ્વ વગેરેના મસાઈલ વિશે કેટલુ જાણો છો ? રોઝા, ઝકાત, ઉશ્ર, હજ, નિકાહ, તલાક઼, તથા વેપારી છો તો વેપાર સંબંધી,

નોકરી કરો છો તો તેના વિશે, ખેતી કરો છો તેના વિશે, મા બાપ, ભાઈ બહેનો, પડોશીઓ, પતિ પત્નીના, સગાઓના હક્કો...વગેરે વિશે ઈલ્મ શીખવો, હરામ હલાલનો ઈલ્મ શીખવા ફર્ઝે અયન છે, તો દિલમાં ઝાંકીને કહો કે આ બધા ઈલ્મો વિશે શું જાણો છો અને એને જાણવા માટે કેટલી કિતાબો તમારા ઘરોમાં તમે કબાટોમાં રાખી છે. રૂપિયા રાખવા તો તિજોરીઓ વસાવો છો પણ દીનનો ઈલ્મ શીખવા કોઈ નાની લાયબ્રેરી બનાવી છે ?! લગભગ જવાબ મુસલમાનો પાસેથી "ના"માં મળશે ! (ઈલ્લા માશા અલ્લાહ !)

## મોબાઈલથી દીન શીખનારાઓ માટે મુશ્કેલીઓ

કેટલાક એવું કહેશે કે હવે તો અમે મોબાઈલથી શીખી લઈએ છીએ ! સારી વાત છે જો મોબાઈલ પર એકાગ્રતાથી તમે સહીહુલ અક઼ીદા ઉલમાની કિતાબો બયાનો વાંચતા સાંભળતા હોવ તો, પણ મોબાઈલ એ લપસણુ સાધન છે તે તમારા ચિત્તને વારંવાર ભમાવતુ રહેશે અને ક્યાંથી ક્યાં અલગ પ્રવૃત્તિમાં લગાડી દેશે, બલ્કે ગુનાહિત દશ્યો તરફ પણ ખેંચી જશે એવી સંપૂર્ણ શક્યતા રહે છે. **બીજી** વાત કે મોબાઈલ પર વિવિધ બાતિલ ફિર્ક઼ાઓના ઉલમા લેખકોનાં બયાન કે લખાણો આવતાં હોય છે જેથી સામાન્ય માણસો એમાં પડે તો ગુમરાહીનો પણ ભય રહે છે. જેથી બેહતર એ જ છે કે દીની કિતાબો (હાર્ડ કોપી) જ વસાવો જે એક ચિત્તે વાંચી શકાશે અને સુન્ની સહીહુલ અક઼ીદા આલિમ કે લેખકની ખાત્રીની કિતાબ હાથમાં આવશે.

## દીની કિતાબો ઘરમાં રાખવાથી ફાયદો શું ?!

કેટલાક લોકો એવું કહે છે કે, અમે કિતાબ વાંચી કાઢી હવે એને ઘરમાં રાખીને શું કરીએ ?! અને એને ક્યાં મોકલીએ ?! અમસ્તી ઘરમાં તો બેઅદબી થશે...વગેરે.

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! એ કિતાબોમાં અલ્લાહ વ રસૂલનું, સહાબા, અહલે બયત, અવલિયાનાં નામો લખેલાં હશે તો તેની અદબ માટે એક કબાટ નિશ્ચિત કરી દો કે એના ઘરમાં રહેવાથી પણ બરકત થશે. શું તમને હઝરત બિશ્ર હાફી رحمۃ اللہ علیہનો બનાવ યાદ નથી કે તેમણે "બિસ્મિલ્લાહ" શરીફ લખેલ કાગળની અદબ કરી તો શરાબીમાંથી રબે મહાન વલી બનાવી દીધા ! તો એ રીતે આ કિતાબ બરકતનો સબબ છે.

બીજું કિતાબ ઘરમાં રાખવાથી શો લાભ થાય ? એક બનાવ મુનાઝિરે અહલે સુન્નત શેર બેશએ એહલે સુન્નત હઝરત મૌલાના હશ્મત અલી પીલીભીતી رحمۃ اللہ علیہનો રજૂ કરું છું કે, આપની પૂરી તર્બિયત દેવબંદી મદ્રસામાં થઈ હતી, સર્વ ઉસ્તાદો દેવબંદી હતા. પરંતું આપનાં વાલિદાએ તેમની સુધારણા માટે ઘરમાં આ'લા હઝરત رحمۃ اللہ علیہની લખેલી કિતાબ "તમ્હીદે ઈમાન" તેમનુ ધ્યાન પડે એમ રાખી દીધી. એકવાર આપની નજર એના પર પડી અને આપે એને વાંચવી શરૂ કરી તો જેમ જેમ વાંચતા ગયા તેમ તેમ દેવબંદિયતની પોલ તેમની સમક્ષ ખુલતી ગઈ અને કિતાબ પૂર્ણ થતાં જ આપે દેવબંદિયતથી તૌબા કરી લીધી અને સુન્નિયતના શેર તથા મુનાઝિર બની ગયા અને પોતાને "સગે આ'લા હઝરત" કહીને ફખ્ર કરતા હતા.

સારાંશ કે દીની ઈલ્મી ખજાનો ઘરમાં હશે, નવી નવી કિતાબો, દીની માસિકો ઘરમાં આવતાં રહેશે તો નવી નવી વાતો પોતાના દીન ઈમાનની સલામતી માટે જાણવાની મળશે, બાળકો તથા ઘરની સ્ત્રીઓને જાણવાની મળશે. જેનાથી ઘરમાં દીની માહોલ રહેશે, ઈબાદતનો માહોલ રહેશે, દીનદારીનો માહોલ રહેશે. જે આપણી દુનિયા તથા આખેરત બંનેને સમારશે. અલ્લાહ આપણને આ વાતને સમજવા અને ઈલ્મે દીનથી ટચમાં રહેવાની, કિતાબોની, ઉલમાએ હક્ક઼ની સોહબતમાં રહેવાની, દીની ઈલ્મી મહેફિલોમાં જવાની તૌફીક઼ બખ્શે આમીન.



કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

આ સૂરહમાં ૧૬૫ આયતો અને ૧૨૯૩૫ અક્ષરો છે.

قُلْ اَرَءَيْتُمْ اِنْ اَخَذَ اللّٰهُ سَمْعَكُمْ وَ اَبْصَارَكُمْ وَ خَتَمَ عَلٰى
قُلُوْبِكُمْ مَّنْ اِلٰهٌ غَيْرُ اللّٰهِ يَاْتِيْكُمْ بِهٖ ؕ اُنْظُرْ كَيْفَ نُصَرِّفُ
الْاٰيٰتِ ثُمَّ هُمْ يَصْدِفُوْنَ ﴿٤٦﴾ قُلْ اَرَءَيْتَكُمْ اِنْ اَتٰىكُمْ عَذَابُ
اللّٰهِ بَغْتَةً اَوْ جَهْرَةً هَلْ يُهْلَكُ اِلَّا الْقَوْمُ الظّٰلِمُوْنَ ﴿٤٧﴾ وَ مَا نُرْسِلُ
الْمُرْسَلِيْنَ اِلَّا مُبَشِّرِيْنَ وَ مُنْذِرِيْنَ ۚ فَمَنْ اٰمَنَ وَ اَصْلَحَ فَلَا
خَوْفٌ عَلَيْهِمْ وَ لَا هُمْ يَحْزَنُوْنَ ﴿٤٨﴾ وَ الَّذِيْنَ كَذَّبُوْا بِاٰيٰتِنَا
يَمَسُّهُمُ الْعَذَابُ بِمَا كَانُوْا يَفْسُقُوْنَ ﴿٤٩﴾ قُلْ لَّاۤ اَقُوْلُ لَكُمْ
عِنْدِیْ خَزَآئِنُ اللّٰهِ وَ لَاۤ اَعْلَمُ الْغَيْبَ وَ لَاۤ اَقُوْلُ لَكُمْ اِنِّیْ مَلَكٌ ۚ
اِنْ اَتَّبِعُ اِلَّا مَا يُوْحٰۤى اِلَیَّ ؕ قُلْ هَلْ يَسْتَوِی الْاَعْمٰى وَ الْبَصِيْرُ ؕ
اَفَلَا تَتَفَكَّرُوْنَ ﴿٥٠﴾ وَ اَنْذِرْ بِهِ الَّذِيْنَ يَخَافُوْنَ اَنْ يُّحْشَرُوْۤا اِلٰى
رَبِّهِمْ لَيْسَ لَهُمْ مِّنْ دُوْنِهٖ وَلِیٌّ وَّ لَا شَفِيْعٌ لَّعَلَّهُمْ يَتَّقُوْنَ ﴿٥١﴾ وَ
لَا تَطْرُدِ الَّذِيْنَ يَدْعُوْنَ رَبَّهُمْ بِالْغَدٰوةِ وَ الْعَشِیِّ يُرِيْدُوْنَ
وَجْهَهٗ ؕ مَا عَلَيْكَ مِنْ حِسَابِهِمْ مِّنْ شَیْءٍ وَّ مَا مِنْ حِسَابِكَ
عَلَيْهِمْ مِّنْ شَیْءٍ فَتَطْرُدَهُمْ فَتَكُوْنَ مِنَ الظّٰلِمِيْنَ ﴿٥٢﴾ وَ كَذٰلِكَ
فَتَنَّا بَعْضَهُمْ بِبَعْضٍ لِّيَقُوْلُوْۤا اَهٰۤؤُلَآءِ مَنَّ اللّٰهُ عَلَيْهِمْ مِّنْۢ
بَيْنِنَا ؕ اَلَيْسَ اللّٰهُ بِاَعْلَمَ بِالشّٰكِرِيْنَ ﴿٥٣﴾ وَ اِذَا جَآءَكَ الَّذِيْنَ
يُؤْمِنُوْنَ بِاٰيٰتِنَا فَقُلْ سَلٰمٌ عَلَيْكُمْ كَتَبَ رَبُّكُمْ عَلٰى نَفْسِهِ
الرَّحْمَةَ ۙ اَنَّهٗ مَنْ عَمِلَ مِنْكُمْ سُوْٓءًۢا بِجَهَالَةٍ ثُمَّ تَابَ مِنْۢ بَعْدِهٖ
وَ اَصْلَحَ فَاَنَّهٗ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿٥٤﴾ وَ كَذٰلِكَ نُفَصِّلُ الْاٰيٰتِ وَ
لِتَسْتَبِيْنَ سَبِيْلُ الْمُجْرِمِيْنَ ﴿٥٥﴾

## સૂરએ અનઆમની તફસીર

તમે ફર્માવો, કહો તો ખરા ! જો અલ્લાહ તમારા કાન અને આંખ લઈ લે, અને તમારાં હૃદયો પર મહોર મારી દે,[૧૯૩] તો અલ્લાહ સિવાય કયો ખુદા છે જે તમને એ ચીજો લાવી આપે ?[૧૯૪] જુઓ અમે કેવી કેવી રીતે આયતો બયાન કરીએ છીએ, છતાં તેઓ મોઢું ફેરવી લે છે (૪૬) તમે કહો, જો તમારા પર ઓચિંતા અલ્લાહનો અઝાબ આવે,[૧૯૫] અથવા સ્પષ્ટ રીતે,[૧૯૬] તો જાલિમ સિવાય (બીજુ કોણ) નાશ પામશે ?[૧૯૭] (૪૭) અને અમે નથી મોકલતા રસૂલોને પણ ખુશી અને ડર(ની વાત) સંભળાવનાર (બનાવીને).[૧૯૮] તો જેઓ ઈમાન લાવ્યા અને સુધર્યા,[૧૯૯] તેમને ન કંઈ બ્હીક ન કંઈ ચિંતા (૪૮) અને જેમણે અમારી આયતો જૂઠાડી, તેમને શિક્ષા મળશે, બદલો તેમની આજ્ઞા ઉલ્લંઘનોનો (૪૯) તમે ફર્માવી દો, ''હું તમને નથી કહેતો કે મારી પાસે અલ્લાહના ખજાના છે, અને ન એ કહું છું કે હું પોતે જ ગૈબ જાણી લઉં છું, અને ન તમને એ કહું કે હું ફરિશ્તો છું,[૨૦૦] હું તો તેના જ તાબે છું જે મને વહી આવે છે.[૨૦૧] તમે ફર્માવો, 'શું આંધળા અને દેખતા[૨૦૨] સરખા થઈ જશે, તો શું તમે વિચાર નથી કરતા ?' (૫૦) અને ડરાવો તેમને આ કુર્આનથી જેમને બીક હોય

*કે પોતાના રબ તરફ એ રીતે ઉઠાડવામાં આવે કે અલ્લાહ સિવાય ન તેમનો કોઈ તરફદાર હોય ન કોઈ ભલામણ કરનાર એ આશાએ કે તેઓ પરહેઝગાર બની જાય (૫૧) અને તેમને અળગા ન કરો જેઓ પોતાના રબને સવાર સાંજ પોકારે તેની ખુશી ઈચ્છતા.[૨૦૩] તમારા પર તેમના હિસાબમાંથી કશું નથી, અને તેમના પર તમારા હિસાબમાંથી કશું નથી.[૨૦૪] છતાં તેમને તમે છેટા રાખો તો એ કામ ન્યાયથી વેગળું છે (૫૨) અને એમ જ અમે તેમનામાં એકને બીજા માટે અજમાઈશ બનાવ્યા, કે ધનવાન કાફિર નાદાર મુસલમાનને દેખીને[૨૦૫] કહે, 'શું આ છે જેમના પર અલ્લાહે એહસાન કર્યું અમારામાંથી ?[૨૦૬] શું અલ્લાહ સત્ય માનનારાઓને ખૂબ ઓળખતો નથી ? (૫૩) અને જ્યારે તેઓ અમારી સમક્ષ હાજર થાય જેઓ અમારી આયતો પર ઈમાન લાવે છે તો તેમને કહો, ''તમને સલામ ! તમારા પરવરદિગારે પોતાની કૃપાના જિમ્મે મહેરબાની અનિવાર્ય કરી કરી લીધી છે,[૨૦૭] કે તમારામાં જો કોઈ નાદાનીથી કોઈ બુરાઈ કરી બેસે, પછી ત્યારબાદ પ્રશ્ચાતાપ કરે અને સુધરી જાય તો અવશ્ય અલ્લાહ ક્ષમા કરનાર મહેરબાન છે. (૫૪) અને આ રીતે જ અમે આયતોને વિગતવાર વર્ણવીએ છીએ[૨૦૮] અને એટલા માટે કે ગુનેહગારોનો માર્ગ જાહેર થઈ જાય[૨૦૯] (૫૫)*

## :: સમજૂતી ::

**૧૯૩ :** અને જ્ઞાન તેમજ આધ્યાત્મિકતાની બધી વ્યવસ્થા ખોરવાઈ જાય.

**૧૯૪ :** એનો ઉત્તર એ જ છે કે ''કોઈ નહીં'' તો હવે અલ્લાહના એક હોવા બાબત મજબૂત દલીલ રજૂ થઈ ગઈ. કારણ કે જ્યારે અલ્લાહ સિવાય કોઈ એટલી સત્તા અને અધિકારવાળો નથી તો પછી પૂજા (ઈબાદત)ને લાયક માત્ર તે જ છે. અને કોઈને તેનો ભાગીદાર બનાવવો એક ઘણો જ ખરાબ જુલ્મ છે.

**૧૯૫ :** જેનાં ચિન્હો પહેલાંથી જણાયાં ન હોય.

**૧૯૬ :** નજરે જાતાં

**૧૯૭ :** અર્થાત કાફિરો સિવાય બીજું કોણ બરબાદ થશે ? કારણ કે તેમણે પોતાના પ્રાણો પર જુલ્મ કર્યો, અને આ વિનાશ તેમના માટે અઝાબ છે.

**૧૯૮ :** ઈમાનદારોને જન્નત અને સવાબની ખુશખબર આપનાર અને કાફિરોને જહન્નમ અને અઝાબથી ડરાવનાર.

**૧૯૯ :** સદકર્મો કર્યાં.

**૨૦૦ :** કાફિરોની આદત હતી કે તેઓ હુઝૂર ﷺને જાતજાતના સવાલો પૂછયા કરતા હતા. કદી કહેતા કે જો તમે નબી હોવ તો અમને ખૂબ ધનદોલત આપો જેથી અમે કદી મોહતાજ ન બનીએ, અમારા માટે પર્વતોને સોનાના બનાવી દો, કદીક કહેતા કે ભૂત–ભવિષ્યના સમાચાર કહી દો અને અમારા ભાવિની ખબર આપો કે કેવું કેવું થશે જેથી અમે ફાયદો ઉઠાવી લઈએ અને નુકસાનોથી બચવાનો બંદોબસ્ત અગમચેતીથી જ કરી લઈએ. કદી કહેતા કે અમને કયામતનો દિવસ કહો કે ક્યારે આવશે. કદીક કહેતા કે તમે કેવા રસૂલ છો કે ખાઓ પીઓ છો અને નિકાહ પણ કરો છો, એમની એ બધી વાતોનો આ આયતમાં જવાબ આપવામાં આવ્યો કે આવી વાતો તદ્દન અસ્થાને અને અજ્ઞાનતાની છે. કારણ કે જે માણસ જે વાતનો દાવો કરતો હોય તેને એવી જ વાતો પૂછવી જાઈએ જે તેના દાવાને લગતી હોય. અસંબંધિત વાતોની પુચ્છા કરવી અને તેને દાવા વિરુધ્ધ દલીલ બનાવવી અજ્ઞાનતા છે. તેથી જ હુકમ થયો કે તમે કહી દો કે મારો દાવો એ તો નથી કે મારી પાસે અલ્લાહના ખજાના છે કે જેથી તમે મારી પાસે

ધનદોલત માંગો, અને હું એ તરફ લક્ષ ન આપું તો તમે રિસાલતના ઈન્કારી બની જાવ, ન મારો દાવો સ્વયં પોતે ગૈબ જાણતો હોવાનો છે કે જો તમને ભૂત–ભવિષ્યની ખબરો ન કહું તો મારી નબુવ્વતને ન માનવા બહાનું બનાવો. અને ન તો મેં ફરિશ્તો હોવાનો દાવો કર્યો છે કે જેથી ખાવું, પીવું, નિકાહ કરવું વાંધાપાત્ર ઠરે, તો જે વસ્તુઓનો દાવો જ નથી કર્યો, તેના વિશે સવાલ કરવો જ અસ્થાને છે. અને એ પૂરા કરવા મારા માટે જરૂરી નથી. મારો દાવો તો નબુવ્વત અને રિસાલતનો છે, જ્યારે એના પર જબરદસ્ત અને મજબૂત દલીલો રજૂ થઈ ચૂકી તો પછી અસંબંધિત વાતો રજૂ કરવી શું અર્થ ધરાવે છે ?

**ફાયદો :** આથી તદ્દન સ્પષ્ટ થઈ ગયું કે આ આયતને હુઝૂર ﷺને ઈલ્મે ગૈબ નહીં હોવા બાબત દલીલ તરીકે રજૂ કરવી એવું જ અસ્થાને છે જેવું કે કાફિરોનું એ સવાલોને નબુવ્વતના ઈન્કાર માટે દસ્તાવેજ બનાવવું અસ્થાને હતું. એ સિવાય આ આયતથી હુઝૂર ﷺના આપેલા ઈલ્મે ગૈબનો નકાર ધારી શકાતો જ નથી, નહીં તો આયતો વચ્ચે વિરોધાભાસ માનવો પડશે, અને એ શક્ય નથી. તફસીરકારોનું એવું પણ કહેવું છે કે હુઝૂર ﷺનું لَآ اَقُوْلُ لَکُمْ (હું તમને નથી કહેતો) કહેવું નરમાશની રીતે હતું, *(ખાઝિન, મદારિક, જુમલ વગેરે)*

**૨૦૧ :** અને એ જ નબીનું કામ છે. તો હું તમને તે જ આપીશ જેનો મને હુકમ મળશે. તે જ કહીશ જેની આજ્ઞા થશે. તે જ કરીશ જેનો મને આદેશ મળ્યો હશે.

**૨૦૨ :** મો'મિન અને કાફિર.

**૨૦૩. શાને નુઝૂલ :** કાફિરોનું એક ટોળુ હુઝૂર ﷺ પાસે આવ્યું, તેમણે જોયું કે હુઝૂરની આજુબાજુ ગરીબ સહાબાનું એક જુથ હાજર છે જેમણે હલ્કી કક્ષાના વસ્ત્રો પહેરેલાં છે. એ જોઈને તેમણે કહ્યું કે, "આ લોકો સાથે બેસતા અમને શરમ આવે છે, જો તમે એમને પોતાની મજલિસમાંથી કાઢી મૂકો તો અમે તમારા પર ઈમાન લઈ આવીએ અને તમારી સેવામાં હાજર રહીએ, હુઝૂર ﷺએ વાત ન સ્વીકારી ત્યારે એ બાબત આ આયત ઉતરી.

**૨૦૪ :** બધાનો હિસાબ અલ્લાહ પાસે છે. તે જ સમગ્ર સર્જાયેલ વસ્તુઓને રોજી આપનાર છે. તેના સિવાય કોઈનાય શિરે કોઈનો પણ હિસાબ નથી. તાત્પર્ય એ કે જે અશક્ત ગરીબો જેમનું વર્ણન ઉપર થયું તેઓ તમારા દરબારમાં નિકટતા મેળવવા માટે હકદાર છે, તેમને છેટા ન કરવા જ યથાર્થ છે.

**૨૦૫ :** અદેખાઈની રીતે.

**૨૦૬ :** કે એમને ઈમાન અને સનમાર્ગ દેખાડયો, તે લોકો ફકીર ગરીબ હોવા છતાં, અને અમે ધનવાન અને આગેવાનો છીએ, આનાથી તેમનો હેતુ અલ્લાહના કામમાં વાંધો કાઢવાનો હતો કે ગરીબો માલદારોથી આગળ વધવાનો હક ધરાવતા નથી, માટે જો આ ગરીબો જે (ધર્મ) પર છે. તે સત્ય હોત તો તે અમારાથી આગળ ન હોત ?

**૨૦૭ :** અને પોતાની કૃપા અને મહેરબાનીની વાયદો કર્યો.

**૨૦૮ :** જેથી સત્ય સ્પષ્ટ થાય અને એને અમલમાં મૂકવામાં આવે.

**૨૦૯ :** જેથી એનાથી બચવામાં આવે.

**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૫૦૦/–** (ટપાલ ખર્ચ ૧૦૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# દર્સે હદીષે પાક

## મિર્અતુલ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

## એટલે મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત (ભાગ-ર)

**અઝ :** હકીમુલ ઉમ્મત હઝરત મુફતી **અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની** رحمۃ اللہ علیہ

**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા-માસિક)*

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને માલિક ઈબ્ને બુજૈનાથી[1] રિવાયત છે. ફર્માવે છે કે નબી ﷺ જ્યારે સજદો કરતા તો પોતાના હાથોની વચ્ચે પહોળાઈ કરતા ત્યાં સુધી કે આપની બગલોની સફેદી જાહેર થઈ જતી.[2]"*

*(મુસ્લિમ, બુખારી)*

**૧.** બુજૈના અબ્દુલ્લાહની માનુ નામ છે. એટલે બુજૈના માલિકનાં પત્ની છે. એટલા માટે મુહદ્દિષો માલિકને તન્વીનથી પઢે છે અને ઈબ્ને બુજૈના એનાથી અલગ કરે છે બલ્કે એમનું નામ અબ્દુલ્લાહ ઈબ્ને બુજૈના મશહૂર છે. અને આપ સહાબી છે. હિ.સ.૫૪ કે હિ. ૫૫માં મુઆવિયહ رضی اللہ عنہની ખિલાફતમાં વફાત પામ્યા.

**૨.** એ રીતે કે ચાદર ઓઢીને નમાઝ પઢતા તો ચાદર કાંઈક સરકી જતી અને બગલ દેખાય આવતી. અને જો કમીસમાં નમાઝ પઢતા તો બગલની સફેદીની જગા નજર આવી જતી, એ રીતે કે જો કપડુ ન હોત તો બગલ જોવા મળતી. શબ્દ બયાઝથી જાણવા મળે છે કે હુઝૂર ﷺની બગલ શરીફ અન્ય શરીર મુબારકની જેમ સફેદ હતી. અમુકે ફર્માવ્યું કે ત્યાં વાળ પણ ન હતા. બગલથી એકદમ ખુશ્બુ નીકળતી હતી. આ આપની વિશિષ્ટતાઓમાંથી છે.

*(અઝ : મિર્કાત તથા અશિઅહ)*

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે નબી ﷺ પોતાના સજદામાં કહેતા હતા. ખુદાયા ! મારા સર્વ ગુનાહો બખ્શી આપ, નાના મોટા, આગલા પાછલા, ખુલ્લા છુપા[1]." (મુસ્લિમ)*

**૧.** જાહેર એ છે કે દુઆ, તહજ્જુદ અથવા કોઈ અન્ય નફ્લના સજદામાં હતી, અથવા કદી કદી ફર્ઝોના સજદામાં જાઈઝ હોવાના બયાનના માટે હતી. યાદ રાખશો કે હુઝૂર ﷺની આ દુઆઓ ઉમ્મતની તાલીમના માટે છે, નહીં તો હુઝૂર ﷺ ગુનાહ તો શું ગુનાહના ઈરાદાથી પણ મેહફૂઝ છે.

*"હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત છે. ફર્માવે છે કે એક રાતે મેં નબી ﷺને બિસ્તરથી ગુમ પામ્યા.[1] મેં ટટોલ્યા (ફંફોસ્યા) તો મારા હાથ આપના તળવાંઓ પર પડયા. જો કે આપ મસ્જિદમાં હતા અને તળીયાં ઉભા હતાં.[2] અને આપ કહી રહ્યા હતા, મૌલા ! હું તારી રઝાની તારી નારાઝગીથી અને તારી માફીની તારી સજાથી પનાહ લઉં છું.[3] હું તારી તારીફની શક્તિ નથી ધરાવતો, તું એવો જ છે જેવી તેં પોતે તારી તારીફ કરી." (મુસ્લિમ)*

**૧.** એટલે કે મારી ત્યાં રોકાણની વારી હતી. અંધારી રાત હતી. ઘરમાં દીવો ન હતો. મારી આંખ ખુલી તો મને આપનું બિસ્તર શરીફ ખાલી મેહસૂસ થયું, તો હું ગભરાઈ ગઈ કે મને જાણ કર્યા વિના ક્યાં જતા રહ્યા.

**૨.** એટલે કે સજદામાં પડીને દુઆઓ માગી રહ્યા હતા. મસ્જિદે નબ્વી હઝરત આઈશા رضی اللہ عنہاના હુજરાથી તદ્દન મળેલી હતી એ બાજુ દરવાજો હતો, એટલા માટે આપનો હાથ પોતાના બિસ્તર પર બેઠાં બેઠાં મસ્જિદમાં પહોંચી

ગયો. એનાથી જાણવા મળ્યું કે સ્ત્રીનો સ્પર્શ વુઝૂ નથી તોડતો. કેમ કે હુઝૂર ﷺ નમાઝે તહજ્જુદના સજદામાં છે અને કશીય આડ વિના ઉમ્મુલ મો'મિનીનનો હાથ આપના તલ્વા શરીફને લાગ્યો અને હુઝૂર ﷺએ નમાઝ ન છોડી, ન વુઝૂ ફરીવાર કર્યું. એ આંગળીને કુર્બાન જઈએ જે હુઝૂર ﷺના તલ્વાંથી લાગી. નસીબવાળા કમાઈને ચાલ્યા ગયા. *(શેઅર)*

*જો હમ ભી વાં હોતે ખાકે ગુલશન લિપટકે કૂદમોંસે લેતે ઉતરન્*
*મગર ક્યા કરેં નસીબમેં તો યહ નામુરાદીકે દિન લિખે થે*

**૩.** એટલે કે જો તું એતાબ (ગઝબ) ફર્માવે તો તારા જ કરમમાં પનાહ મળી શકે છે અને ક્યાંક એ જ પ્રમાણે એ સમજો કે જ્યારે બાળકને મા મારે છે અને દૂર કરે છે, તો બાળક માને લપેટાઈ જાય છે, કેમ કે તેની અંતિમ પનાહગાહ (શરણ સ્થાન) એ જ છે. યાદ રાખશો કે હુઝૂર ﷺની પનાહમાં આવવું આ હદીષની વિરૂધ્ધ નથી, કેમ કે હુઝૂર ﷺનો આસ્તાનો રબનો આસ્તાનો છે. ખુદ ફર્માવે છે : اَنَا فِئَةُ الْمُسْلِمِيْنَ "હું મુસલમાનોની પનાહ છું." રબ ફર્માવે છે : جَآءُوْكَ---الخ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે બંદો પોતાના રબથી અધિક નજીક સજદો કરતી વેળા હોય છે, તો એમાં દુઆઓ વધારે માગો.[૧]" (મુસ્લિમ)*

**૧.** એટલે કે રબ તો આપણાથી દરેક વખતે નજીક છે, આપણે તેનાથી દૂર રહીએ છીએ. અલ્બત્ત સજદાની હાલતમાં આપણને એનાથી ખાસ કુર્બ નસીબ થાય છે. જેથી આ કુર્બને ગનીમત સમજીને જે માગી શકે માગી લે. આ હદીષમાં એ લોકોની દલીલ છે જેઓ કહે છે સજદો કયામથી અફઝલ છે. યાદ રાખશો નફલોના સજદાઓમાં હમેશાં દુઆ માગે, ફર્ઝોના સજદાઓમાં કદી કદી. અમુક લોકો સજદામાં પડીને દુઆઓ માગે છે, એટલે કે દુઆના માટે સજદો કરે છે, તેમનો માખઝ આ હદીષ છે.

*"એમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જ્યારે માણસ સજદાની આયત પઢીને સજદો કરે છે તો શૈતાન રડતો રડતો પરત થાય છે.[૧] અને કહે છે, હાય ! અફસોસ ! માણસને સજદાનો હુકમ આપવામાં આવ્યો, તેણે સજદો કરી લીધો એના માટે તો જન્નત છે, અને મને સજદાનો હુકમ આપવામાં આવ્યો તો હું ઈન્કારી થઈ ગયો, મારા માટે આગ છે.[૨]" (મુસ્લિમ)*

**૧.** એટલે કે ઈન્સાનના માટે સજદાએ તિલાવતને જોઈને શૈતાન અફસોસ કરતો કરતો ત્યાંથી નાસે છે, કેમ કે એ સજદો નમાઝ સિવાયનો છે અને શૈતાને જે સિજદાનો ઈન્કાર કર્યો હતો તે પણ નમાઝના સજદા સિવાયનો હતો એટલા માટે તેને એ સજદો જોઈને અફસોસ થાય છે, ન કે નમાઝનો સજદો જોઈને. કેમ કે નમાઝના સજદા પોતે પણ કરતો રહે છે.

**૨.** એનાથી જાણવા મળ્યું કે તિલાવતનો સિજદો વાજિબ છે. જેમ કે હનફીઓનો મઝહબ છે. જો કે એ સજદો આદમ علیہ السلامને હતો (તાઝીમી સજદો) અને આ સજદો અલ્લાહને છે (ઈબાદતનો સજદો) પણ કેમ કે એ સજદાનો હુકમ પર અલ્લાહ તરફથી હતો અને આ સજદાનો હુકમ પણ અલ્લાહ તરફથી, એટલા માટે શૈતાન એવું કહે છે. આ સજદાએ તાઝીમીની ચર્ચા અમારી કિતાબ તફસીરે નઈમી, ભાગ–૨માં જુઓ. માલૂમ પડે છે કે શૈતાન પોતાની હરકત પર પસ્તાતો તો રહ્યો પણ હવે શું થાય ! સમય વહી ચૂક્યો.

*"હઝરત રબીઅહ ઈબ્ને કઅબ رضی اللہ عنہ થી રિવાયત છે[૧] ફર્માવે છે કે હું રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ની સાથે રાત પસાર કરતો હતો[૨] તો હું આપની પાસે વુઝૂનું પાણી તથા જરૂરીયાત લાવ્યો.[૩] મને ફર્માવ્યું, કાંઈક માગી લો ![૪] મેં અર્ઝ કરી કે હું આપનાથી જન્નતમાં આપનો સાથ માગુ છું[૫] ફર્માવ્યું, એના સિવાય કાંઈ અન્ય પણ ?! મેં અર્ઝ કરી, બસ ! આ જ.[૬] ફર્માવ્યું, પોતાની જાત પર અધિક સજદાઓ વડે મારી મદદ કરો.[૭]" (મુસ્લિમ)*

**૧.** આપની કુન્નિયત અબૂ ફરાસ છે. અસ્લમી છે. અસ્હાબે સુફ્ફામાંથી હતા. પૂરાણા સહાબી છે. સફર તથા મક઼ામના હુઝૂર صلی اللہ علیہ وسلم ના ખાસ ખાદિમ છે. હિ.સ. ૬૩માં ઈન્તેક઼ાલ થયો.

**૨.** એટલે કે સફરમાં રાતની ખિદમત ખાસ કરીને મને સુપરત કરવામાં આવી હતી. અને જો ઘર મુરાદ હોય તો મતલબ એ છે કે રાતભર આપના દરવાજા પર રહેતો હતો કે જો હુઝૂર صلی اللہ علیہ وسلم ને ખિદમતની જરૂરત હોય તો પૂરી કરું.

**૩.** એટલે કે રાતે નિયમાનુસાર તહજ્જુદના સમયે વુઝૂનું પાણી, મિસ્વાક, મુસલ્લો લઈને ખિદમતમાં હાજર થયો. અુમક નુસ્ખાઓમાં آتِیۡہِ છે, એટલે લાવ્યા કરતો હતો.

**૪.** એટલે કે એક રાતે શાને કરીમીની જલ્વાગીરી થઈ અને રહમતનો દરિયો જોશમાં આવી ગયો. મને ઈનામ આપવાનો ઈરાદો કર્યો. આ જગાએ મિર્ક઼ાત તથા લમ્આત વગેરેમાં છે કે હુઝૂર صلی اللہ علیہ وسلم એ એવું ન ફર્માવ્યું કે આ ચીજ માગો. માલૂમ પડે છે કે હુઝૂર صلی اللہ علیہ وسلم અલ્લાહના હુકમથી અલ્લાહના ખજાનાઓના માલિક છે, દીન તથા દુનિયાની જે નેઅમત જેને ચાહે આપે. બલ્કે હુઝૂર શરઈ હુકમોના પણ માલિક છે જેના પર જે અહકામ ચાહે લાગુ કરી આપે. જેમ કે હઝરત ખુઝૈમા ઈબ્ને ષાબિત رضی اللہ عنہ ની ગવાહી બે ગવાહો સમાન ઠરાવી. *(બુખારી)* ઉમ્મે ઉતૈબાને એકવાર નોહા કરવાની ઈજાઝત આપી. *(મુસ્લિમ)* અબી બર્દા ઈબ્ને નિયાઝને છ માસની બકરીની કુર્બાનીની ઈજાઝત આપી. અલ્લાહે જન્નતની જમીનના આપને માલિક કર્યા છે, જેને ચાહે આપે. *(મિર્ક઼ાત વગેરે)*

**૫.** એટલે કે આપ મને જન્નતમાં તમારી સાથે રાખો જેવી રીતે બાદશાહ શાહી કિલ્લામાં પોતાના ખાસ ખાદિમોને પોતાની સાથે રાખે છે. યાદ રાખશો કે હઝરત રબીઆ رضی اللہ عنہ એ એ જગાએ હુઝૂર صلی اللہ علیہ وسلم થી નીચે પ્રમાણેની ચીજો માગી : જિંદગીમાં ઈમાન પર અડગતા, નેકીઓની તૌફીક઼, ગુનાહોથી દૂરી, મરતી વખતે ઈમાન પર ખાત્મો, ક઼બ્રના હિસાબમાં કામયાબી, હશ્રમાં અમલોની ક઼બૂલિયત, પુલસિરાત પરથી સહીસલામત પસાર થવું, જન્નતમાં રબનો ફઝ્લ તથા મર્તબાઓની બુલંદી. આ સર્વ ચીજો સહાબીએ હુઝૂર صلی اللہ علیہ وسلم થી માગી અને હુઝૂર صلی اللہ علیہ وسلم એ સહાબીને બખ્શી. જેથી આપણે પણ હુઝૂર صلی اللہ علیہ وسلم થી ઈમાન, માલ, ઔલાદ, ઈજ્જત, જન્નત સર્વ કાંઈ માગી શકીએ છીએ. આ માગવું સહાબાની સુન્નત છે. હુઝૂર صلی اللہ علیہ وسلم ના લંગરથી આ સર્વ કાંઈ ક઼યામત સુધી વહેંચાતુ રહેશે અને આપણે ભીખારી લેતા રહીશું. સૂફીઓ ફર્માવે છે કે હઝરત રબીઆ رضی اللہ عنہ એ હુઝૂરથી હુઝૂરને જ માગ્યા, પણ કેમ કે હુઝૂર જન્નતમાં જ મળશે જેથી જન્નતનું પણ વર્ણન કરી આપ્યું.

**૬.** એટલે કે તમારી આ દરખાસ્ત મંજૂર છે, કોઈ અધિક પણ ચાહો છે ? અર્ઝ કરી, જ્યારે ચમને ઈલાહીનું ફૂલ મળી ગયું તો પાંદડાંઓની શું જરૂરત ? એટલે કે જન્નતમાં તમને આ'લા મક઼ામ પર પહોંચાડવાનું મારા કરમથી છે ન કે કેવળ તમારા સજદાઓથી. તમે તમારા સજદાઓથી મને આ કામમાં ઈમદાદ આપો. عَلٰی نَفۡسِکَ ફર્માવીને નિર્દેશ રૂપે ફર્માવ્યું કે **નફસનો વિરોધ જન્નતનો ઝરીઓ છે.** *(મિર્ક઼ાત)* સજદાઓની અધિકતાથી બતાવવામાં આવ્યું કે ફક્ત પંજગાના નમાઝ પર સંતોષ ન માનો, બલ્કે નફલોની અધિકતમ પ્રમાણમાં પઢો. કે જેથી મારા કુર્બના લાયક થઈ જાવ. જેમ કે બાદશાહ કહે કે મારી પાસે આવવું છે તો સારો લિબાસ પહેરો, હાજરી બાદશાહના કરમથી છે અને સારો લિબાસ દરબારના આદાબમાંથી છે. *(શેઅર)*

*માલિક હૈં ખઝાનએ કુદરતકે જો કિસકો ચાહેં દે ડાલે*
*દી ખુલ્દ જનાબે રબીઅહ કો બિગળી લાખોંકી બનાઈ હૈ*

*(ક્રમશઃ)*

## અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ

(નજમી દારુલ ઈફતા-આમોદ)

હપ્તો : ૨૬

**૦૨. ક્યા તીન તલાક઼ દેનેહી સે ઔરત નિકાહ સે નિકલેગી ?**

તીન તલાક઼ કે હવાલે સે ઉમૂમી તૌર પર યે સોચ પાઈ જાતી હે કે જબ તક તીન તલાક઼ નહીં દેંગે ઔરત નિકાહ સે બાહર નહીં હોગી. યહી વજહ હે કે જબ તલાક઼ દેને કી ઝરૂરત પેશ આતી હે તો ઉમૂમન તીન તલાક઼ હી દી જાતી હે ઔર જબ પૂછા જાએ કે તીન તલાક઼ ક્યૂં દી તો બતાયા જાતા હે કે એક દો તલાક઼ સે તો ઔરત નિકાહ હી સે કહાં નિકલતી હે. હાલાં કે શરઈ એઅ્તેબાર સે યે સોચ બિલ્કુલ ગલત હે. શરીઅતને તો યે તરીક઼ા બતાયા હે કે બેહતર યે હે કે ઝરૂરત કે હિસાબ સે વક઼તન ફવક઼તન એક યા દો તલાક઼ દી જાએ ઔર એક યા દો તલાક઼ દેને સે ભી નિકાહ ખત્મ હો જાએગા, ઉસકે લિયે તીન તલાક઼ દેના કોઈ ઝરૂરી નહીં, બલ્કે એક સાથ તીન તલાક઼ દેના નાજાઈઝ હે, દેનેવાલા ગુનેહગાર હોગા. હાં તીનોં તલાક઼ વાક઼ેઅ હો જાએગી.

કુર્આને મજીદમેં હે :–

اَلطَّلَاقُ مَرَّتٰنِ ۪ فَاِمْسَاكٌۢ بِمَعْرُوْفٍ اَوْ تَسْرِيْحٌۢ بِاِحْسَانٍ ؕ

યા'ની : "તલાક઼ દો બાર તક હે ફિર ભલાઈ કે સાથ રોક લેના યા અચ્છાઈ કે સાથ છોળ દેના હે."

*(પારા : ૨, સૂરએ બક઼રહ, આ. ૨૨૯)*

અગર તીન તલાક઼ સે હી નિકાહ ખત્મ હોતા તો ફિર કુર્આને મજીદ મેં દો તલાક઼ કા ઝિક્ર ક્યૂં કિયા ગયા.

ઈસી તરહ ફિક઼્હ કી તમામ કિતાબોં મેં જહાં તલાક઼ કી ક઼િસ્મેં બયાન કી ગઈ હૈં વહાં એક તલાક઼ ઔર દો તલાક઼ કા ઝિક્ર ભી મૌજૂદ હે જો સાફ બતા રહા કે એક દો તલાક઼ સે ભી નિકાહ ખત્મ હો સકતા હે.

રહી યે બાત કે એક સાથ તીન તલાક઼ દેના જાઈઝ નહીં ઈસ કા બયાન ઉસ હદીષે પાક મેં હે જો મહમૂદ બિન લબીદ رضی اللہ عنہ સે મર્વી હે કે હુઝૂર صلی اللہ علیہ وسلم કો યે ખબર પહોંચી કે એક શખ્સને અપની બીવી કો તીન તલાક઼ેં એક સાથ દે દીં, ઈસકો સુનકર હુઝૂર صلی اللہ علیہ وسلم ગુસ્સે મેં ખળે હો ગએ ઔર યે ફર્માયા કે કિતાબુલ્લાહ સે ખેલ કરતા હે હાલાં કે મેં તુમ્હારે અંદર અભી મૌજૂદ હૂં. *(સુનને નસાઈ, સફહા : ૫૫૪, હદીષ : ૩૩૯૮)*

**03. ક્યા ગુસ્સે કી હાલત મેં તલાક઼ દેને સે તલાક઼ નહીં હોતી ?**

તલાક઼ કે બારે મેં જો ગલતફેહમિયાં લોગોં મેં રાઈજ હૈં ઉન મેં એક ગલતફેહમી યે ભી હે કે ગુસ્સે કી હાલત મેં તલાક઼ દેને સે તલાક઼ નહીં હોતી, ચુનાંચે તલાક઼ દેને કે મુઆમલાત જબ પેશ આતે હૈં તો અકષર યે ઉઝ્ર બયાન કિયા જાતા હે કે શૌહરને ગુસ્સે કી હાલત મેં તલાક઼ દી થી લિહાઝા તલાક઼ નહીં પળની ચાહિયે, જબ કે શરઅન યે સોચ સરાસર ગલત હે, ગુસ્સે કી હાલત મેં તલાક઼ દેને સે ભી તલાક઼ વાકેઅ હો જાતી હે. હાં અગર ગુસ્સા ઈસ હદ કા હો કે અક઼્લ જાતી રહે ઔર બિલ્કુલ હોશ બાક઼ી ન રહે તો ફિર અલગ હુકમ હે લેકિન આમ તોર પર ઐસા ગુસ્સા નહીં હોતા.

ફતાવા રઝવિય્યામેં ગુસ્સે કી હાલત મેં તલાક઼ દેને કે હવાલે સે હે :–

"ગુસ્સા માનેએ વુકૂએ તલાક઼ નહીં (યા'ની : ગુસ્સા તલાક઼ પળને કો નહીં રોકતા બલ્કે અક઼ષર વહી તલાક પર હામિલ (ઉભારનેવાલા) હોતા હે તો ઉસે

➻ અઝ : હઝરત મુફ્તી સાબિર નજમી મિસ્બાહી (સદર મજલિસે ફ઼ઝા ઈદારા શરઈય્યહ–ભરૂચ, C/o. દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ, જિ. ભરૂચ)

માનેઅ કરાર દેના (યા'ની તલાક સે રોકનેવાલા કરાર દેના) હુકમે તલાક કા રઅ્સન ઈબ્તાલ હૈ (યા'ની : સિરે સે તલાક કે હુકમ કો ખત્મ કર દેના હૈ)."

*(ફતાવા રઝવિય્યહ, જિલ્દ : ૧૨, સફહા : ૩૬૨)*

"આજકલ અકષર લોગ તલાક દે બેઠતે હૈં બા'દ કો અફસોસ કરતે ઔર તરહ તરહ કે હીલે સે યે ફત્વા લિયા ચાહતે હૈં કે તલાક વાકેઅ ન હો. એક ઉઝ્ર અકષર યે ભી હોતા હૈ કે ગુસ્સે મેં તલાક દી થી. મુફતી કો ચાહિયે યે અમ્ર મલ્હૂઝ રખે કે મુત્લકન ગુસ્સે કા એઅ્તેબાર નહીં. મઅ્મૂલી ગુસ્સે મેં તલાક હો જાતી હૈ. વોહ સૂરત કે અકલ ગુસ્સે સે જાતી રહે બહોત નાદિર હૈ, લેહાઝા જબ તક ઉસકા ષુબૂત ન હો મહઝ સાઈલ કે કેહ દેને પર એઅ્તેમાદ ન કરે."

*(બહારે શરીઅત, જિલ્દ : ૨, હિસ્સા : ૮, સફહા : ૧૧૩)*

**૦૪. ક્યા તલાક વાકેઅ હોને કે લિયે ઔરત કા સામને હોના યા સુનના ઝરૂરી હૈ ?**

યે એક ઐસી ગલતફેહમી હૈ જિસ મેં ઉમૂમન લોગ મુબ્તલા નઝર આતે હૈં, ચુનાં ચે સમજા જાતા હૈ કે શોહર જબ અપની બીવી કો તલાક દે તો ઉસ વક્ત ઔરત કા વહાં હાઝિર હોના ઔર તલાક કે અલ્ફાઝ કો સુનના ઝરૂરી હૈ, તભી તલાક હોગી, યે સોચ સરાસર ગલત હૈ. ઔરત કા અલ્ફાઝે તલાક કો સુનના યા વહાં મૌજૂદ હોના કોઈ ઝરૂરી નહીં, બલ્કે શોહર તન્હાઈ મેં બૈઠકર તલાક દે દે, જિસે કોઈ ભી ન સુને તબ ભી તલાક હોગી.

ફતાવા રઝવિય્યહ્મેં હૈ :–

"તલાક કે લિયે ઔરત કા વહાં હાઝિર હોના (જહાં શોહર તલાક દે) કુછ શર્ત નહીં (બલ્કે ઉસકે બગૈર ભી તલાક હો જા એગી.)"

"તલાક કે લિયે ઝૌજા (બીવી) ખ્વાહ કિસી દૂસરે કા સુનના ઝરૂરી નહીં જબ કે શોહરને અપની ઝબાન સે અલ્ફાઝે તલાક ઐસી આવાઝ સે કહે જો ઉસકે કાન તક પહોંચને કે કાબિલ થે (અગર ચે કિસી ગુલ શોર યા ષિકલે સમાઅત કે સબબ ન પહોંચી) ઈન્દલ્લાહ તલાક હો ગઈ."

*(ફતાવા રઝવિય્યહ, જિલ્દ : ૧૨, સફહા : ૩૬૨)*

**૦૫. ક્યા ખુલઅ કા યહી મતલબ હૈ કે ઔરત અપની મર્ઝી સે તલાક લે લે, ચાહે શોહર તલાક દે યા ન દે ?**

અવામ મેં ખુલઅ કે બારે મેં યે મશ્હૂર કે ઔરત અપને તૌર પર તલાક લેના ચાહે, ખ્વાહ શોહર તલાક દે યા ન દે, ઈસી કો ખુલઅ કહા જાતા હૈ, હાલાં કે શરઅન યે બિલ્કુલ ગલત હૈ. શરઈ તૌર પર ખુલઅ કા યે હરગિઝ મતલબ નહીં હૈ, બલ્કે શરઅન ઈસ કા મતલબ યે હૈ કે ઔરત મહેર કી રકમ શૌહર કો વાપસ કર કે યા કુછ ઔર માલ દેકર શૌહર કો તલાક દેને પર રાઝી કરે ઔર શૌહર ઈસે કબૂલ કરલે, ઈસ સૂરત મેં એક તલાકે બાઈન વાકેઅ હોગી.

'બહારે શરીઅત' મેં હૈ :–

'માલ કે બદલે મેં નિકાહ ઝાઈલ (ખત્મ) કરને કો ખુલઅ કેહતે હૈં. અગર મિયાં, બીવીમેં નાઈત્તિફાકી રેહતી હો ઔર યે અંદેશા હો કે એહકામે શરઈય્યા કી પાબંદી ન કર સકેંગે તો ખુલઅ મેં મુઝાઈકા નહીં ઔર જબ ખુલઅ કરલેં તો તલાકે બાઈન વાકેઅ હો જાએગી ઔર જો માલ ઠેહરા હૈ ઔરત પર ઉસકા દેના લાઝિમ હૈ.

અગર શૌહર કી તરફ સે ઝયાદતી હો તો ખુલઅ પર મુત્લકન ઈવઝ લેના (બદલે મેં માલ લેના) મકરૂહ હૈ ઔર અગર ઔરત કી તરફસે હો જિત્ના મેહર મેં દિયા હૈ ઉસસે ઝયાદા લેના મકરૂહ, ફિર ભી અગર ઝયાદા લે લેગા તો કઝાઅન જાઈઝ હૈ." *(બહારે શરીઅત, જિલ્દ : ૨, હિસ્સા : ૮, સફહા : ૭૫)*

## તઝકેરતુલ અવલિયા

# હઝરત મઅરૂફ કર્ખી رحمۃ اللہ علیہ

ના

# હાલાત તથા ખૂબીઓ

**ઓળખ** : આપ તરીકૃત વ હકીકૃતના મુકૃતદા તથા પેશવા હતા, પરંતુ આપનાં વાલિદૈન નસ્રાની હતાં. અને જ્યારે આપને મકતબમાં દાખલ કરવામાં આવ્યા તો ટીચરે એ પાઠ ભણાવવા ચાહ્યું કે ખુદા ત્રણ છે. આપે કહ્યું કે "હુવલ્લાહુ અહ્દ" એ ખુદા તો એક છે. અને મારપીટ કરવા છતાં પણ આપે ખુદાને ત્રણ ન કહ્યું અને ત્યાંથી નાસી છૂટીને હઝરત અલી ઈબ્ને મૂસા રઝા رحمۃ اللہ علیہ ની ખિદમતમાં હાજર થઈને ઈસ્લામથી પાવન થયા અને તેમનાથી જ બયઅત હાંસલ કરી. પરંતુ ભાગી ગયા બાદ માબાપને ખયાલ આવ્યો કે તે કોઈ પણ ધર્મ પર રહેતો પણ અમારી પાસે રહેતો. પછી કેટલાક અરસા બાદ આપ ઘરે પરત થયા તો આપની હાલતોથી પ્રભાવિત થઈને માબાપ પણ મુસલમાન થઈ ગયાં અને ઘણો સમય હઝરત દાઊદ તાઈની ખિદમતમાં રહીને બાતિની ફયઝોથી સરફરાઝ થતા રહ્યા.

હઝરત મુહમ્મદ બિન તૂસીથી રિવાયત છે કે એકવાર મેં એક નિશાની જોઈને પૂછયું કે કાલ સુધી તો આ નિશાન આપને ન હતું પછી આજે કેવી રીતે થઈ ગયું ? ફર્માવ્યું, રાતે નમાઝની હાલતમાં મને મક્કા મોઅઝ્ઝમા પહોંચવાનો ખયાલ આવી ગયો અને ત્યાં પહોંચીને કાબાના તવાફ બાદ જ્યારે ઝમઝમના કૂવા પર પહોંચ્યો તો મારો પગ સરકી ગયો અને આ એનું નિશાન છે.

**હાલાત** : એકવાર કુર્આન તથા મુસલ્લો મસ્જિદમાં છોડીને આપ નદીએ પાકીઝગીની નિય્યતથી તશરીફ લઈ ગયા. એ દરમ્યાન એક વૃધ્ધા આપનું કુર્આન તથા મુસલ્લો મસ્જિદથી ઉઠાવીને ચાલવા લાગી અને જ્યારે રસ્તામાં આપનાથી મુલાકાત થઈ તો આપે ગરદન ઝુકાવીને વૃધ્ધાને કહ્યું કે શું તમારો કોઈ બાળક કુર્આન પઢે છે ? વૃધ્ધાએ જ્યારે નકારમાં જવાબ આપ્યો તો ફર્માવ્યું કે મારું કુર્આન તો પરત કરી દો, અલ્બત્ત ! મુસલ્લો મેં તમને ભેટ આપી દીધો. જેથી વૃધ્ધા આપના સંયમથી એટલા પ્રમાણમાં પ્રભાવિત થઈ કે બંનેવ ચીજો આપને પરત કરી દીધી.

આપ કેટલાક લોકોની સાથે જઈ રહ્યા હતા એવામાં રસ્તામાં એક મજમો નાચગાન અને શરાબપાનમાં વ્યસ્ત મળી ગયો. અને જ્યારે આપના હમરાહીઓએ તેઓના માટે બદદુઆ કરવાની દરખાસ્ત કરી તો ફર્માવ્યું કે, હે અલ્લાહ ! જે રીતે તેં આજે એમને બેહતર ઐશ (મોજ) આપી રાખેલ છે, ભાવિમાં એનાથી પણ બેહતર ઐશ (મોજ મજા) તેમને અતા કરતો રહે. આ દુઆની સાથે જ એ મજમો શરાબ તથા વાજિંત્રો ફેંકીને આપની સામે આવ્યો અને બયઅત હાંસલ કરી અને બુરાં કામોથી તૌબા કરી લીધી. ત્યાર બાદ આપે લોકોને સંબોધીને ફર્માવ્યું કે, **જે શીરીની (મીઠાઈ)થી મરી શકતો હોય તેને ઝહેર આપવાથી શું ફાયદો ?!**

હઝરત સર્રી સકતી رحمۃ اللہ علیہથી રિવાયત છે કે ઈદના દિવસે પણ મેં આપને ખજૂરો વીણતા જોઈને કારણ પૂછયું તો ફર્માવ્યું કે આ સામેવાળો યતીમ બાળક એટલા માટે ઉદાસ છે કે સર્વ બાળકો નવો લિબાસ પહેરેલાં છે અને મારી પાસે કપડાં પણ નથી, એટલા માટે હું ખજૂરો વીણીને વેચવા ચાહું છું કે જેથી એના માટે કપડાં લઈ શકું. પરંતુ મેં અર્ઝ કરી કે આ કામ

❒ **અઝ** : *હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર رحمۃ اللہ علیہ* ❒ **અનુવાદક** : *પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*

www.barkatekhwaja.net

તો હું પણ અંજામ આપી શકુ છું, તમે શા માટે તકલીફ ઉઠાવો છો ? જેથી હું બાળકને સાથે લઈને આવ્યો અને તેને નવો લિબાસ પહેરાવી આપ્યો, અને એના બદલામાં જે નૂર મને અતા કરવામાં આવ્યું એનાથી મારી હાલત જ બદલાય ગઈ.

કિબ્લાની સહીહ દિશા માલૂમ ન હોવાના કારણે આપના એક મહેમાને ગલત દિશામાં મોં કરીને નમાઝ અદા કરી લીધી. અને નમાઝ બાદ જ્યારે તેને સાચી દિશા માલૂમ થઈ તો તેણે આપને અર્ઝ કર્યુ કે જ્યારે મેં નિય્યત બાંધી હતી એ વખતે આપે મને માહિતગાર કેમ ન કર્યો ? ફર્માવ્યું, ફકીરોને અન્યોના મામલામાં એ વખતે દખલની હાજત હોય છે જ્યારે તેમને પોતાની બાબતોથી મોહલત મળી જાય.

આપના મામા શહેરના કોટવાલ (ઉપરી પોલીસ ઓફિસર) હતા. તેમણે આપને જંગલમાં એ હાલતમાં જોયા કે એક કૂતરો આપની પાસે બેઠેલો છે, અને એક કોળિયો ખુદ ખાય રહ્યા છે અને એક એને ખવડાવે છે. આ હાલત જોઈને મામાએ કહ્યું કે તમને શરમ નથી આવતી કે કૂતરાને ખાવા ખવડાવી રહ્યા છો ?! આપે કહ્યું કે શરમના લીધે જ તો હું એને ખવડાવી રહ્યો છું ! અને આવું કહીને જ્યારે આપે આસ્માનની તરફ જોયું તો એક પક્ષી પોતાની આંખ તથા ચહેરાને પાંખો વડે ઢાંકીને આપના હાથ મુબારક પર આવીને બેઠુ. અને આપે મામાને ફર્માવ્યું કે ખુદાથી હયા કરવાવાળી દરેક ચીજ હયા કરે છે.

એકવાર વજ્દની હાલતમાં થાંભલા સાથે એટલા જોરથી બાઝી ગયા કે તે થાંભલો ટુકડે ટુકડા થવાની નજીક થઈ ગયો. પછી ફર્માવ્યું કે ત્રણ ચીજો બહાદુરીનું ઉગમ સ્થાન (મઝહર) છે : ૧. વાયદાનું પાલન કરવું. ૨. એવી પ્રશંસા જેમાં સખાવતનો ખયાલ ન હોય. ૩. વિના માગ્યે અર્પણ કરી દેવું.

**આપના આદેશો** : ફર્માવ્યું કે નફસનું અનુસરણ ખુદાની પકડ છે, અને જે ખુદાને યાદ કરે છે તે એનો મહબૂબ છે, અને તે જેને મહબૂબ બનાવી લે તેના પર ખૈરના દરવાજા ખોલીને બુરાઈના દરવાજા બંધ કરી દે છે. ફર્માવ્યું કે, બેકારની વાતો ગુમરાહીની દલીલ છે, અને ગાફિલ ન થવું એ હકીકતમાં વફાની નિશાની છે. ફર્માવ્યું કે **નેક અમલો વગર જન્નતની તલબ અને સુન્નતની પયરવી વિના શફાઅતની ઉમ્મીદ અને નાફર્માની બાદ રહમતની તમન્ના મૂર્ખાઈ છે.** અને હકીકતોને વિશ્વસનીય ધારીને પેચીદા મસાઈલ વર્ણન કરવા અને મખ્લૂકથી ઉમ્મીદ સંબંધિત ન કરવી ખાલિસ (નર્યુ) તસવ્વુફ છે. જેથી મખ્લૂકથી આશા છોડીને ખુદાથી તલબ કરવું જોઈએ. ફર્માવ્યું કે બુરાઈની ઉપેક્ષા કરીને કોઈની બુરાઈ કે ભલાઈ ન કરો. ફર્માવ્યું કે **દુનિયાની મહોબ્બતથી અલિપ્ત રહેનારો હુબ્બે ઈલાહી (ખુદાની મહોબ્બત)થી લિજ્જત હાંસલ કરે છે.** પરંતું આ મહોબ્બત પણ એના કરમથી નસીબ થાય છે. ફર્માવ્યું કે આરિફો ખુદ સરાપા દૌલત છે, તેમને કોઈ દોલતની હાજત નથી.

આપ એકવાર ઘણી ખુશદિલીની સાથે કોઈ ચીજ ખાય રહ્યા હતા, તો લોકોએ પૂછયું કે એવી તો કઈ ચીજ છે જેને આપ આટલી ખુશીભેર ખાય રહ્યા છો ? ફર્માવ્યું કે, મારી ખુશીનું કારણ એ છે કે હું ખુદા તઆલાનો મહેમાન છું અને જે તે અતા કરે છે તે ખાય લઉં છું. અને મોટાભાગે **આપ આપના નફસને ફર્માવ્યા કરતા હતા કે મને છોડી દે કે જેથી તને પણ છૂટકારો મળી જાય.** ફર્માવ્યું કે **ખુદા પર તવક્કુલ કરનારો મખ્લૂકના નુકસાનથી મેહફૂઝ રહે છે.** ફર્માવ્યું કે, **એ ચીજથી ડરતા રહો કે ખુદાની નજરો તમારા પર છે.**

હઝરત સરી સકતી رحمۃ اللہ علیہથી રિવાયત છે કે

www.barkatekhwaja.net

આપે મને એ હિદાયત ફર્માવી કે જ્યારે તમારે કાંઈ તલબ કરવાનુ થયા કરે તો એ રીતે તલબ કર્યા કરો કે, **"હે ખુદા ! બહક્કે મઅરૂફ કર્ખી મને ફલાણી ચીજ અતા કરી દે." તો યક઼ીનન ! તે ચીજ તમને મળી જશે.** પછી સર્રી સકતીએ ફર્માવ્યું કે મરવાની ઘડીએ આપે મને એ વસિયત કરી હતી કે મને તદ્દન કપડા વિના દફન કરજો કેમ કે હું દુનિયામાં પણ કપડાં વિના જ આવ્યો હતો. ત્યાર બાદ આપ ઈન્તેક઼ાલ કરી ગયા અને આપનો મઝાર મુબારક આજ સુધી લોકોની આસ્થાનું કેન્દ્ર બનેલ છે અને લોકોની સર્વ મુરાદો પૂરી થાય છે.

**જનાઝાનો બનાવ :** મૃત્યુ બાદ દરેક મઝહબ (ધર્મ)ના લોકો પોત પોતાના મસ્લક (માન્યતા) પ્રમાણે આપની મૈયત ઉઠાવવા માટે તૈયાર થયા હતા. આ જોઈને આપના એક ખાદિમે બતાવ્યું કે આપની એ વસિયત હતી કે જે મઝહબના લોકો જમીનથી મારો જનાઝો ઉઠાવી લે તેઓ જ દફન પણ કરે. જેથી મુસલમાનો સિવાય કોઈનાથી પણ આપનો જનાઝો ન ઉઠી શક્યો અને ઈસ્લામી અહકામ પ્રમાણે આપનુ કફન દફન થયું.

એકવાર આપ બજારથી પસાર થયા તો જોયું કે એક પખાલી (પાણી વેચનાર) એવું કહી રહ્યો છે કે, હે અલ્લાહ ! જે મારું પાણી પી લે તેની મગફેરત ફર્માવી દે ! જેથી નફલી રોઝો હોવા છતાં આપે પાણી પી લીધું. અને જ્યારે લોકોએ કહ્યું કે આપનો તો રોઝો હતો ?! તો ફર્માવ્યું કે મેં તો પખાલીની દુઆ પર પાણી પી લીધું. પછી ઈન્તેકાલ બાદ કોઈએ ખ્વાબમાં જોઈને પૂછયું કે અલ્લાહ તઆલાએ આપની સાથે કેવો વર્તાવ કર્યો ? ફર્માવ્યું કે પખાલીની દુઆથી મગફેરત કરી આપી.

હઝરત મુહમ્મદ હુસૈને ખ્વાબમાં જોયા અને પૂછયું કે અલ્લાહ તઆલાએ શું મામલો કર્યો ? ફર્માવ્યું કે મારી મગફિરત કરી આપી. પછી તેમણે સવાલ કર્યો કે, ઈબાદત તથા ઝુહદના કારણે મગફિરત થઈ ? તો ફર્માવ્યું, નહીં ! મેં ઈબ્ને સમાકની એ નસીહત પર અમલ કર્યો હતો કે જે દુનિયાથી કટ થઈને રબની તરફ રુજૂઅ થઈ જાય છે તો અલ્લાહ તઆલા પણ એના પ્રતિ રુજૂઅ થાય છે.

હઝરત સર્રી સકતીથી રિવાયત છે કે મેં આપને ખ્વાબમાં તહતુલ અર્શ એ રીતે જોયા કે આપ પર બહોશી છવાયેલી છે અને પૂછવામાં આવી રહ્યું છે કે આ કોણ છે ? આ સવાલ પર ફરિશ્તા કહી રહ્યા છે કે તું અમારા કરતાં વધુ જાણે છે. પછી અવાજ આવ્યો કે આ મઅરુફ કર્ખી છે જેને અમારી મહબૂબિયતે બેખુદ કરી આપેલો છે અને હવે અમારા દીદાર વગર તેને હોશ નથી આવી શકતો.

પેજ નં.૩૪ નું ચાલુ.. બીમારીમાં સપડાયેલા છે ? હઝરત સઅદે કહ્યું કે એ તો મારા પડોશી છે, એમના બારામાં કોઈ ખબર નથી કે એમને કોઈ બીમારી થઈ છે. તો હઝરત ષાબિતે કહ્યું કે જ્યારથી આ આયતે કરીમાં નાઝિલ થઈ છે ત્યારથી હું રોકાય ગયો છું, કેમ કે તમોને ખબર છે કે નબીએ કરીમ ﷺની બારગાહે અકદસમાં સૌથી વધારે કોણ ઊંચા અવાજમાં વાતો કરે છે, એટલા માટે હું ઘરમાં રોકાય ગયો કે ક્યાંક હું જહન્નમી ન બની જાઉં. હઝરત સઅદે નબીએ કરીમ ﷺને એમના વિશે ખબર આપી તો હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું કે ષાબિત જન્નતીઓમાંથી છે.

*(સહીહ મુસ્લિમ, ૧/૭૫)*

રજૂ કરેલ હદીષમાં થોડુક વિચારો કે એક દિવસ પણ જો કોઈ સહાબી રોજનીશી મુજબ હુઝૂર ﷺની બારગાહથી દૂર રહે તો તરત જ ખબર, અંતર પૂછતા. આનાથી જાણવા મળ્યું કે વડીલોએ નાનાઓની ખબરગીરી કરવી જોઈએ.

*(માહનામા અશરફિયા–મુબારકપુર, જાન્યુ. ૨૦૧૫)*



www.barkatekhwaja.net

# ઈસ્લામી અખ્લાક઼ તથા આદાબ

લેખક : સદરુશ્શરીઅહ હઝરત અલ્લામા અમજદઅલી આઝમી رحمۃ اللہ علیہ

કાર્યાલય ✦✦✦✦✦✦✦✦ હપ્તો : ૧૩

''બહારે શરીઅત'' (લેખક : હઝરત સદરુશ્શરીઅહ رحمۃ اللہ علیہ)ના કુલ ૨૦ ભાગ છે. ગુજરાતીમાં કેવળ ૧૦ ભાગો છપાયેલા છે જે અમારે ત્યાં મળે છે. **''ઈસ્લામી અખ્લાક઼ો આદાબ''** એ ''બહારે શરીઅત''નો ૧૬મો ભાગ છે જે ખૂબ જ ઉમદા હદીષો તથા મસાઈલ ધરાવે છે. **મૌલાના મુહમ્મદ નઈમ અમજદી (બાકરોલ)** સાહબે એનો લગભગ ૧/૨ ભાગ ગુજરાતી કરીને આપેલ હતો જેને અત્યારે પ્રકાશિત કરવાનું નસીબ થયું છે. ઈન્શાઅલ્લાહ ! પૂરો ૧૬મો ભાગ અનુવાદ કરીને પ્રસિધ્ધ કરીશું જે ઈસ્લામી જિંદગી જીવવા ચાહનાર માટે દીવાદાંડી સમાન છે જે ઈન્સાનને બાઅખ્લાક઼ તથા સભ્ય ઈન્સાન બનાવવા મદદરૂપ થશે. *–તંત્રી*

**હદીષ–૨** : દારમીએ અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જેણે કોઈ સ્ત્રીને જોઈ અને તે પસંદ આવી ગઈ તો પોતાની પત્નીની પાસે જતો રહે કે તેની પાસે પણ તે જ વસ્તુ છે જે એની પાસે છે.

**હદીષ–૩** : સહીહ મુસ્લિમમાં જરીર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہથી રિવાયત છે કે મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمથી અચાનક નજર પડવાના સંબંધે પૂછયું, હુઝૂરે હુકમ આપ્યો પોતાની નજરોને ફેરવી લો.

**હદીષ–૪** : ઈમામ અહમદ વ અબૂ દાઊદે વ તિર્મિઝી વ દારમીએ બુરૈદા رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ હઝરત અલી رضی اللہ عنہથી ફર્માવ્યું કે એક નજર પછી બીજી નજર ન કરો (એટલે જો અચાનક કોઈ ઈરાદા વગર સ્ત્રી પર નજર પડી જાય તો તરત જ નજર હટાવી લો અને બીજી વખત નજર ન કરો) કે પહેલી નજર જાઈઝ છે અને બીજી જાઈઝ નથી.

**હદીષ–૫** : તિર્મિઝીએ અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمથી ફર્માવ્યું, કે **સ્ત્રી 'ઔરત' છે એટલે કે છુપાવવાની વસ્તુ છે, જ્યારે તેણી નીકળે છે તો શૈતાન તેણીને ઝાંકીને જુએ છે એટલે કે તેને જોવું શૈતાની કામ છે.**

**હદીષ–૬** : ઈમામ અહમદે અબૂ ઉમામા رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જે મુસલમાન કોઈ ઔરતની ખૂબીઓની તરફ પહેલી વખત નજર કરે એટલે કે વગર ઈરાદે પછી પોતાની આંખ બંધ કરી દે તો અલ્લાહ તઆલા તેની માટે ઈબાદત પેદા કરી દેશે જેની મજા તેને મળશે.

**હદીષ–૭** : બયહક઼ીએ હસન બસરી رضی اللہ عنہથી રિવાયત કરી છે કે કહે છે કે મને ખબર મળી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, કે જોવાવાળા પર અને તેની પર જેની બાજુ નજર કરવામાં આવી અલ્લાહની લઅનત, એટલે જોવાવાળો જ્યારે વિના ઉઝર જાણી જોઈને જુએ અને બીજો પોતાને કોઈ ઉઝર વિના ઈરાદાપૂર્વક બતાવે.

**હદીષ–૮** : ઈબ્ને માજાએ આઈશા رضی اللہ عنہاથી રિવાયત કરી છે કે કહે છે કે મેં હુઝૂર صلی اللہ علیہ وسلمની શરમગાહ તરફ ક્યારેય નજર નથી કરી.

**હદીષ–૯** : તિર્મિઝી વ અબૂ દાઊદ વ ઈબ્ને માજા

બરિવાયતે બહઝ બિન હકીમ અન અબી અન જદિહીથી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, પોતાની ઔરત એટલે કે સતર (છુપાવાની)ની જગાને હિફાઝતથી રાખો પરંતું પત્નીથી અથવા તે બાંદીથી જેના તમે માલિક છો. મેં અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ ! ﷺ કે જો મર્દ એકાંતમાં હોય ? ઈર્શાદ ફર્માવ્યું, અલ્લાહથી શરમ કરવું વધારે શોભાને પાત્ર છે.

**હદીષ-૧૦ :** તિર્મિઝીએ હઝરત ઉમર رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **જ્યારે પુરૂષ સ્ત્રીની સાથે એકાંતમાં હોય છે તો ત્રીજો શૈતાન હોય છે.**

**હદીષ-૧૧ :** તિર્મિઝીએ જાબિર رضی اللہ عنہથી રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **જે સ્ત્રીના પતિ ગાયબ (ગેરહાજર) હોય તેમની પાસે ન જાવ કે શૈતાન તમારામાં લોહીની જેમ વહે છે. એટલે કે શૈતાનને ભટકાવવામાં મોડુ નથી થતું.** અમે અર્ઝ કરી ! અને હુઝૂર ﷺથી યા રસૂલલ્લાહ ! ﷺ ફર્માવ્યું, મારાથી પણ, પરંતું અલ્લાહે મારી તેના સામે મદદ ફર્માવી, તે મુસલમાન થઈ ગયો અથવા હું સલામત રહું છું. હદીષના શબ્દોમાં બંનેવ અર્થો થઈ શકે છે.

**હદીષ-૧૨ :** સહીહ બુખારી વ મુસ્લિમમાં ઉકબા બિન આમિર رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, સ્ત્રીઓ પાસે જવાથી બચો. એક શખ્સે અર્ઝ કરી કે **યા રસૂલલ્લાહ ! દેવર (દિયર)ના સંબંધે શો હુકમ છે ? ફર્માવ્યું, કે દેવર મૌત છે ! એટલે દેવરની સામે હોવું એટલે કે મૌતની સામે હોવું કે અહીંયા ફિત્નાનો વધારે ભય છે.**

**હદીષ-૧૩ :** તિર્મિઝીએ ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, નગ્ન થવાથી બચો કારણ કે તમારી સાથે તે ફરિશ્તાઓ હોય છે જે જુદા નથી થતા, પરંતું પાખાનાના સમયે અને તે સમયે જયારે પુરુષ પોતાની પત્નીની પાસે જાય છે. માટે તેનાથી શરમ કરો અને તેમની ઈજ્જત કરો.

**હદીષ-૧૪ :** તિર્મિઝી વ અબૂ દાઊદે જરહદ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, કે શું તમને ખબર નથી કે જાંગ ઔરત છે એટલે કે છુપાવવાની વસ્તુ છે.

**હદીષ-૧૫ :** અબૂ દાઊદ વ ઈબ્ને માજાએ હઝરત અલી رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, કે હે અલી ! જાંગને ન ખોલો અને ન જીવંતની જાંગ તરફ નજર કરો, ન મૃત્યુ પામેલાની.

**હદીષ-૧૬ :** સહીહ મુસ્લિમમાં અબૂ સઈદ رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **એક પુરુષ બીજા પુરુષની સતર (છુપાવવાની જગા) ન જુએ અને ન એક સ્ત્રી બીજી સ્ત્રીની સતરની જગાને જુએ અને ન એક પુરુષ બીજા પુરુષની સાથે એક કપડામાં નગ્ન સૂઈ જાય અને એક સ્ત્રી બીજી સ્ત્રીની સાથે એક કપડામાં નગ્ન સૂએ.**

**હદીષ-૧૭ :** ઈમામ અહમદ વ તિર્મિઝીએ હઝરતે ઉમ્મે સલમા رضی اللہ عنہاથી રિવાયત છે કે હું અને હઝરતે મૈમૂના رضی اللہ عنہا હુઝૂરની ખિદમતમાં હાજર હતાં કે અબ્દુલ્લાહ બિન ઉમ્મે મકતૂમ رضی اللہ عنہ આવ્યા. હુઝૂરે અમને બંનેવથી ફર્માવ્યું, પર્દો કરી લો. કહે છે કે મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! એ તો નાબીના (આંધળા) છે ! અમને નહીં જુએ. હુઝૂરે ફર્માવ્યું, શું તમે બંનેવ નાબીના છો ? શું તમે એમને નથી જોતી ?!

**હદીષ-૧૮ :** સહીહ બુખારી વ મુસ્લિમમાં અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہથી મરવી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, એવું ન થાય કે એક

www.barkatekhwaja.net

સ્ત્રી બીજી સ્ત્રી સાથે રહે પછી પોતાના પુરુષની સામે તેણીની હાલત બયાન કરે જાણે તે તેણીને જોઈ રહ્યો છે.

**હદીષ–૧૯** : સહીહ મુસ્લિમમાં જાબિર رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ખબરદાર ! કોઈ મર્દ પરણીત સ્ત્રીને ત્યાં રાત ન રોકાય પરંતું તે પરિસ્થિતિમાં કે તેની સાથે નિકાહ કરનાર હોય અથવા ઝી મહરમ (એટલે જેનાથી નિકાહ હરામ હોય) હોય.

**હદીષ–૨૦** : સહીહ મુસ્લિમમાં અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી કે એક શખ્સે નબીએ કરીમ ﷺની ખિદમતમાં અર્ઝ કરી કે અન્સારી સ્ત્રીથી નિકાહ કરવાનો મારો ઈરાદો છે. હુઝૂરે ફર્માવ્યું, તેને જોઈ લો કારણ કે અન્સારની આંખોમાં કંઈક છે એટલે કે તેમની આંખો થોડી ભૂરી હોય છે.

**હદીષ–૨૧** : ઈમામ અહમદ વ તિર્મિઝી વ નિસાઈ વ ઈબ્ને માજા તથા દારમીએ મુગયરહ્ બિન શોઅબા رضی اللہ عنہથી રિવાયત કરી. કહે છે કે મેં એક સ્ત્રીને નિકાહનો સંદેશો મોકલ્યો. રસૂલુલ્લાહ ﷺએ મને ફર્માવ્યું કે તમે એને જોઈ લીધી છે ? અર્ઝ કરી, ના ! ફર્માવ્યું, તેને જોઈ લો એટલા માટે કે તમારા બંનેવ વચ્ચે મેળાપ થવાનુ પાસુ ગાલિબ છે.

## ફિક્હી મસાઈલ

આ વિભાગના મસાઈલ ચાર જાતના છે : (૧) પુરુષોએ પુરુષને જોવું (૨) સ્ત્રીઓએ સ્ત્રીઓને જોવું (૩) સ્ત્રીનું પુરુષને જોવું (૪) પુરુષે સ્ત્રીનું જોવું.

**(૧)** પુરુષ પુરુષના શરીરનાં દરેક ભાગની તરફ જોઈ શકે છે, પરંતું તે અંગો જેનું છુપાવવું જરૂરી છે તેની તરફ નજર ન કરે. તે નાફ (ડૂંટી)ની નીચેથી ઘૂંટણના નીચે સુધી કે આ શરીરના ભાગને છુપાવવું ફર્ઝ છે. જે અંગોને છુપાવવું જરૂરી છે તેને "ઔરત" કહે છે. કોઈને ઘૂંટણ ખોલાયેલ જુએ તો તેને મના કરે અને જાંગ ખોલેલી જુએ તો સખ્તીથી મના કરે અને શરમગાહ ખુલેલી હોય તો તેને સજા આપવામાં આવશે. *(આમલગીરી)*

**મસ્અલા–૧** : નાના બાળકો માટે ઔરત નથી એટલે કે તેના શરીરના કોઈપણ અંગને છુપાવવું ફર્ઝ નથી. પછી જ્યારે થોડો મોટો થઈ જાય તો તેની આગળની જગા છુપાવવી જરૂરી છે. પછી જ્યારે થોડો મોટો થઈ જાય એટલે કે દસ વર્ષથી વધારે થઈ જાય તો તેના માટે બાલિગનો હુકમ છે. *(રદ્દુલ મુખ્તાર)*

**મસ્અલા–૨** : જે શરીરના ભાગની તરફ નજર કરી શકે છે તેને સ્પર્શ કરી શકે છે. *(હિદાયા)*

**મસ્અલા–૩** : છોકરો જ્યારે મુરાહિક (બાલિગ થવાની નજીક) થઈ જાય અને તે ખૂબસૂરત ન હોય તો નજરના બારામાં એનો તે જ હુકમ છે જે મર્દનો છે. અને ખૂબસૂરત હોય તો સ્ત્રીનો જે હુકમ છે તે એના માટે છે. એટલે કે શેહવત (વાસના)ની સાથે તેની તરફ નજર કરવી હરામ છે. અને શેહવત ન હોય તો તેની તરફ પણ નજર કરી શકે છે અને તેની સાથે એકાંત પણ જાઈઝ છે. શેહવત ન હોય તેનો મતલબ એ છે કે તેને યક઼ીન હોય કે નજર કરવાથી શેહવત થશે નહીં અને તેનો અણસાર પણ હોય તો ક્યારેય નજર ન કરે. ચુંબનની ખ્વાહિશ પૈદા થવું પણ શેહવતની હદમાં દાખલ છે. *(રદ્દુલ મુખ્તાર)*

**મસ્અલા–૪** : સ્ત્રીએ સ્ત્રીને જોવું તેનો પણ એ જ હુકમ છે જે પુરુષનું પુરુષની તરફ નજર કરવાનો હુકમ છે. એટલે નાફની (ડૂંટી) નીચેથી ઘૂંટણ સુધી જોઈ નથી શકતી, બાકી અંગોની તરફ નજર કરી શકે છે તે શરતની સાથે કે શેહવતનો અંદેશો ન હોય. *(હિદાયા)*

**મસ્અલા–૫** : નેક ઔરત માટે જરૂરી છે કે પોતાને ખરાબ ઔરતને જોવાથી બચાવે એટલે કે તેના સામે ઓઢણી ઉતારે નહીં વગેરે. કેમ કે તેને જોઈને

www.barkatekhwaja.net

પુરુષોની સામે તેણીનું વર્ણન કરશે. મુસલમાન ઔરતને એ હલાલ નથી કે કાફિર સામે પોતાનું સતર ખોલે. (આલમગીરી) ઘરોમાં કાફિર સ્ત્રીઓ આવે છે અને બીવીઓ તેમની સામે એ જ રીતે સતરની જગાને ખોલેલી હોય છે જે રીતે મુસલમાન સ્ત્રીની સામે રાખે છે, તેમણે એનાથી બચવું જરૂરી છે. ઘણી જગાએ દાઈઓ (સગર્ભા સ્ત્રીની સુવાવડ કરનારી) કાફિરા સ્ત્રીઓ હોય છે અને તે બાળક જન્માવવાની ખિદમત અંજામ આવે છે, જો મુસલમાન દાઈયો મળે તો કાફિરાથી ક્યારેય આ કામ ન કરાવે કે કાફિરાની સામે આ અંગોને ખોલવાની ઈજાઝત નથી.

**મસ્અલા–૬** : ઔરતનો પુરૂષ અજનબીની તરફ નજર કરવાનો એ જ હુકમ છે જે હુકમ પુરૂષનો બીજા પુરૂષના સામે નજર કરવાનો છે. અને આ તે સમયે છે કે સ્ત્રીને યકીનની સાથે માલૂમ હોય કે તેની તરફ નજર કરવાથી શેહવત પેદા નહીં થાય અને તેની શંકા પણ હોય તો ક્યારેય નજર ન કરે. *(આલમગીરી)*

**મસ્અલા–૭** : ઔરત અજનબી મર્દના શરીરને ક્યારેય સ્પર્શ ન કરે જ્યારે કે બંનેવમાંથી કોઈ પણ યુવાન હોય. તેને શેહવત (વાસના) થઈ શકે છે. ભલે એ વાતનું બંનેવને ઈત્મિનાન હોય કે વાસના નહીં પેદા થાય. *(આલમગીરી)* **કેટલીક યુવાન સ્ત્રીઓ પોતાના પીરોના હાથ પગ દબાવે છે અને કેટલાક પીરો મુરીદાથી હાથ પગ દબાવડાવે છે અને તેમાં વધારે પડતા બંનેવ અથવા એક શેહવતની હદ સુધીમાં હોય છે. આવુ કરવું નાજાઈઝ છે અને બંનેવ ગુનેહગાર છે.**

**મસ્અલા–૮** : પુરુષે સ્ત્રીને જોવાના ઘણા પ્રકારો છે : (૧) મર્દનું પોતાની ઔરતને અથવા બાંદીને જોવું. (૨) મર્દનું પોતાના મેહરમોની તરફ નજર કરવી. (૩) મર્દનું આઝાદ અજનબિયાને જોવું. (૪) મર્દનું બીજાની બાંદીને જોવું.

પહેલા પ્રકારનો હુકમ એ છે કે ઔરતની એડીથી ચોટી સુધી દરેક અંગ તરફ નજર કરી શકે છે. શેહવત અને વગર શેહવતે બંનેવ પરિસ્થિતિમાં જોઈ શકે છે આ જ રીતે આ બંનેવ જાતની ઔરતો તે મર્દના દરેક અંગને જોઈ શકે છે. હા ! સારું એ છે કે ખાસ જગાની તરફ નજર ન કરે કારણ કે તેનાથી નિસ્યાન (વિસ્મૃતિ એટલે ભૂલી જવાની ટેવ) પેદા થાય છે અને નજરમાં પણ કમજોરી પેદા થાય છે. આ મસ્અલામાં બાંદીનો મતલબ જેનાથી વતી (સંભોગ) જાઈઝ છે. *(આલમગીરી, દુર્રે મુખ્તાર, રદુલ મુહતાર)*

**મસ્અલા–૯** : જે બાંદીથી વતી (સંભોગ) ન કરી શકતા હોય દા.ત. મુશ્રિકા છે અથવા મુકાતબા યા મુશતરકા (આ બંનેવ બાંદીના પ્રકારો છે) અથવા રઝાઅત અથવા મુસાહેરતના કારણે તેનાથી સંભોગ હરામ હોય તે અજનબીના હુકમમાં છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા–૧૦** : પત્ની અને તે બાંદીના દરેક અંગને સ્પર્શ કરી શકે છે, અહીં સુધી કે દરેક એક બીજાની શરમગાહને પણ સ્પર્શી શકે છે. *(આલમગીરી)*

**મસ્અલા–૧૧** : જિમાઅ (સંભોગ)ના સમયે બંનેવ બિલકુલ નગ્ન પણ થઈ શકે છે જ્યારે કે તે મકાન ખૂબ નાનું દસ અથવા પાંચ હાથનું હોય. *(આલમગીરી)*

**મસ્અલા–૧૨** : મિયાં બીવી જ્યારે પાથરણા પર હોય પરંતું જિમાઅ (સંભોગ)માં વ્યસ્ત ન હોય આવી હાલતમાં તેમના મહારિમથી (જેનાથી નિકાહ હરામ) પરવાનગી લઈને આવી શકે છે, પરવાનગી વગર નથી આવી શકતા. આ જ રીતે ખાદિમ એટલે ગુલામ અને બાંદી પણ આવી શકે છે. *(આલમગીરી)*

• • •

મસ્અલો-૫

# ખુદાની બારગાહમાં રસૂલુલ્લાહ ﷺ

## તથા મો'મિનોની ઇજ્જત કુર્આન હદીષની રોશનીમાં

હપ્તો ૦૨

અઝ : મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી બરકાતી
*(સદર : દારુલ ઈફતા જામિઆ અશરફિયા-મુબારકપુર)*
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

**૦૪.** હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ ફર્માવે છે કે અલ્લાહ તઆલાના રસૂલ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : ❒ હું કયામતના દિવસે સર્વ આદમની ઔલાદનો સરદાર છું અને આ હું ફખ્રથી નથી કહેતો. ❒ મારા હાથમાં લિવાઉલ હમ્દ હશે, અને એ પણ હું કોઈ ફખ્રથી નથી કહેતો. ❒ અને એ દિવસે સર્વ નબીઓ હઝરત આદમ તથા તેમના સિવાય જેટલા છે સર્વ મારા લિવા (ઝંડા) નીચે હશે. ❒ અને હું સૌ પ્રથમ કબ્રથી બહાર આવીશ, એ પણ કોઈ ફખ્રથી નથી કહેતો. આ હદીષ હસન છે. *(સહીહ મુસ્લિમ, ૨/૨૪૫, કિતાબુલ ફઝાઈલ, ..... મજલિસે બરકાત, સુનને અબૂ દાઊદ, પેજ-૫૧૦, કિતાબુસ્સુન્નહ... બૈરૂત)*

**૦૫.** હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યા કે, હું કયામતના દિવસે સર્વ લોકોનો સરદાર છું અને કાંઈ ફખ્ર નથી. અને હું સૌ પ્રથમ જન્નતમાં દાખલ થઈશ, અને કોઈ ફખ્ર નથી. *(સુનને દારમી, ૧/૧૯૮, ૧૯૯, હદીષ-૫૩, તથા શોઅબુલ ઈમાન લિલ્ બયહકી, ૨/૧૮૧, તથા દલાઈલુન્નબુવ્વત લિલ્ બયહકી, ૫/૪૭૯, ........ દારુલ કુતુબિલ ઈલ્મિયા, તથા દલાઈલુન્નબુવ્વત લિ અબી નુઐમ, પેજ-૬૪, અલફસ્બુર્રાબિઅ)*

**૦૬.** હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ બતાવ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : ❒ હું દુનિયા તથા આખેરતમાં સર્વ આદમની ઓલાદનો સરદાર છું અને કોઈ ફખ્ર નથી. ❒ અને સૌથી પહેલાં હું અને મારી ઉમ્મત કબ્રોએથી નીકળશે, અને કોઈ ફખ્ર નથી. ❒ અને કયામતના દિવસે મારા જ હાથમાં લિવાઉલ હમ્દ હશે અને સર્વ નબીઓ એની નીચે હશે એ પણ હું કોઈ ફખ્રથી નથી કહેતો. ❒ અને મારા જ અખત્યારમાં જન્નતની ચાવીઓ હશે અને કોઈ ફખ્ર નથી. ❒ અને મારા થકી જ શફાઅતની શરૂઆત થશે અને કોઈ ફખ્ર નથી. ❒ અને હું સર્વ મખ્લૂકથી પહેલાં જન્નતમાં પ્રવેશ કરીશ અને કાંઈ ફખ્ર નથી. ❒ અને હું એ સૌની આગળ હોઈશ અને મારી ઉમ્મત મારી પાછળ હશે.

આ હદીષો શાહિદ (સાક્ષી) છે કે હુઝૂર સૈયદે આલમ ﷺ અલ્લાહ તઆલાની બારગાહમાં સર્વ કાઈનાતમાં સૌથી અધિક ઈજ્જત તથા પ્રતિષ્ઠાવાળા છે.

આપ દુનિયા તથા આખેરતમાં આદમની પૂરી ઔલાદના સરદાર છે. જાહેર છે કે ખુદાએ કુદુસની બારગાહથી એ સરદારી એને મળશે જે તેની બારગાહમાં સૌથી અધિક ઈજ્જતવાન હોય.

કયામતના દિવસે સરકાર ﷺના દસ્તે અક્દસમાં જ 'લિવાઉલ હમ્દ' હશે જેની નીચે સર્વ અંબિયાએ કિરામ હશે. એનાથી સર્વ અંબિયા પર આપની ઈજ્જત (પ્રતિષ્ઠા) જાહેર છે અને એનાથી સર્વ મખ્લૂક પર પણ આપની પ્રતિષ્ઠા જાહેર થઈ જાય છે. (સર્વ મખ્લૂકમાં આપ શ્રેષ્ઠ ઈજ્જતવાળા છે)

બાકીની ખાસિયતો તથા ફઝાઈલ પણ આ જ બાબતની સાક્ષી આપે છે. વિચારવાની વાત છે કે શું

www.barkatekhwaja.net

અલ્લાહ તઆલા એને દુનિયા તથા આખેરતનો સરદાર બનાવશે જે મઆઝલ્લાહ ! તેની બારગાહમાં ચમારથી પણ અધિક ઝલીલ (નીચ, બેઈજ્જત) હોય ?!

શું અલ્લાહ તઆલા એવાના જ હાથમાં 'લિવાઉલ હમ્દ' આપશે ? શું એવાના જ હાથમાં જન્નતની ચાવીઓ અર્પણ કરશે ? શું એવાના જ થકી શફાઅતની પહેલ કરશે જે અલ્લાહની પનાહ ! ચમાર (ખાલપા)થી પણ અધિક ઝલીલ (નીચ) હોય.

શું ઈમામુલ વહાબિયા (વહાબીઓના ગુરૂ) અને તેના સાથીઓનો આ અકીદો મુબારક હદીષોનો ઉઘાડો વિરોધ નથી ?! (કે દરેક મખ્લૂક મોટો હોય કે નાનો તે અલ્લાહની આગળ ચમારથી પણ અધિક ઝલીલ (નીચ) છે. *–તક્વિયતુલ ઈમાન)*

**૦૭.** હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما વર્ણવે છે કે રસૂલુલ્લાહ ﷺના કેટલાક સહાબાએ કિરામ દરે અક્દસ (દરવાજા) પર બેસીને આપની રાહ જોઈ રહ્યા હતા. રાવીનું બયાન છે કે હુઝૂર ﷺ બહાર નીકળ્યા અને જ્યારે એમની નજીક થયા તો તેમની વાતચીત સાંભળી, અને ફર્માવ્યું, "મેં તમારી વાતચીત સાંભળી અને એ બાબત પર તમારું આશ્ચર્ય કરવું પણ સાંભળ્યું કે હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ છે, અને ખરેખર એ એવા જ છે. અને મૂસા નજીયુલ્લાહ છે, અને તે એવા જ છે. અને હઝરત ઈસા રૂહુલ્લાહ છે અને કલિમતુલ્લાહ છે, અને તે એવા જ છે. અને આદમ સફીયુલ્લાહ છે અને ખરેખર તે એવા જ છે.

સાંભળી લો ! અને હું હબીબુલ્લાહ છું અને કાંઈ ફખ્ર નથી અને **હું સર્વ આગલા તથા પાછલાઓમાં સૌથી અધિક ઈજ્જતવાળો છું** અને કોઈ ફખ્ર નથી. આ હદીષ ગરીબ છે.

હબીબુલ્લાહનો મકામ ખલીલ તથા નજી તથા કલીમ તથા સફી સૌથી ઊંચો હોય છે, જેથી સૌથી અધિક ઈજ્જતવાળા હુઝૂર ﷺ થયા અને આખરી વાક્યમાં તો એનું એલાન છે. *(જામેઅ તિર્મિઝી, ૨/૨૦૨, મજલિસે બરકાત તથા સુનને દારમી, ૧/૧૯૫, હદીષ–૪૮)*

અલ્લામા સિરાજ બિલ્કીની رحمۃ اللہ علیہની તેહકીક પ્રમાણે આ હદીષ હસન છે. *(ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે અબૂ નુઐમે અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી હસન સનદ સાથે રિવાયત કરી અને આ સનદનુ હસન હોવું એની તેહકીક સિરાજ બલ્કીનીએ પોતાના ફતાવામાં કરી છે જેમ કે એનો ઉલ્લેખ ઈબ્ને હજર મક્કી رضی اللہ عنہએ પોતાની કિતાબ અફઝલુલ કુર્રામાં કર્યો. જો કે અબૂ ઈસા رحمۃ اللہ علیہએ એમાં મતભેદ કર્યો. તજલ્લિયુલ યકીન બિઅન્નિ નબિય્યિના સૈયિદિલ મુરસલીન, પેજ–૯૩, .......રઝવી દારુલ ઈશાઅત, બ્રાઉન શરીફ)* વળી એના લખાણો સહીહ હદીષોથી સાબિત છે અને ગમે તેમ પણ વહાબીઓના ઈમામ (ઈસ્માઈલ દહેલ્વી)ના કથનની સરખામણીમાં અમને આ હદીષ પ્યારી છે.

**૦૮.** હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہ વર્ણવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે જ્યારે હઝરત આદમ علیہ السلامથી લગ્ઝિશ થઈ ગઈ તો તેમણે દુઆ કરી : "હે પરવરદિગાર ! મુહમ્મદ ﷺના હક્કના વસીલાથી મારી મગફિરત ફર્માવ." (અલ્લાહ તઆલાએ પૂછયું, તમે મુહમ્મદ (ﷺ)ને કેવી રીતે ઓળખ્યા ? તો તેમણે અર્ઝ કરી, જ્યારે તેં મને તારા દસ્તે કુદરત વડે બનાવ્યો અને મારા શરીરમાં રૂહ ફૂંકી અને મેં મારું માથુ ઉઠાવ્યું તો અર્શના પાયાઓ પર لَا اِلٰهَ اِلَّا اللّٰهُ مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ લખેલું જોયું, એનાથી મેં જાણી લીધું કે **તેં પોતાના નામની સાથે એનું જ નામ મિલાવ્યું છે જે તને સર્વ મખ્લૂકમાં સૌથી અધિક મહબૂબ તથા પ્રિય છે. અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, આદમ તેં સાચુ કહ્યું. અને જો મુહમ્મદ ન હોત તો હું તને પેદા ન કરત.** ઈમામ હાકિમ ફર્માવે છે કે આ હદીષ 'સહીહુલ

www.barkatekhwaja.net

અસ્નાદ' છે. *(મુહદ્દિષે જલીલ હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ પોતાની કિતાબ તજલ્લિયુલ યકીનમાં લખે છે કે ઈમામ હાકિમે ફર્માવ્યું, આ હદીષ સહીહુલ ઈસ્નાદ છે એટલે કે એની સનદ સહીહ છે અને આ હદીષની સહીહ ઈસ્નાદને યથાવત રાખી અલ્લામા ઈબ્ને અમીર અલ્હાજે પોતાની કિતાબ હિલ્યહમાં અને ઈમામ સુબ્કીએ પોતાની કિતાબ શિફાઉસ્સિકામમાં. હું કહું છું કે મારી નજીક આ હદીષ કમસે કમ હસનના દરજાએ જરૂર છે. તજલ્લિયુલ યકીન, પેજ–૬૮, તાબિશ અવ્વલ, વહી અવ્વલ)*

અને ઈમામ હાકિમ સાહિબે મુસ્તદરકની એક રિવાયત છે : અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, **હે આદમ ! તેં સાચુ કહ્યું, બેશક ! એઓ સર્વ મખ્લૂકમાં સૌથી અધિક મહબૂબ તથા પ્યારા છે. અને જ્યારે તેં તેના હક્કના વસીલાથી દુઆ કરી છે તો મેં તને બખ્શી આપ્યો, અને જો મુહમ્મદ ન હોત તો હું તને પૈદા ન કરત.**

મુજદ્દિદે ઈસ્લામ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ ની કિતાબે મુસ્તતાબ ''તજલ્લિયુલ કુર્આન''માં ખૂબ જ અધિક પ્રમાણમાં આ વિષયની આયતો તથા હદીષો છે જેનાથી સાબિત થાય છે કે હુઝૂર સૈયદે આલમ, તાજદારે બની આદમો આદમ ﷺ સર્વ સૃષ્ટિ (કાઈનાત)માં સૌથી અધિક ખુદા તઆલાની બારગાહમાં ઈજ્જત તથા કરામત તથા પ્રતિષ્ઠા તથા મર્તબાવાળા છે, જેથી વહાબિયતનું આ (અલ્લાહની બારગાહમાં ચમારથી પણ અધિક નીચ હોવાવાળુ) કથન જરૂરથી આ અતિ સંખ્યામાંની આયતો તથા હદીષોની વિરુદ્ધ છે. *(ક્રમશઃ)*

પેજ નં.૪૯નું ચાલુ..

**સોનેરી કથનો** : આવા આલિમે રબ્બાની જેમનું સંપૂર્ણ જીવન દીને ઈસ્લામ અને મુસલમાનોની ખિદમત માટે વકફ રહ્યું હોય તેમના રૂહાની ઈરફાની કથનો યકીનન દીવાદાંદી સમાન હશે. બરકત માટે અમુક કથન લખવામાં આવે છે. જેમને પોતાના જીવનમાં ઉતારી દુનિયા અને આખેરતની સઆદતોથી માલામાલ થઈ શકાય છે :–

(૧) જમીન ઉપર કામ, જમીનની નીચે આરામ. (૨) દરેક મુખાલફત (વિરોધ)નો જવાબ કામ છે. (૩) જિમ્મેદારીનો એહસાસ સૌથી કિમતી સરમાયો છે. (૪) સમય બર્બાદ કરવું સૌથી મોટી મેહરૂમી છે. (૫) કામના આદમી બનો ! કામ જ આદમીને ઈજ્જતદાર બનાવે છે.

**વિસાલ** : આફતાબે ઈલ્મો ફન, માહિરે ઈન્તેઝામો ઈન્સેરામ (આયોજનના નિષ્ણાત), ઈલ્મો હિકમતના મેદાનના બદરે મુનીર (પ્રકાશિત વાદળ) છેવટે પોતાના રબના ફર્માન كُلُّ نَفْسٍ ذَآئِقَةُ الْمَوْتِ ''બેશક ! દરેક જીવને મૌતની મજા ચાખવાની છે.'' *(સૂ. અંબિયા, ૨૧/૩૫)* ના પ્રમાણે ૩૧–મે ૧૯૭૬ના રોજ પોતાના માલિકે હકીકીને જઈને મળ્યા. આપની આખરી આરામગાહ અશ્રફિયા મિસ્બાહુલ ઉલૂમના અંદર અઝીઝુલ મસાજિદના ઉત્તરે અને અઝીઝી દારુલ ઈકામા (જૂની હોસ્ટેલ)ની સામે છે. દર વર્ષે આપની વિસાલની તારીખ ૧ જમાદિયુલ આખરના ઉર્સ થાય છે જેમાં અશ્રફિયાના ફારિગ થનાર તલબાને દસ્તારે ઈલ્મો ફઝલથી નવાઝવામાં આવે છે.

*યહ કિસ્સએ લતીફ અભી ના તમામ હૈ*
*જો કુછ બયાં હુવા વો આગાઝે બાબ થા*

*–(માહનામા અશ્રફિયા, ડિસેમ્બર–૨૦૨૨)*

**બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક બનો અને બનાવો !**

www.barkatekhwaja.net

ઈસ્લામના મુજદ્દિદો
વિશે વર્ણન

**પ્રથમ સદીના મુજદ્દિદ ૫**

## હઝરત અબૂ મઅબદ અબ્દુલ્લાહ ઈબ્ને કષીરદારી મક્કી رحمۃ اللہ علیہ

**(હિ.સ. ૪૫ થી ૧૨૦)**

*(કાર્યાલય)*

**નામ મુબારક** : અબ્દુલ્લાહ.

**કુન્નિયત** : અહઝારીના કથન મુજબ : અબૂ મઅ્બદ. એક રિવાયતમાં અબૂ અબ્બાદ અને એક રિવાયતમાં અબૂબક્ર પણ છે. 'ઈબ્ને કષીર મક્કી' મશહૂર છે. કુર્રાએ સબ્આમાં બીજા નંબરે છે.

**વંશવેલો** : અબ્દુલ્લાહ ઈબ્ને કષીર અદારી અલ્મક્કી ઈબ્ને ફઝાન અબૂ મઅબદ અલ્કારી મૌલા અમ્ર ઈબ્ને અલ્ક઼મા અલ્કનાની.

**જન્મ મુબારક** : આપનો જન્મ મુબારક હિ.સ. ૪૫ ઈમામ મુઆવિયહ્ رضی اللہ عنہ ના જમાનામાં મક્કામાં થયો.

**ખાનદાની હાલાત** : આપ બની દાર બિન હાની બિન હબીબ બિન નમારા બિન લખમથી છે. અદાર એ લખમ કબીલાની એક શાખા છે જેમાં તમામી દારી સહાબીયે રસૂલ છે. એટલા માટે આપને દારી કહેવામાં આવે છે.

એક અન્ય રિવાયતમાં છે કે આપની દારૈનની તરફ નિસ્બત કરતાં દારી કહેવામાં આવે છે. દારૈન સમુદ્રની એક બંદરગાહનું નામ છે જ્યાં હિંદુસ્તાનથી મુશ્ક (કસ્તૂરી) તથા ખુશ્બુ લાવવામાં આવતાં હતાં. એના કારણે એ સ્થળને "મુશ્ક દારૈન વ તિબ્બ દારૈન" કહે છે. હાલમાં એ સઉદિયા અરબિયાના માલિકીના ઈલાકા દનામના શાસન હેઠળ છે. આપ મક્કામાં ઈત્ર વેચતા હતા જેના કારણે આપને મક્કાવાસીઓ અત્તારદારીથી જાણીતા હતા. અસ્મઈથી નક઼લ થયેલ છે કે દારી એ શખ્સને કહે છે જે પોતાના ઘરે બસેલો રહે અને રોજગાર ધંધા માટે ન નીકળે. *(કિતાબુલ અક઼નાઅ્ ફિલ્ ક઼િરાઅતિસ્સબઅ, અબૂ જઅફર અહમદ બિન અબી બિન અહમદ બિન ખલફ અલ્ અન્સારી, હિ.સ. ૫૪૦, ૧/૭૭, અહયાઉત્તરાષિલ્ ઈસ્લામી)*

ઈતિહાસકારો કહે છે કે, ઈબ્ને કષીર, અમ્ર ઈબ્ને અલ્કમા અલ્કનાનીના આઝાદ કરેલા ગુલામ તથા ફારસી નસલના છે. આપ એ ફારસના વંશમાંથી છે જેમને કિસ્રાએ કશ્તીઓ (વહાણો) થકી સન્આ યમનની તરફ મોકલ્યા, પછી ત્યાંથી એમને હબ્શા જવા માટે મજબૂર કરી દેવામાં આવ્યા. *(તારીખુલ ઈસ્લામ વ દફયાતુલ મશાહીર વલ અઅ્લામિલ લહાફિઝ અલ મુઅર્રિખ શમ્સુદીન મુહમ્મદ બિન અહમદ બિન ઉષ્માન અલ ઝહબી, વફાત : હિ.સ. ૭૪૮, હવાદિષ વ દફયાત, ૧૦૧–૧૨૦ હિ., ૭/૪૦૩, ૪૦૪, દારુલ કુતુબિલ્ અરબી)*

આપ મધ્યમ દરજાના (અવસાત) તાબઈનમાંથી છે. આદતરૂપે વાળોમાં મહેંદી વાપરતા હતા. મક્કામાં જમાઅતથી કિસ્સાઓ વર્ણન કરતા અને મહાન આબિદ તથા ઝાહિદ હતા.

અને અબૂ મઅશર તિબરી (વફાત : હિ.સ. ૪૭૮)ની કિતાબમાં છે : ઈબ્ને કષીર એક જય્યદ આલિમે દીન હતા. માથા તથા દાઢીના વાળ સફેદ હતા. લાંબા ક઼દના ભરાવદાર બાધાના હતા. રંગ ઘઉંવર્ણો, લીલા રંગની આંખોવાળા હતા. દાઢીના વાળ ને મહેંદી કે ઝર્દીથી રંગતા હતા. અત્યંત સહનશીલ તથા સંયમી હતા. *(કિતાબ તબક઼ાતુલ કુર્રા, અસ્સબ્આ અમીનુદ્દીન અબૂ મુહમ્મદ અબ્દુલ વહહાબ બિન સિલાર, પેજ–૬૫, અલ્મકતબતુલ અસ્રિયહ સીદા, બૈરૂત, કિતાબુલ અકનાઅ્)*

www.barkatekhwaja.net

**ઈબ્ને કષીર મક્કી મુહદ્દિષો તથા વિવેચકોની નજરમાં** : અબી ઈબ્ને મદીની ફર્માવે છે : અબ્દુલ્લાહ ઈબ્ને કષીર દારીથી ઐયૂબ તથા ઈબ્ને જુરૈજ રિવાયત કરે છે, અબ્દુલ્લાહ ઈબ્ને કષીર ષિક઼હ છે.

મુહમ્મદ બિન સઅદે કહ્યું : એ ષિક઼હ હતા અને તેમની હદીષો સ્વીકારને પાત્ર છે.

હજ્જાજ બિન મિન્હાલે હમ્માદ બિન સલમાથી રિવાયત કરી : મેં અબૂ અમ્ર બિન અલાઅ્‌ને અબ્દુલ્લાહ ઈબ્ને કષીરની પાસે પઢતા જોયા.

ઈમામ નિસાઈ ફર્માવે છે : અબ્દુલ્લાહ ઈબ્ને કષીર ષિક઼હ છે.

સુફયાન ઈબ્ને ઓયૈનાએ કહ્યું : મેં મક્કામાં હુમૈદ બિન કૈ઼સ અને અબ્દુલ્લાહ ઈબ્ને કષીર કરતાં બેહતર કારી નથી જોયો.

જરીર ઈબ્ને હાઝિમે કહ્યું : અબ્દુલ્લાહ ઈબ્ને કષીર ફસીહ તથા ખુશ ઈલ્હાન (ઉમદાવાણી તથા સુંદર લહેજાવાળા) હતા. *(તહઝીબુલ કમાલ ફી અસ્માઈર્રિજાલ અલ ઈમામુલ હાફિઝ અબુલ હજ્જાજ જમાલુદ્દીન બિન યૂસુફ અલ્મુઝની, વફાત : હિ.સ. ૭૪૨, ૫/૫૯૮, ૫૫૯, દારુલ કુતુબિલ ઈલ્મિયા, બૈરૂત, લબનાન, તહઝીબુત્તહઝીબ, ઈબ્ને હજર અસ્કલાની, વફાત : હિ.સ. ૮૫૨, ૩/૨૩૭, દારુલ અહ્‌યાઉત્તરાષ અલ્અરબી)*

**તા'લીમો તર્બિયત** : આપે સંપૂર્ણ કુર્આને કરીમ ઈમામ મુજાહિદ બિન જબર મૌલા કૈ઼સ બિન સાઈબ, સૈયદ નાદિર બાસ મૌલા ઈબ્ને અબ્બાસ رضوان اللہ تعالیٰ علیہم اجمعین અને હઝરત અબુસ્સાઈબ (અથવા અબૂ અબ્દુર્રહમાન) અબ્દુલ્લાહ ઈબ્ને સાઈબ બિન અબી સાઈબ સૈફી મખ્ઝૂમી, નબી صلی اللہ علیہ وسلمના સહાબીથી પઢયું.

હઝરત મુજાહિદે ઈબ્ને અબ્બાસ અને ઉબય ઈબ્ને કઅબથી, અબ્દુલ્લાહ ઈબ્ને સાઈબે અમીરુલ મો'મિનીન હઝરત સૈયદના અબૂ હફ્સ ઉમર ઈબ્ને ખત્તાબ અને હઝરત ઉબય ઈબ્ને કઅબ رضوان اللہ تعالیٰ علیہم اجمعینથી. હઝરત દિરબાસે પોતાના મૌલા એટલે ઈબ્ને અબ્બાસથી, અને ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ અલી ઈબ્ને અબી તાલિબ رضی اللہ عنہથી અને તેમણે નબી કરીમ علیہ الصلوٰۃ والسلامથી ફયઝ હાંસલ કર્યો.

જાણવા મળ્યું કે ઈબ્ને કષીરની કિ઼રાઅત બે વાસ્તાઓથી હુઝૂર صلی اللہ علیہ وسلم સુધી પહોંચે છે. *(કિતાબુલ અક઼નાઅ ફિલ્ કિ઼રાઅતિસ્સબાઅ્‌, અબૂ જઅફર અહમદ બિન અબી બિન અહમદ બિન ખલફ અન્સારી, વફાત : હિ.સ. ૫૪૦, ૧/૯૨, ૯૪, અહયાઉત્તરાષિલ ઈસ્લામી)*

**દર્સ તથા તદરીસ** : મક્કામાં આપ ઈમામુલ કુર્રા હતા, મક્કાવાસીઓએ હઝરત સૈયદના ઈમામ મુજાહિદ رضی اللہ عنہના આ દારે ફાનીથી કૂચ કરી ગયા બાદ આપની કિ઼રાઅત પર ઈજમાઅ કરી લીધો હતો. અબૂ મુહમ્મદ અબ્દુલ વહ્‌હાબ બિન સલ્લાર પોતાની કિતાબ "તબકાતુલ કુર્રાઉસ્સબઆ"માં આ પ્રમાણે લખે છે :–

"ઉલમાએ કિરામની દરખાસ્ત અને વારંવારના આગ્રહ કરવાથી મસ્નદે કિરાઅતને શોભા અર્પી અને જીવનપર્યંત એના પર બિરાજમાન રહ્યા.

**શાગિર્દો** : આપના ઘણા જલીલુલ ક઼દર (મહાન) શાગિર્દ થયા જેમાં ઈમામ શાફઈ, ઈસ્માઈલ ઈબ્ને ઉમૈયા, ઈસ્માઈલ ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને કુસ્તુન્તીન, ઐયૂબ સખ્તયાની, જરીદ બિન હાઝિમ, હુસૈન બિન વાકિ઼દ મરૂઝી, હમ્માદ બિન સલમા, જમ્આ બિન સાલેહ, સુફયાન બિન ઓયૈના, શબલ બિન ઓબાદ, અબ્દુલ્લાહ ઈબ્ને ઉષ્માન ઈબ્ને ખૈષિમ, અબ્દુલ્લાહ ઈબ્ને અબી નજીહ, અબ્દુલ મલિક ઈબ્ને જરીહ, અમ્ર ઈબ્ને હબીબ મક્કી, લૈષ

www.barkatekhwaja.net

ઈબ્ને અબી સુલૈમ અને મઅરૂફ બિન મિશ્કાનના નામ નોંધપાત્ર છે.

પરંતુ મક્કાવાસીઓનો કોઈના પર ઈજમાઅ ન થયો, હા ! એમના પછી આપના શાગિર્દ બઝ્ઝી પર ઈજમાઅ થયો જે ડાયરેક્ટ આપના રાવી છે. પછી કંબલ પર ઈજમાઅ થયો. આ જ આપના બે રાવી મશહૂર છે. *(તહઝીલુ કમાલ ફી અસ્માઉર્રિજાલ, ઈમામ હાફિઝ અબૂ હજ્જાજ જમાલુદ્દીન યૂસુફ મઝ્ઝી, વફાત : હિ.સ. ૭૪૨, ૫/૫૫૮, ૫૫૯, દારુલ કુતુબિલ ઈલ્મિયા, બૈરૂત–લબનાન, વફયાતિલ અઅ્યાન, ૩/૪૧, ૪૨, નં. ૧૫૫)*

**પ્રથમ રાવી : બઝ્ઝી** : આપ અહમદ બિન મુહમ્મદ બિન કાસિમ બિન નાફેઅ બિન અબી બઝ્ઝા છે. કુન્નિયત અબુલ હસન છે. આપ બઝ્ઝીના નામથી મશહૂર છે. બઝ્ઝા એક જગાનું નામ છે અને બઝ્ઝા આપના અમુક બાપદાદાઓનું નામ છે જેની તરફ આપ સંબંધિત છે. આપ મસ્જિદે હરામના મોઅઝ્ઝિન તથા ઈમામ હતા. પોતાના શયખ ઈબ્ને કષીર પછી મક્કાના શયખુલ કુર્રા બન્યા. આપ ઈકરમા ઈબ્ને સુલૈમાન મક્કીથી, ઈકરમાએ શિબ્લથી અને શિબ્લએ અબ્દુલ્લાહ ઈબ્ને કષીરથી પઢ્યું. તેમજ ઈમામ બઝ્ઝીની રિવાયત બે વાસ્તાઓથી ઈબ્ને કષીર સુધી પહોંચે છે. જન્મ : હિ.સ. ૧૭૦ અને વફાત : હિ.સ. ૨૪૦ મક્કામાં થઈ.

**બીજા રાવી : કંબલ** : આપ મુહમ્મદ ઈબ્ને અબ્દુર્રહમાન બિન ખાલિદ બિન સઈદ બિન જરાહ મક્કી મખ્ઝૂમી છે. આ વંશવેલો ઈબ્ને મુજાહિદનો વર્ણવેલો છે. પરંતુ ઈબ્ને અબ્દુર્રઝ્ઝાક (વફાત : હિ.સ. ૩૩૯)એ ''મુહમ્મદ બિન ખાલિદ''ની જગ્યાએ ''મુખલ્લદ બિન ખાલિદ'' લખ્યું છે. આપની કુન્નિયત અબૂ અમ્ર છે. લકબ : કંબલ છે અને એ જ લકબથી મશહૂર છે. મક્કાના રહેવાસી છે. બઝ્ઝીના પછી આપ હિજાઝના શયખુલ કુર્રા હતા. આપે કુર્આને પાક અબુલ હસન અહમદ બિન મુહમ્મદ કવ્વાસથી પઢ્યું અને અહમદ બિન કવ્વાસે અબુલ અખરીત વહબ બિન વાઝેહથી અને અબુલ અખરીતે ઈસ્માઈલ બિન અબ્દુલ્લાહ કુસ્તથી અને ઈસ્માઈલ કુસ્તે શિબ્લ મઝકૂરથી અને શિબ્લએ અબ્દુલ્લાહ ઈબ્ને કષીરથી પઢ્યું. વળી કંબલની રિવાયત ચાર વાસ્તાઓથી ઈબ્ને કષીર સુધી પહોંચે છે. જન્મ : હિ.સ. ૧૯૫ અને વફાત : હિ.સ. ૨૯૧માં મક્કા મોઅઝ્ઝમામાં થઈ.

روی أحمد البزی له و محمد
علی سند وهو الملقب قنبلا

''અહમદ બઝ્ઝીએ ઈબ્ને કષીરથી રિવાયત કરી છે અને મુહમ્મદે કિરાઅતને સનદની સાથે અને એ મુહમ્મદ કંબલના લકબથી ઓળખાય છે. *(કિતાબુલ અફનાઅ, ૧/૭૯, ૮૦)*

**તજદીદની શાન તથા તજદીદનો સ્વીકાર** : દરેક સો વરસ પર ફિકો મિજાઝ (ચિંતન તથા સોચ)નું વર્તુળ કેમ કે વિશાળથી વિશાળ થવા લાગે છે અને નવા ઉદ્‌ભવ પામતા સંજોગોમાં સર્વવ્યાપી લીડરશીપ તથા માર્ગદર્શનનો ફરીઝો ઘણીવાર એક અતિ મુશ્કેલ બાબત બની જાય છે. એટલા માટે ઉલમાએ કિરામની સ્પષ્ટતાઓ પ્રમાણે ઈલ્મો ફઝ્લ, દીન તથા દયાનત, ઝોહદ તથા વરઅ, ફિક્રી (વૈચારિક) ક્ષમતા તથા કાબેલિયત અને અઝીમત તથા ઈસ્તિકામત (અડગતા) જેવી મહત્વની ખૂબીઓના એક અથવા અનેક તજદીદી કામો કરનારા તથા દીનને ઝિંદા કરનારા આલિમો અસ્તિત્વમાં આવે છે જેઓ પોતાની તજદીદી ખિદમતો થકી દીનને રોશન તથા ઉજ્જવળ કરે છે અને દુનિયાને ફયઝયાબ (લાભવંત) કરે છે. જેમ કે મુખ્બિરે સાદિક ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : અલ્લાહ તબારક વ તઆલા આ ઉમ્મતમાં સો વરસો

પૂરાં થવા પર એક એવા બંદાને મોકલશે જે દીનની તજદીદ કરશે. *(અલ્ મુસ્તદરક લિલ્હાકિમ, ૪/૫૨૨, સુનને અબી દાઊદ, કિતાબુલ મલાહિમ, ૨/૫૮૯૦)*

જો કે સન હિજરીની વ્યવસ્થા ફારૂકી ખિલાફતમાં અમલમાં આવી પણ નિગાહે નબુવ્વત પૂર્વ તથા પશ્ચિમમાં રિવાજ પામનાર વ્યવસ્થાને પહેલેથી જ જોઈ રહી હતી. સમયની તબદીલી અને પેદા થનાર નવા નવા તકાઝાઓથી સંપૂર્ણપણે બાખબર હતી, એટલા માટે એણે રબ્બે કાઈનાતના એ ખાસ ફઝ્લની પૂરી ઉમ્મતને ખુશખબરી આપી કે દરેક સદીના અંતે અથવા તેની શરૂઆતમાં કેટલીક એવી પાક હસ્તીઓ પેદા થતી રહેશે જેઓ ઈસ્લામની દા'વત અને તેની હિફાઝતના માટે છાતીને ઢાલ બનાવીને તૈયાર રહેશે, ગુમરાહીઓના તોફાન તથા ફિત્નાઓની તેજ તથા તીવ્ર આંધીઓનો મુકાબલો કરતા રહેશે, અને તેમના વજૂદથી મુસલમાનોમાં મહાન દીની તથા રૂહાની ક્રાંતિ સર્જાતી રહેશે.

એ જ પાક હસ્તીઓની સોનેરી સાંકળની એક કડી હઝરત સૈયદના ઈમામ ઈબ્ને કષીર મક્કી દારી رضی اللہ عنہ છે જેમને અહલે સુન્નતના ઉલમામાંથી મજદુદ્દીન ઈબ્ને અષીર જઝરી (વફાત : હિ.સ. ૬૦૬)ના હવાલાથી ઈમામ જલાલુદ્દીન સિયૂતી (વફાત : હિ.સ. ૯૧૧) رحمۃ اللہ علیہ એ પોતાની કિતાબ : અત્તમ્બિઅતુ બિમૈંયબ્અષુહુલ્લાહુ અલા રાસિ કુલ્લિ મિઅતિન (સો વરસો પૂરાં થતાં અલ્લાહ જેને મોકલે છે તેનાથી ખબરદાર કરનાર કિતાબ)માં પહેલી સદીના મુજદ્દિદ ઠરાવ્યા.

**વફાત** : હિ.સ. ૧૨૦માં હેશામ ઈબ્ને અબ્દુલમલિકના જમાનામાં મક્કા મોઅઝ્ઝમામાં ૭૫ વરસની વયે આપની વફાત થઈ. આપની શાનમાં કસીદએ શાતબિયામાં અલ્લામા શાતબી (વફાત : હિ.સ. ૫૯૦) ફર્માવે છે : (અર્થ) મક્કામાં અબ્દુલ્લાહનું રહેઠાણ છે અને એ ઈબ્ને કષીર છે પોતાની કૌમમાં તથા કારીઓમાં ગાલિબ અને નામવાર છે એ હાલતમાં કે બુલંદ છે. *(તહઝીબુત્તહઝીબ, અહમદ ઈબ્ને હજર અસ્કલાની, ૩/૨૩૭, દારે અહયાઉત્તરાષ અરબી, હિર્ઝુલ અમાની વ વજહુત્તહાની અલ્ મઅરૂફ હાસિમુશ્શાતિબિયહ, અબુલ કાસિમ બિન ફીરા બિન ખલફુશ્શાતબી અલ ઉન્દુલુસી, વફાત : હિ.સ. ૫૯૦)*

સારાંશ એ કે આપ એક જલીલુશ્શાન, રફીઉલ્ કદર, ઉચ્ચ કોટીના ઈમામો, કારીઓ તથા મુજદ્દિદોમાંથી હતા જેમણે ઈલ્મો ફઝ્લની શમ્અને પ્રજવલિત કરી અને પોતાના ઈલ્મ તથા ફઝ્લથી એક આલમને તૃપ્ત કર્યો અને ઈલ્મ તથા ફઝ્લ તલબ કરનારાઓ માટે પોતાના રોશન શાગિર્દો અને કિરાઅતે કુર્આનના અમૂલ્ય ઉસૂલોની યાદગાર છોડી જેનાથી ઈલ્મી જગત કયામતની સવાર સુધી ફયઝ પામતુ રહેશે.

## હેરા ઈસ્લામિયાત કુર્આન તજવીદ ટ્રેનિંગ સેન્ટર

**ભરૂચ** : ફયઝાને રઝા ઈબાદતગાહ, નેશનલ ટ્રેડ સેન્ટર ખાતે કુર્આન શરીફ સહીહ પઢવાની તા'લીમ માટે ''સુન્ની દા'વતે ઈસ્લામી' ભરૂચ શાખા તરફથી 'હેરા ઈસ્લામિયાત તજવીદ ટ્રેનિંગ સેન્ટર'ની સ્થાપ્ના કરવામાં આવી જેની ઈફતેતાહ મુહક્કિકે મસાઈલે જદીદા હઝરત અલ્લામા મુફતી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી (સદર મુફતી જામિઆ અશ્રફિયા–મુબારકપુર)ના હસ્તે તા. ૩–૧૧–૨૦૨૩ના રોજ કરવામાં આવી. જુમ્આના બયાનમાં કુર્આન સહીહ પઢવાનું મહત્વ તથા ગલત પઢવાના નુકસાનો પર તફસીલી ચર્ચા આપે કરી હતી. નમાઝ બાદ ઈફતેતાહ કરવામાં આવી, આપની ભલી દુઆઓ સાથે પ્રોગ્રામ ખત્મ થયો હતો. નવ યુવાનો વડીલો સહીહ કુર્આન શીખવા કલાસમાં જોડાય શકે છે. (**સંપર્ક કરો** : Mob. : 98247 74837, 95742 87455)

# સીરતે નબવી ﷺ અને વર્તમાન તકાઝાઓ

રજૂકર્તા : હાફિઝ ઉષ્માન સાહબ કોલવનવી
(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

આ સંસારનો દરેક માનવી એવું ચાહે છે કે પોતે એક એવો ક્રાંતિકારી માણસ બને જેથી તેનું નામ દુનિયાના પ્રતિષ્ઠિત અને મશહૂર માણસોની યાદીમાં હોય અને તે પોતાની ઈચ્છાઓને પ્રાપ્ત કરવા માટે બે વસ્તુઓને કેન્દ્રમાં રાખે છે : એક ઈલ્મ અને બીજી દૌલત. એ વિચારે છે કે આ બે વસ્તુઓમાંથી એક પ્રાપ્ત થઈ જાય તો ઉમ્મીદો અને આરઝૂઓ પૂરી થઈ જશે અને કામયાબી તથા ઊંચાઈઓ ઝુકીને સલામ કરશે. એ બંને વસ્તુઓને પ્રાપ્ત કરવા સૂર્યાસ્તથી લઈ સૂરજ આથમતા સુધી અને ક્યારેક સૂરજના આથમતાથી લઈ સૂર્યાસ્ત સુધી ન તો પોતાની જિંદગીને લગાડી દે છે બલ્કે બધા જ સગા સંબંધીઓથી મહોબ્બતનો રિશ્તો તોડીને પોતાની અલગ જિંદગી વસાવી લે છે.

### ★ ઈલ્મ તથા દૌલત હોવા છતાં જાહિલિયતનો યુગ ! ★

જો માણસ પોતાના ગુમાનના આધારે ઈલ્મ અથવા દૌલતથી ક્રાંતિકારી માણસ બનતો હોત તો યક઼ીનન ! એ યુગ સૌથી મોટો હોત તે યુગમાં સૌથી વધારે ઈલ્મ હતું અને સૌથી વધારે દૌલત પણ હતી.

માનવ ઈતિહાસનો સુર્વણ ભાગ ગવાહ છે કે લગભગ પંદરસો વર્ષ પહેલાં ઈલ્મ પણ હતું અને દૌલત પણ. જો ઈલ્મ ન હોત તો અરબના વિધ્વાનો કલામે ઈલાહી જેવું કલામ પેશ કરવાની ચેલેંજ ક઼બૂલ ન કરત અને દૌલત ન હોત તો અસ્વદ બિન મકસૂદ અબ્દુલ મુત્તલિબના ૨૦૦ ઊંટોને અબરહાની પાસે હાંકીને ન લઈ જવામાં આવતાં. હઝરત અબ્દુલ મુત્તલિબની પાસે દૌલત સખાવત ન હોત તો એમનું દસ્તરખ્વાન હમેશાં બિછાયેલુ ન હોત, માણસ તો માણસ પહાડની ચોટી પર રહેવાવાળા પણ એમના દસ્તરખ્વાનથી પેટ ભરતા હતા. ખાનદાની ખ્યાતિ અને મક઼બૂલિયતનો ઘમંડ ન હોત તો અબૂ તાલિબ એવું કહેવા મજબૂર ન થાત કે, "જો કુરેશ મને મોતની સખ્તીના કારણે ફરી જવાની શરમ ન અપાવત તો હું જરૂર આપની આંખો ઠંડી કરી આપત." (એટલે કે કલમો પઢી લેત). જાણવા મળ્યું કે ઈલ્મનો ચર્ચો પણ હતો અને દૌલતની વિપુલતા અને ખાનદાની ખ્યાતિ પણ હતી તેમ છતાંય એ જમાનો જાહિલિયતનો યુગ કહેવામાં આવ્યો.

હદીષે પાકમાં છે : "જાહિલિયતના જમાનાના લોકો તંગદસ્તી અને ફાકાકશીના ડરથી છોકરીઓને જીવતી દફનાવી દેતા હતા."

વિચારો ! એ જમાનામાં ઈલ્મ પણ હતું અને અધિક માલ પણ હતો તેમ છતાંય એ યુગને દૌરે જાહિલિયત કહેવામાં આવ્યો. એનાથી ખબર પડી કે માણસની પ્રગતિનો ભેદ ન તો ઈલ્મમાં છુપાએલો છે અને ન તો દૌલતમાં છુપાએલો છે, પણ એ કોઈ ત્રીજી વસ્તુ છે જેમાં યુગની ક્રાંતિ તથા માનવતાનું રહસ્ય છુપાયેલું છે.

### ★ નૂરે મુહમ્મદીએ આવીને જાહિલિયતના અંધકારને દૂર ★

ઈ.સ. ૫૭૧માં જ્યારે આખિરુઝ્ઝમાં ﷺ પૈદા થયા તો અલ્લાહ તઆલાએ ફર્માવ્યું : قَدْ جَآءَكُمْ مِّنَ اللّٰهِ نُوْرٌ وَّ كِتٰبٌ مُّبِيْنٌ (બેશક ! તમારી પાસે અલ્લાહ પાસેથી એક નૂર આવ્યું અને પ્રકાશિત કિતાબ. *–સૂરએ માઈદહ્, આ. ૧૫*) એટલે કે અભણતાનો યુગ ખત્મ થઈ ગયો હવે ક્રાંતિ યુગની શરૂઆત થઈ અને

આ અંધકારમય યુગ નાબૂદ કરવા પર مِّنَ اللّٰهِ نُوْرٌની મોહર લગાવી દીધી જાણે એ રબનું એલાન થઈ ગયું કે જ્યાં સુધી મારો હબીબ પૈદા ન થયો હતો અભણતાનો યુગ જરૂર હતો પણ હવે જ્યારે મારો હબીબ પેદા થયો છે તો અંધકારયુગ નૂરનો થઈ ગયો છે.

જેમ કે અંધકારમય માહોલમાં માનવતાનો સૂરજ ઉગ્યો અને એક થોડી મુદ્દતમાં જ પૂરી દુનિયા નબુવ્વતના સૂરજના ચમકતા કિરણોથી રોશન થઈ ગઈ. પરવરદિગારના મહબૂબ ﷺની અંદર કઈ ખૂબી હતી કે એ અંધકારયુગ જેને અધિક ઈલ્મ પણ ખત્મ કરી ન શક્યું, પુષ્કળ દોલત રોકી ન શકી, તેણે જેહાલતનો ખાત્મો કરી દીધો, જમાનાને ઈન્કિલાબ અને માનવતાના અર્થસભર લકબોથી ન તો શણગાર્યો બલ્કે અમલી રીતે જમાનામાં ઈન્કિલાબ પેદા કર્યો.

જે ખૂબીઓથી ઈન્કિલાબ પૈદા કર્યો તે છે રસૂલે કાએનાત عَلَيْهِ التَّحِيَّةُ وَالثَّنَاءની સીરતે તૈયબા (પાકીઝા જીવનચરિત્ર) જેના બારામાં કુર્આને મુક઼દ્દસ ઈર્શાદ ફર્માવે છે : لَقَدْ كَانَ لَكُمْ فِيْ رَسُوْلِ اللّٰهِ اُسْوَةٌ حَسَنَةٌ "બેશક ! તમારા માટે રસૂલુલ્લાહ ﷺનું અનુસરણ બેહતર છે." *(સૂરએ અહઝાબ, આ. ૨૧)*

અને ક્યાંક ફર્માવે છે : اِنَّكَ لَعَلٰى خُلُقٍ عَظِيْمٍ "બેશક ! તમારું ચારિત્ર્ય અતિ ઉચ્ચ છે."

*(સૂરએ કલમ, આ. ૪)*

નબીએ કરીમ ﷺની ૬૩ વર્ષની જિંદગીનો અભ્યાસ કરીએ તો એ જાહેર થશે કે આપ ﷺની સીરતે તૈયબાનો એક મહત્વનો ભાગ સારા અખ્લાક઼ છે જે જિંદગીનો એક મહાન ભાગ છે જેનાથી એલાને નુબુવ્વત પહેલાં જ અગણિત લોકોએ ઈસ્લામ ક઼બૂલ કર્યો.

મુસલમાનો ! જો તમે પણ એક ક્રાંતિકારી માણસ બનવા ઈચ્છતા હોવ, ચૈન તથા સુકૂનથી ઊંઘવા ઈચ્છતા હોવ, ઈજ્જત આબરૂની જિંદગી ઈચ્છતા હોવ, તો આવો ! એક દઢ નિશ્ચય કરો કે આપણે સીરતે નબવીથી પોતાને શણગારીએ અને નબીએ કૌનૈન ﷺના અખ્લાક઼ની ખુશ્બુથી પોતાના દિલો દિમાગને મહેકાવીએ અને ઉસ્વએ હસ્ના (સદાચાર) પર અમલ કરીને બંનેવ જહાનની નેઅમતોથી માલામાલ થઈએ. કેમ કે સીરતે નબવી વિના ન માનવતાની પરિપૂર્ણતા શક્ય થશે અને ન તો ઈન્કિલાબની કલ્પના પણ કરવામાં આવી શકે છે. જેથી જરૂરત છે કે, દરેક માણસ સીરતે નબવીથી પોતાને શણગારી લે.

મુસ્તફા જાને રહ્મત علیہ الصلوٰۃ والسلامના અખ્લાક઼ની અમુક ઝલકો જુઓ કે જે જિંદગીને બદલવા અને આખેરતને સંવારવાવાળી છે.

ઝુબૈર બિન નુગેર رضی اللہ عنہથી રિવાયત છે કે હું હજ્જમાં ગયો અને હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاથી મળ્યો. મેં હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاથી નબીએ કરીમ ﷺના અખ્લાક઼ના બારામાં પૂછયું તો આપે ફર્માવ્યું કે નબીએ કરીમ ﷺના અખ્લાક઼ કુર્આન છે.

ઉરવહ બિન ઝુબૈર رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે નબીએ કરીમ ﷺથી વધારે કોઈના અખ્લાક઼ બેહતર નથી હોઈ શકતા. જયારે પણ આપના કોઈ સહાબી અથવા તો ઘરનો કોઈ માણસ આપને બોલાવતો તો આપ ફર્માવતા, હું હાજર છું ! એટલા માટે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું : તમે સર્વ શ્રેષ્ઠ અખ્લાક઼ના માલિક છો. *(દલાઈલુન્નુબુવ્વહ)*

## ★ આમ લોકોથી સદ્‌વર્તન ★

ખારજા બિન ઝૈદથી રિવાયત છે કે અમુક લોકો મારા વાલિદ હઝરત ઝૈદ બિન ષાબિત (હસ્સાન બિન ષાબિતના ભાઈ) પાસે આવ્યા અને કહ્યું કે અમોને નબીએ કરીમ ﷺના અખ્લાક઼ના બારામાં બતાવો. આપે ફર્માવ્યું કે હું નબીએ કરીમ ﷺનો પડોશી હતો. જયારે પણ આપ પર વહી ઉતરતી તો આપ મને

www.barkatekhwaja.net

બોલાવતા. હું હાજર થતો અને વહી લખી લેતો. અને જ્યારે અમે આપથી દુનિયાની વાતો કરતા તો આપ પણ દુનિયાની વાતો કરતા. અને જો અમે આખિરતનું ઝિક્ર કરતા તો આપ અમોને આખિરતની વાતો બતાડવાનું શરૂ કરી દેતા, અને જો ભોજન વિશે ચર્ચા થતી તો પણ આપ અમોને સાથ આપતા. હું બધા મા'માલાઓમાં આપની હદીષ તમોને બતાવી શકુ છું. *(દલાઈલુન્નબુવ્વત, પેજ : ૧૬૧/૧૬૩)*

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે નબીએ કરીમ ﷺનો દરયાએ કરમ જોશમાં હતો ત્યારે કોઈ ગુલામ અથવા છોકરાઓ આપને ક્યાંકથી પાણી લાવવાનું કહેતા તો આપ એમના માટે પાણી લઈ આવતા અને એમનું મોઢુ અને હાથ ધોવડાવતા. કોઈ માણસ આપને સવાલ કરતો તો એને ધ્યાનથી સાંભળ તા અને જ્યાં સુધી તે માણસ પોતાની વાત પૂરી ન કરી લેતો ત્યાં સુધી આપ પોતાનું ધ્યાન ન હટાવતા. અને જો કોઈ આપનો હાથ પકડવા માગતો તો આપ વિના સંકોચે પકડાવી દેતા અને જ્યાં સુધી તે પોતે ન છોડતો આપ ન છોડતા.

સૈયદા હઝરત આઈશા رضی اللہ عنہાથી રિવાયત છે કે જ્યારે પણ બે કામ નબીએ કરીમ عَلَيْهِ التَّحِيَّةُ وَالثَّنَاءની સમક્ષ હોતાં તો આપ એમાંથી આસાન (સહેલુ) લઈ લેતા એ શર્તની સાથે કે ગુનો ન હોય. અને જો એ ગુનો હોય તો આપ બધા લોકો કરતાં વધારે એનાથી દૂર રહેતા. આપે પોતાના માટે કોઈનાથી બદલો નથી લીધો. પણ જ્યારે કોઈ શરીઅતનું ઉલ્લંઘન કરતું તો આપ અલ્લાહની રઝા માટે એનાથી બદલો લેતા.

## ★ પત્નીઓથી સદ્‌વર્તન ★

સૈયદા આઈશા رضی اللہ عنہاથી રિવાયત છે ફર્માવે છે કે નબીએ કરીમ ﷺએ પોતાની કોઈ પત્નીને નથી મારી અને અલ્લાહની રાહમાં જેહાદ સિવાય કોઈને પણ ન માર માર્યો. જો કોઈ આપ પર અત્યાચાર કરતું આપ એનાથી બદલો ન લેતા. હા ! જો કોઈ અલ્લાહ તરફથી નિશ્ચિત કરેલ શરીઅતની હદોને તોડતુ તો આપ રઝાએ ઈલાહી માટે બદલા રૂપે કાર્યવાહી જરૂર કરતા.

## ★ ખાદિમો સાથે સદ્‌વર્તન ★

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે, મેં કેટલાક વર્ષો સુધી નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامની ખિદમત કરી. આપે મને ક્યારેય પણ ન માર્યો અને ન તો ગાળો આપી અને ન તો ધમકાવ્યો અને ક્યારે પણ નારાજ ન થયા. અને જો હું ક્યારેક આપના આદેશને પૂરો કરવામાં ઢીલ કરતો તો મને ક્યારે પણ ન ધમકાવતા. જો કોઈ આપના ઘરવાળાઓમાંથી મને ધમકાવતુ તો એને ફર્માવતા કે એને છોડી દો ! જો એ કામ તકદીરમાં લખેલું હોત તો એ જરૂર થઈને રહેતુ.

અનસ બિન માલિક رضی اللہ عنہથી રિવાયત છે, ફર્માવે છે કે હું નબીએ કરીમ ﷺની સાથે ચાલી રહ્યો હતો. આપે મોટા કિનારાવાળી નજરાનથી આવેલી ચાદર ખભા પર મૂકી હતી. અચાનક એક ગામડીયો આવી પહોંચ્યો એણે આપને ચાદરથી પકડીને ખૂબ હલાવ્યા. જોત જોતામાં એના હલાવવાથી આપની ગરદન મુબારક પર ચાદરની જાડી ધારીથી નિશાનો પડી ગયાં. પછી એ કહેવા લાગ્યો, હે મુહમ્મદ ! ﷺ તમારી પાસે જે માલ છે એમાંથી મને કાંઈક આપો. આપે એને એક નજરથી જોયો અને હસી પડયા અને આદેશ આપ્યો કે એને કાંઈક આપી દો.

## ★ દુશ્મનો માટે દુઆઓ ★

ઈમામ મુસ્લિમ رحمۃ اللہ علیہએ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરી છે કે પૂછવામાં આવ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ આપ મુશ્રિકો માટે બદ્દુઆ ફર્માવી દો. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, હું લા'નત કરવા નથી

મોકલવામાં આવ્યો, હું તો રહમત બનાવીને મોકલવામાં આવ્યો છું. *(દુર્રે મન્સૂર, ૪/૯૦૦)*

તબૂકથી આવ્યા પછી નબીએ કરીમ ﷺની પાસે ષક઼ીફના લોકો ટુકડીઓમાં આવ્યા. લોકોએ આપથી કહ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ ષક઼ીફ માટે બદ્દુઆ કરી દો, એમના તીરોએ અમને સળગાવી દીધા છે. તો આપે આ પ્રમાણે દુઆ ફર્માવી, હે અલ્લાહ ! ષકીફને ઈસ્લામની હિદાયત આપ અને એને મુસલમાન બનાવી દે.

*(સીરતે મુહમ્મદિયા–૪૦૨)*

## ★ ભાઈચારગી (બંધુત્વની ભાવના) ★

હઝરત અનસ رضی اللہ عنہ રિવાયત કરે છે કે બારગાહે રિસાલતમાં જ્યારે કોઈ માણસ તોહફો પેશ કરતો તો હુઝૂર ﷺ ફર્માવતા કે, આ ફલાણી સ્ત્રીને પહોંચાડી દે, કેમ કે એ મારી પત્ની ખદીજતુલ કુબ્રા رضی اللہ عنہاની સહેલી હતી, એ હઝરત ખદીજાથી મહોબ્બત કરતી હતી.

હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاથી મરવી છે, આપ ફર્માવે છે કે જ્યારે હુઝૂર ﷺ કોઈ બકરી ઝબહ કરતા તો એનો ગોશ્ત ઉમ્મુલ મો'મિનીન હઝરત ખદીજતુલ કુબ્રા رضی اللہ عنہاની સહેલીઓને મોકલતા હતા. એક વખતે તેમનાં બહેન હુઝૂર ﷺની મુલાકાત માટે આવ્યાં. હુઝૂર ﷺએ ખુશીથી એમનાથી મુલાકાત કરી અને એમની વાત સાંભળી.

એક દિવસ એક ખાતૂન ખિદમતમાં હાજર થયાં. હુઝૂર ﷺએ એમના આપવા પર ઘણો ખુશીનો ઈઝહાર કર્યો અને એમની હાલત સારી રીતે પૂછી. તે ચાલ્યા ગયાં તો હુઝૂર ﷺએ ફર્માવ્યું કે, આ એ ખાતૂન છે જે હઝરત ખદીજતુલ કુબ્રા رضی اللہ عنہاના જમાનામાં વધારે હાજર થતાં હતાં.

હુઝૂર ﷺ ફર્માવે છે, પૂરાણા સંબંધોને મહફૂઝ રાખવા અને તમારાથી મહોબ્બત કરે એમનો ખ્યાલ રાખવો, અને જે તારાથી મહોબ્બત કરવાવાળાઓથી મહોબ્બત કરે એનો ખ્યાલ રાખવો એ ઈમાનનો હિસ્સો છે. *(સીરતે મુસ્તફા જાને રહ઼મત ﷺ, ૧/૩૬૮)*

## ★ સચ્ચાઈ અને દયાનતદારી ★

દયાનતદારી, પાકદામની, સચ્ચાઈ અને ન્યાય મહબૂબે રબ્બુલ આલમીન ﷺની એ સિફતો હતી કે એ દુશ્મનો જે હુઝૂર ﷺના લોહીના તરસ્યા હતા, ઈસ્લામનુ નામો નિશાન મિટાવવા પોતાની જાનની બાઝી લગાડવા માટે તૈયાર રહેતા હતા, એવા દુશ્મનો પણ હુઝૂર ﷺની એ સિફતો (ખૂબીઓ)નો ઈન્કાર નથી કરી શકતા બલ્કે તે ક઼બૂલ કરતા હતા કે હુઝૂર ﷺથી વધારે સાચો અને ઈમાનદાર કોઈ નથી.

એલાને નબુવ્વત પહેલાં હુઝૂર ﷺ ઈમાનદાર અને સૌથી સાચા અલ્ક઼ાબોથી પોતાના સમાજમાં મશહૂર હતા. જ્યારે કા'બા શરીફની પહેલી ઈમારત વારંવાર આવતા પૂરથી કમજોર થઈ ગઈ તો મક્કાના લોકોએ કા'બા શરીફને ફરીથી બાંધવાનો પ્રોગ્રામ બનાવ્યો. જ્યારે એનો પાયો ત્યાં સુધી પહોંચી ગયો જ્યાં હજરે અસ્વદને મૂકવાનો હતો. તો એ શર્ફ (બુઝુર્ગી)ને હાંસલ કરવા માટે દરેક પરિવાર એવું વિચારતો હતો કે આ સર્ફ એને હાંસલ થાય. આ વિકટ પરિસ્થિતિએ એવી ગંભીર હાલત અપનાવી લીધી કે એ પરિવારોમાં જંગ થઈ જાત. કોઈ માણસે કહ્યું કે આ વાત પર એક બીજાનું લોહી વહાવવાના બદલામાં તમે પોતાનામાંથી કોઈ ત્રીજો માણસ પસંદ કરી લો જે તમારા એ ઝઘડાનો ફેંસલો કરે. બધાએ આ તજવીજને માની લીધી અને એવું નક્કી થયું કે કાલે સવારે જે સૌથી પહેલાં હરમ શરીફમાં દાખલ થાય તે અમારો ત્રીજો ન્યાયી હશે, એ જે ફેંસલો કરશે અમે બધા દિલોજાનથી માની લઈશું. જેથી બીજા દિવસે લોકો એ ઈન્તેઝારમાં હતા કે જુઓ સૌથી પહેલાં ક્યો માણસ હરમ શરીફમાં દાખલ થાય છે. જ્યારે સવાર થઈ તો જુએ છે કે અલ્લાહના મહબૂબ મુહમ્મદ ﷺએ પહેલા વ્યક્તિ

www.barkatekhwaja.net

હતા જે હરમ શરીફમાં દાખલ થયા. હુઝૂર علیہ الصلوٰۃ والسلامને જોઈને બધાનાં દિલ શાંત થઈ ગયાં અને ખુશીથી એવું કહેવા લાગ્યા, આ મુહમ્મદ મુસ્તફા છે જે ઈમાનદાર છે ! અમે અમારી રઝામંદીઓથી એમને અમારા ત્રીજા ન્યાયી કૂબૂલ છીએ.

## ★ ઈસ્તિગફાર અને તૌબાની શાન ★

સરવરે દો આલમ ﷺ આટલા બુલંદ મકામ પર છતાં જેના પર અલ્લાહ તઆલાએ બિરાજમાન ફર્માવ્યા હતા દિવસમાં ઘણીવાર ઈસ્તિગફાર કરતા હતા. ઈમામ બુખારીની રિવાયતમાં ૭૦ વખત અને તિબ્રાનીની રિવાયતમાં ૧૦૦ વખતના શબ્દો આવ્યા છે. બંનેવની ગણત્રીથી ઈસ્તિગફાર અને તૌબાની અધિક્તા મુરાદ છે. રસૂલે કાએનાત ﷺના આ અમલથી આપણા ઉપર જરૂરી છે કે આપણે પણ આપણા ગુનાહોથી તૌબા કરીએ.

## ★ ન્યાયની શાન ★

હઝરત સઈદ બિન મુસૈયબ رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺથી જો કોઈને તકલીફ પહોંચે તો હુઝૂર એને ઈજાઝત આપતા કે એટલી જ તકલીફ હુઝૂર ﷺને પહોંચાડીને બદલો લઈ લે. આવુ કરતા અમે સિદ્દીકે અકબર, અને ફારૂકે આ'ઝમ رضی اللہ عنہماને જોયા.

હબીબ બિન મુસ્લિમ رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺ એક ગામડાવાસીને આદેશ કર્યો કે એ તકલીફનો બદલો લઈ લે જે એને હુઝૂર ﷺથી અજાણપણે પહોંચી છે. હુઝૂર ﷺએ ગામડાવાસીને બોલાવ્યો અને હુકમ આપ્યો કે એ આપનાથી બદલો લઈ લે. ગામડાવાસીએ કહ્યું કે, મેં હુઝૂરને માફ કરી દીધા, મારાં માબાપ હુઝૂર પર કુર્બાન ! કદાપિ એમનાથી બદલો નહીં લઉં ! હુઝૂર ﷺએ એને સારી દુઆઓ આપી.

હઝરત અબ્દુર્રહમાન બિન અબીબક્ર رضی اللہ عنہما ફર્માવે છે કે એમને એક માણસે બતાવ્યું કે ગઝવએ હુનૈનના મૌકા પર એક વખતે મોટી ભીડ હતી. મારા પગમાં એક મજબૂત પગરખાં હતાં. મેં મારા પગનાં પગરખાંને હુઝૂર ﷺના પગ મુબારકથી ટકરાવી દીધાં. એ સમયે હુઝૂરના હાથમાં લાકડી હતી. તો હુઝૂર ﷺએ મને એ લાકડીથી ગોદો માર્યો અને ફર્માવ્યું, તેં મને તકલીફ પહોંચાડી છે ! એ વ્યક્તિ રાતભર પોતાની કિસ્મત પર રડતો રહ્યો અને પોતાને કહેતા રહ્યો કે, તેં અલ્લાહના રસૂલને તકલીફ પહોંચાડી છે ! જ્યારે સવાર થઈ ગઈ તો એક માણસ મારા બારામાં પૂછી રહ્યો હતો, એ માણસ ક્યાં છે ? મેં કહ્યું, હાજર છું ! એ વ્યક્તિએ કહ્યું કે હુઝૂર ﷺએ તમને યાદ કર્યા છે. હું એની સાથે ધ્રુજતાં ધ્રુજતાં ચાલ્યો કે કદાચ મારી ગઈ કાલની તકલીફની મને સજા મળશે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ગઈકાલે તેં પોતાનાં મજબૂત પગરખાં મારા પગ સાથે ટકરાવી દીધાં હતાં જેથી મને તકલીફ પહોંચી હતી, પછી મેં તને લાકડીથી ગોદો માર્યો હતો. ૮૦ ઊંટો એ લાકડીના ગોદાના બદલામાં તને આપુ છું જે ગોદો મેં તને માર્યો હતો !

## ★ ખબરગીરી કરવી ★

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી મરવી છે. ફર્માવે છે કે જ્યારે આયતે કરીમા يَاأَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَرْفَعُوْٓا اَصْوَاتَكُمْ فَوْقَ صَوْتِ النَّبِيِّ ''હે ઈમાનવાળાઓ ! તમારા અવાજો ઊંચા ન કરો એ ગયબ બતાવનાર (નબી)ના અવાજ કરતાં.'' *(સૂરએ હુજુરાત, ૪૯/૨)* તો હઝરત ષાબિત બિન કૈસ ઘરમાં રોકાય રહ્યા અને પોતાની જાતથી કહેવા લાગ્યા કે હું તો જહન્નમીઓમાં થઈ ગયો ! (કેમ કે એમનો અવાજ ઊંચો હતો) અને નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامથી પણ મુલાકાત કરવાની છોડી દીધી હતી. તો નબીએ કરીમ ﷺએ સઅદ બિન મઆઝથી પૂછયું અને ફર્માવ્યું, હે અબૂ ઉમર ! શું ષાબિત કોઈ વધુ પેજ ૧૮ પર.

# માનસિક શાંતિ

## તૌબા તથા ઈસ્તિગ્ફારથી જ શક્ય !

*કાર્યાલય*

માણસ હમેશાં એ ચીજ પર ખુશ અને પુર સુકૂન રહે છે જે એની ફિત્રત (પ્રકૃતિ)માં સામેલ છે. માણસના માટે ખુશગવાર (સુંદર, દિલને ખુશ કરનાર) મોસમ હોવું ફિત્રતથી છે, એવો મોસમ મળે તો ખુશ થશે. ખાવુ પીવું તેની ફિત્રત છે. યોગ્ય ખાવા પીવા મળતુ રહેશે તો તે ખુશ રહેશે. શરીરનાં સર્વ અંગોનું દુરુસ્ત (ઠીક ઠાક) હોવું ફિત્રત છે, જો એ દુરુસ્ત હશે તો પોતે ખુશ રહેશે. તંદુરસ્ત તથા સાજા હોવું ફિત્રત છે, આ નેઅમત હશે તો માણસ પુર સુકૂન રહેશે. નેકી કરવી માણસની ફિત્રત છે, જો કરતો રહેશે તો સંતુષ્ઠ રહેશે. જો નેકી કરવાને બદલે ગુનાહનો શિકાર બનશે તો શક્ય છે ટેમ્પરરી સુકૂન મળે પણ બેસુકૂની (બેચેની) તેનું મુક઼દ્દર બની જશે. એ જ પ્રમાણે સારું વાતાવરણ, ખાવા પીવા અને તંદુરસ્તી જ્યારે નથી હોતાં તો માણસ અસંતુષ્ઠ તથા બેચેન થઈ જાય છે. હુઝૂર ﷺએ નેકી તથા ગુનાહની વ્યાખ્યા દર્શાવતાં ફર્માવ્યું :–

### ★ ગુનોહ તે જે દિલમાં ખટકો પેદા કરે ★

"નેકી સારા અખ્લાક઼નું નામ છે અને ગુનોહ એ છે કે જે તારા દિલમાં ખટકો (બેચેની) પેદા કરી દે અને તું પસંદ ન કરે કે એ (ગુનાહિત કૃત્ય)ની લોકોને ખબર થઈ જાય." *(સહીહ મુસ્લિમ, હદીષ : ૨૫૫૩)*

હદીષે કરીમાની રૂએ ગુનાહ સૌ પ્રથમ ઝમીર (અંતરાત્મા)ને જગાડે છે કે કોઈ ઉલ્ટુ કામ થનારુ છે અથવા થઈ રહ્યું છે. અને બીજી ફિકર એ લાગી જાય છે કે આ ગલત કામ તો થઈ ગયું છે પણ ક્યાંક લોકોને ખબર પડી ગઈ તો મારી અધિક બેઈજ્જતી થશે. ગુનાહના કારણે જે બેચેની તથા અસંતોષ પેદા થઈ ચૂક્યો છે તે એ જ રીતે ખત્મ થઈ શકે છે કે ફરીથી નેકી તરફ વળવામાં આવે. અને ગુનાહ પછી નેકી તરફ વળવું એ તૌબા કરવું છે.

### ★ અલ્લાહ કોની તૌબા કબૂલ કરે છે અને કોની નહીં ★

કુર્આને કરીમમાં અલ્લાહ કરીમ ફર્માવે છે :–

اِنَّمَا التَّوْبَةُ عَلَى اللهِ لِلَّذِيْنَ يَعْمَلُوْنَ السُّوْٓءَ بِجَهَالَةٍ ثُمَّ
يَتُوْبُوْنَ مِنْ قَرِيْبٍ فَاُولٰٓئِكَ يَتُوْبُ اللهُ عَلَيْهِمْ وَكَانَ اللهُ
عَلِيْمًا حَكِيْمًا وَلَيْسَتِ التَّوْبَةُ لِلَّذِيْنَ يَعْمَلُوْنَ السَّيِّاٰتِ حَتّٰى
اِذَا حَضَرَ اَحَدَهُمُ الْمَوْتُ قَالَ اِنِّيْ تُبْتُ الْـٰٔنَ وَلَا الَّذِيْنَ
يَمُوْتُوْنَ وَهُمْ كُفَّارٌ اُولٰٓئِكَ اَعْتَدْنَا لَهُمْ عَذَابًا اَلِيْمًا

"તૌબા ક઼બૂલ કરવી અલ્લાહ તઆલાના જિમ્મે છે, તે એ લોકોના માટે છે જેઓ અજાણતામાં કોઈ ગુનોહ કરી બેસે, પછી નજીકના સમયમાં તૌબા કરી લે છે. સવાલીઓ પર અલ્લાહ તઆલા ધ્યાન આપે છે, અને અલ્લાહ તઆલા સારી રીતે જાણે છે, હિકમતવાળો છે. અને અલ્લાહ તઆલા એવા લોકોની તૌબા ક઼બૂલ નથી કરતો જેઓ સતત ગુનાહ કરતા રહે છે, ત્યાં સુધી કે જ્યારે એમનામાંથી કોઈના સમક્ષ મૌત આવીને ઉભી થાય ત્યારે તે કહેવા લાગે કે હવે હું તૌબા કરું છું." *(સૂરએ નિસાઅ, ૪/૧૭, ૧૮)*

કુર્આનનું ઉમદાપણુ એ છે કે ક઼ાનૂન તથા સજાને કેવળ નિયમોના રૂપે નહીં, બલ્કે તેને નસીહત અને ખેરખ્વાહી (ભલુ ઈચ્છવા)ના રૂપે વર્ણન કરે છે તથા લાગુ પાડે છે. બદ્કાર લોકો (કુકર્મીઓ)ની સજાનો ઉલ્લેખ કર્યા બાદ તરત જ તૌબાનું એલાન કરતાં ફર્માવ્યું કે જે લોકો જેહાલતથી થઈ જનારા ગુનાહોના

www.barkatekhwaja.net

પછી તરત તૌબા કરશે તેમની તૌબા જરૂર કૂબૂલ કરશે. હઝરત ઈકરમા رضی اللہ عنہ ફર્માવ્યા કરતા હતા જે કામ પણ અલ્લાહની આજ્ઞાપાલનથી બહારનું હોય તેને જેહાલત ગણવામાં આવે, જેથી જે શખ્સથી ગુનોહ થઈ જાય તેણે તરત તૌબા કરવી જોઈએ.

એક વાત આપને માલૂમ હોવી જોઈએ કે જેહાલતનો અર્થ અરબીમાં કેવળ ''ન જાણવું'' નથી થતો, બલ્કે તેનો અધિક્તર ઉપયોગ જઝબાતથી પ્રભાવિત થઈને કોઈ શરારત કે જુલ્મ કે ગુનાહનું કામ કરવાના અર્થમાં આવે છે. અને આ શબ્દ સામાન્ય રીતે ઈલ્મના બદલે હિલમ (સંયમ, સહનશક્તિ)ના વિરુદ્ધાર્થી તરીકે વપરાય છે. એટલે કે માણસના જઝબાતે તેને ઉશ્કેર્યો અને તે નાફર્માની પર ઉતરી આવ્યો, પણ બાદમાં એના ઝમીરે (અંતરાત્મા)એ મલામત કરી (તેને ફિટકાર કર્યો), અલ્લાહ તઆલાનો ખૌફ દિલમાં આવ્યો અને શર્મિંદો થઈને તાઈબ થયો (તૌબા કરી લીધી). અલ્લાહ તેના ગુનાહ જે જેહાલતના કારણે થયા તેને માફ કરીને તેની તૌબા કૂબૂલ કરી લે છે. અલ્લાહ તઆલાની ઉપર કેવળ તેની તૌબાનો હક્ક કાયમ થાય છે જે જઝબાતથી (ભાવાવેશમાં) પ્રભાવિત થઈને કોઈ બુરાઈ કરી લે છે, તેમની જ તૌબા અલ્લાહ તઆલા કૂબૂલ કરે છે.

આયતના બીજા હિસ્સામાં છે કે મૌતના સમયથી પહેલાં તૌબા કરનાર બનો. તૌબાનો દરવાજો માણસના માટે દરેક સમયે ખુલ્લો જ રહે છે. કુર્આને પાકમાં અલ્લાહ તઆલાએ વારંવાર તૌબાના મહત્વને તથા કૂબૂલિયતને વર્ણવ્યું : وَهُوَ الَّذِىْ يَقْبَلُ التَّوْبَةَ عَنْ عِبَادِهٖ ''તે રબ પોતાના બંદાઓની તૌબા કૂબૂલ કરે છે.'' *(સૂરએ શૂરા, આયત-૨૫)*

''શું اَلَمْ يَعْلَمُوْٓا اَنَّ اللّٰهَ هُوَ يَقْبَلُ التَّوْبَةَ عَنْ عِبَادِهٖ તેઓ નથી જાણતા કે અલ્લાહ પોતાના બંદાઓની તૌબા કૂબૂલ કરે છે.'' *(સૂરએ તૌબા, આ. ૧૦૪)*

''હદીષે પાકમાં આવે છે :-

إِنَّ اللّٰهَ يَقْبَلُ تَوْبَةَ الْعَبْدِ مَا لَمْ يُغَرْغِرْ ''અલ્લાહ તઆલા પોતાના બંદાઓની તૌબા એ સમય સુધી કૂબૂલ કરે છે જ્યાં સુધી તેને મૌત સ્પર્શી ન લે. એટલે કે સકરાતના સમયે તૌબા કૂબૂલ નથી થતી.'' *(સુનને તિર્મિઝી, કિતાબુલ કિયામહ, હદીષ-૨૪૯૯)*

આયતો તથા મુબારક હદીષોમાં એ વાત જાહેર થઈ કે અલ્લાહ તઆલા તૌબા કૂબૂલ ફર્માવે છે અને તૌબા એ છે કે ભવિષ્યમાં ગુનાહ ન કરવાનો નિશ્ચય કરવામાં આવે અને મૌતના સમયથી પહેલાં તૌબા કરવામાં આવે. યકીનન ! આ તફસીર એક ગુનેહગારના માટે એક ઘણો જ મહાન હોસલો છે અને તેના દિમાગને ઈત્મિનાન બખ્શે છે અને તે શખ્સ પોતાના ગુનાહોથી તૌબા કરવાના માટે જિદ્દો જહદ કરે છે અને અલ્લાહથી નજીક થવાની કોશિશ કરે છે. તૌબાનો દરવાજો કયામત સુધી ખુલ્લો છે અને દરેક શખ્સની તૌબા નઝઅ (સકરાત)ના સમયથી પહેલાં કૂબૂલ થઈ શકે છે. અને નઝઅથી મુરાદ તે સમય છે જ્યારે મરનારાને દુનિયાને બદલે આખેરત દેખાવા માંડે છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું કે : كُلُّ ابْنِ آدَمَ خَطَّاءٌ وَخَيْرُ الْخَطَّائِينَ التَّوَّابُونَ ''આદમની સર્વ ઔલાદ ખતાકાર છે અને બેહતરીન ખતકાર તૌબા કરનારા છે.'' *(સુનને ઈબ્ને માજહ, કિતાબુઝ ઝુહદ, બાબો ઝિક્રુત્તૌબા)*

હુઝૂર ﷺએ ફર્માવ્યું કે બેહતરીન ગલતીઓ કરનારા તેઓ છે જેઓ તૌબા કરે છે, એટલે કે ગુનાહ કરીને માફી તલબ કરનારા એ જ હાલત પર (ગુનાહની) કાયમ રહેવાવાળાઓ કરતાં બેહતર છે.

### ★ તૌબા કરવાથી રબ સર્વ ગુનાહો માફ કરી આપે છે ★

એક અન્ય રિવાયતમાં ફર્માવે છે કે,

www.barkatekhwaja.net

**ગુનાહોથી તૌબા કરનાર** اَلتَّائِبُ مِنَ الذَّنْبِ كَمَنْ لَا ذَنْبَ لَهُ **ગુનાહ ન કરનારના બરાબર થઈ જાય છે.** *(ઉપર મુજબ)*

તૌબાની શર્તોમાંથી એ છે કે તૌબા કરનાર પોતાના ગુનાહ પર શર્મિંદો થાય ભવિષ્યના ગુનાહ પર રોકાય જવાનો નિશ્ચય કરે અને ગુનાહોની અસરોને મિટાવવાની કોશિશ કરે. એટલે કે ગુનાહ કર્યા બાદ ભવિષ્યમાં ગુનાહ ન કરવાનો નિશ્ચય, ગુનાહ પર શર્મિંદગીની સાથોસાથ માફીનો તલબગાર થશે તો એ તૌબા કબૂલ થશે અને ત્યારે જ માણસ દિમાગની સંતોષ તથા ઈત્મિનાનની કૈફિયતથી લિજ્જત હાંસલ કરશે. કેમ કે તૌબાનો પ્રથમ ફાયદો એ થાય છે કે એનાથી દિલી સુકૂન મળે છે. ઈસ્તિગફારની જ્યાં વર્ષા થશે ત્યાં દિલ પર સુકૂનની વર્ષા થશે. આપ તૌબા કરો, કેમ કે **ખુદાની આગળ ગદ ગદ થવાનો અને ઈસ્તિગફાર કરવાનો પ્રથમ ફાયદો એ છે કે દિલને સુકૂન મળે છે.** જેવી રીતે ગંધકના ઢગલાને નાની સરખી દીવાસળી સળગાવીને ખત્મ કરી દે છે, એ જ પ્રમાણે બારગાહે ખુદાવંદીમાં શર્મિંદગીનાં બે આંસુ જીવનભરના સર્વ ગુનાહને ખત્મ કરીને રાખી દે છે, તેમજ ગુનાહોથી પાકીઝગી માટે તૌબા તથા ઈસ્તિગફારને સાબુ ઠરાવે છે.

રબ તઆલાનો ઈર્શાદ છે :–

قُلْ يَا عِبَادِيَ الَّذِينَ أَسْرَفُوا عَلَىٰ أَنفُسِهِمْ لَا تَقْنَطُوا مِن رَّحْمَةِ اللَّهِ ۚ إِنَّ اللَّهَ يَغْفِرُ الذُّنُوبَ جَمِيعًا ۚ إِنَّهُ هُوَ الْغَفُورُ الرَّحِيمُ

"મારા (તરફથી) કહી દો કે હે મારા બંદાઓ ! જેમણે પોતાની જાનો પર જુલ્મ કર્યો છે, તમે અલ્લાહની રહમતથી નિરાશ ન થઈ જાવ, યક઼ીનન ! અલ્લાહ સર્વ ગુનાહોને માફ કરી આપે છે. ખરેખર તે ઘણી જ બખ્શિશ ઘણી જ રહમતવાળો છે." *(સૂ. ઝુમર, આ. ૫૩)*

આ આયતે મુબારકા અલ્લાહ તઆલાના એ બંદાઓ માટે છે જેઓ ગુનાહોની જિંદગી પસાર કર્યા બાદ બખ્શિશ તથા માફીના આશાવાદી છે. ઘણી જ પ્રોત્સાહિત કરનાર, ઉમ્મીદ આપનાર તથા ઈત્મિનાન બખ્શ છે. આયતમાં અલ્લાહની વિશાળતાનું બયાન છે. ઈસ્રાફનો અર્થ ગુનાહોની કષરત (ખૂબ જ અધિક્તા) એમાં ઈફરાત (અતિરિક્ત) છે. "અલ્લાહની રહમતથી નાઉમ્મીદ ન થાવ"નો મતલબ છે ઈમાન લાવવાથી પહેલાં અથવા તૌબા ઈસ્તિગફારનો એહસાસ થતા પહેલાં કેટલાયે ગુનાહ કર્યા હોય, માણસ એવું ન સમજે કે હું તો ઘણો જ અધિક ગુનેહગાર છું તો મને અલ્લાહ કેવી રીતે માફ કરશે ?! બલ્કે સાચા દિલથી ઈમાન કબૂલ કરશે અથવા તૌબતુન્નસૂહ (સાચી તૌબા) કરશે તો અલ્લાહ તઆલા સર્વ ગુનાહો માફ કરી આપશે.

## ★ અલ્લાહની રહમતથી નિરાશ ન થાવ ★

આ આયતે કરીમાના ઉતરાણે એ લોકોને પણ તસલ્લી આપી અને દિમાગી સાંત્વન પહોંચાડયું કે ઈસ્લામ કબૂલ કરી લેવાથી પાછલા સર્વ ગુનાહો બખ્શી દેવામાં આવશે ભલે સમુદ્રના ફીણના બરાબર કેમ ન હોય. આ આયતનો કદાપિ એ મતલબ નથી કે જાણીબુજીને અને સમજીને ગુનાહ એ ઉમ્મીદ પર કરવા કે અલ્લાહ માફ કરનારો છે, નહીં તો એવું કામ સજાને પાત્ર થશે. જ્યારે કે કુર્આને કરીમમાં આ આયત મૌજૂદ છે : نَبِّئْ عِبَادِي أَنِّي أَنَا الْغَفُورُ الرَّحِيمُ "મારા બંદાઓને માહિતગાર કરી દો કે હું ઘણો જ બખ્શિશ કરનાર અને રહમ કરનારો છું." *(સૂરએ હજર, આ. ૩૯)*

આ આયતે કરીમામાં અલ્લાહ عزوجل ایتعالیٰ એ લોકોને જેમણે ઘણા મોટા મોટા ગુનાહો કર્યા છે એવું ફર્માવી રહ્યો છે કે **હે મારા ભટકેલા બંદાઓ ! તમારે નિરાશ થવાની કે ક્યાંય જવાની જરૂરત**

**નથી. આવો ! મારી બારગાહમાં આવી જાવ ! તમે ગમે તેવા છો મારા બંદા છો. મારી રહ્‌મત અપાર છે, જેથી મારી રહ્‌મતથી નિરાશ ન થશો, યક઼ીન કરો હું તમારા સર્વ ગુનાહો માફ કરી આપીશ, કેમ કે હું માફ કરનારો મહેરબાન છું.**

*હમ તો માઈલ બકરમ હૈં કોઈ સાઈલ હી નહીં*
*રાહ દિખલાઍં કિસે કોઈ રહરવે મંઝિલ હી નહીં*

## ★ બુરાઈઓને રબ નેકીઓમાં ફેરવી દે છે ! ★

જરૂરત એ વાતની છે કે આપણે બારગાહે ઈલાહીમાં શર્મિંદા થઈ જઈએ ત્યારે જ વાત બનશે. હવે એનાથી વધીને ઈત્મિનાન તથા સુકૂન (સંતોષ)વાળી વાત બીજી શું હોય શકે છે કે સૈયદના અબૂ હુરૈરહ્‌ رضی اللہ عنہ વર્ણવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ આ આયત તિલાવત કરી :–

وَالَّذِيْنَ لَا يَدْعُونَ مَعَ اللّٰهِ إِلٰهاً آخَرَ "તે લોકો જેઓ અલ્લાહ સિવાય કોઈને નથી પુકારતા."

*(સૂરએ ફુર્ક઼ાન, આ. ૬૮)*

અને :–

اِلَّا مَنْ تَابَ وَاٰمَنَ وَ عَمِلَ عَمَلًا صَالِحًا فَاُولٰٓئِكَ يُبَدِّلُ اللهُ سَيِّاٰتِهِمْ حَسَنٰتٍ وَّكَانَ اللهُ غَفُوْرًا رَّحِيْمًا

**"પણ જેણે તૌબા કરી અને નેક અમલો કર્યા આ જ તે લોકો છે જેમની બુરાઈઓને અલ્લાહ તઆલા નેકીઓમાં તબદીલ કરી દે છે અને અલ્લાહ તઆલા બખ્શનાર અને રહમ કરનારો છે."** *(સૂરએ ફુર્કાન, આ. ૮૧)*

એટલે કે હુઝૂર صلی اللہ علیہ وسلم એ એક આયતની સાથે બીજી આયત જોડી અને બતાવ્યું કે માફીની સ્થિતિ દરેક હાલતમાં છે.

બસ શર્ત એ છે કે સાચા અર્થમાં તૌબા કરવામાં આવે જેથી તૌબાના ફાયદાઓને સંપૂર્ણપણે સમેટવામાં આવી શકે. કુર્આને કરીમમાં સૂરએ તાહા, આયત ૨૮ છે :–

وَإِنِّيْ لَغَفَّارٌ لِّمَن تَابَ وَآمَنَ وَعَمِلَ صَالِحاً ثُمَّ اهْتَدَى

"અને બેશક ! હું ઘણો જ બખ્શનારો છું એને જેણે તૌબા કરી અને ઈમાન લાવ્યો અને સારાં કામો કર્યા પછી હિદાયત પર રહ્યો." *(સૂરએ તાહા, આ. ૨૮)*

## ★ મગફેરતના માટે ચાર શર્તો છે ★

(૧) તૌબા : એટલે સરકશી તથા નાફર્માની અથવા શિર્ક તથા કુફ્રથી દૂર થઈ જવું. (૨) ઈમાન : એટલે કે અલ્લાહ તઆલા અને રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم અને કિતાબ અને આખેરતને સાચા દિલથી માની લેવું. (૩) નેક અમલ : એટલે અલ્લાહ તઆલા અને તેની હિદાયતના પ્રમાણે નેક અમલ કરવા. (૪) રાહે રાસ્ત પર અડગ રહેવું : અને પછી ગલત રાહ પર ન ચડી જવું.

ઉપરોક્ત શરતોની સાથે તૌબા કરવામાં આવે તો યક઼ીનન ! અલ્લાહ કરીમ તૌબા ક઼બૂલ ફર્માવે છે, ગુનાહોને નેકીઓમાં બદલી દે છે. બલ્કે અલ્લાહ તઆલા ફર્માવે છે :–

وَمَن تَابَ وَعَمِلَ صَالِحاً فَإِنَّهُ يَتُوبُ إِلَى اللّٰهِ مَتَابا "જે શખ્સ તૌબા કરીને નેક અમલ અપનાવે છે તે અલ્લાહની તરફ પલ્ટી આવે છે જેવો કે પલટવાનો હક્ક઼ છે." *(સૂરએ ફુર્કાન, આ. ૭૧)*

એટલે કે ફિત્રતના એતબારથી પણ બંદાને અસલ પલટવાની જગા અલ્લાહ માલિકુલ મુલ્કની બારગાહ છે, અને અખ્લાકી હૈસિયતથી પણ એ જ બારગાહ છે જેની તરફ તેણે પલટવાનું છે, અને પરિણામના એતબારથી પણ એ જ બારગાહની સમક્ષ

www.barkatekhwaja.net

પલટવું લાભદાયી છે, નહીં તો બીજી કોઈ જગા નથી જ્યાં રુજૂઅ કરીને સજાથી બચી શકે, અથવા સવાબ પામી શકે. મો'મિન બંદો તૌબા કરે છે અને એ ઉમ્મીદની સાથે કે એને રબ તઆલાની પાસે પણ જવાનું છે, તો એ વાત એના માટે અધિક સંતોષજનક તથા તસલ્લીબખ્શ છે. માની મહોબ્બત અલ્લાહ કરીમની રહમતને મહેસૂસ કરવા માટે આપણી મદદ કરે છે. શાઈર કહે છે :–

*"જહાં મેં કહીં અમાં મિલી, જો અમાં મિલી તો કહાં મિલી*
*મેરે જુર્મે ખાના ખરાબ કો તેરે અફ્વ બંદા નવાઝ મેં*

## ★ કુર્આન અને જન્નત પામવામાં હરીફાઈ ★

કુર્આને કરીમે અલ્લાહના બંદાઓને બે સ્થળોએ આપસમાં હરીફાઈની દા'વત આપી છે. જેમ કે ઈર્શાદે બારી તઆલા છે :–

وَسَارِعُوٓاْ إِلَىٰ مَغۡفِرَةٍ مِّن رَّبِّكُمۡ وَجَنَّةٍ عَرۡضُهَا ٱلسَّمَٰوَٰتُ وَٱلۡأَرۡضُ أُعِدَّتۡ لِلۡمُتَّقِينَ

"અલ્લાહથી બખ્શિશ અને જન્નતની પ્રાપ્તિમાં એકબીજાથી આગળ વધો (હરીફાઈ કરો), તે જન્નત જેની પહોળાઈ આસ્માનો તથા જમીનના બરાબર છે જે મુત્તક઼ીઓ (ખુદાથી ડરનારાઓ) માટે તૈયાર કરવામાં આવી છે." *(સૂરએ આલે ઈમરાન, આ. ૧૩૩)*

માણસના માટે અત્યંત તસલ્લી તથા સાંત્વન છે કે પોતાના ગુનાહો તથા ખતરાઓથી ગભરાય નહીં, બલ્કે હક્ક઼ તઆલાની રહ઼મતના ઉમ્મીદવાર બનીને તેનાથી મગફિરત (માફી) માગે, કે તેના માટે કોઈપણ ચીજ મુશ્કેલ નથી અને તેની રહમતની સામે ગુનાહોની અધિક્તા કાંઈ જ હેસિયત નથી ધરાવતી.

રસૂલે કરીમ ﷺના પવિત્ર જમાનામાં સહાબાએ કિરામ બે વરસો સુધી આયત : وَالَّذِينَ لَا يَدْعُونَ مَعَ اللَّهِ إِلَٰهًا آخَرَ... (અને તેઓ અલ્લાહ સિવાય કોઈ બીજા મઅબૂદને નથી પૂજતા... સૂ. ફુર્કા઼ન, ૨૫/૬૮) પઢયા કરતા હતા. પછી બે વરસો પછી આ હિસ્સો નાઝિલ થયો : إِلَّا مَن تَابَ وَآمَنَ... (પણ જેમણે તૌબા કરી અને ઈમાન લાવ્યા અને સારાં કામો કર્યા... (સૂ. મરયમ, ૧૯/૬૦) અને આયત

انا فتحنا لک فتحا مبینا لیغفر لک الله ما تقدم من ذنبک وما تأخر

(બેશક ! અમે તમારા માટે રોશન ફતહ આપી જેથી અલ્લાહ તમારા સબબથી ગુનાહ માફ કરે તમારા આગલાઓના અને તમારા પાછલાઓના... સૂ. ફતહ, ૪૮/૧,૨) નાઝિલ થવા પર સહાબાએ કિરામે રસૂલે કરીમ ﷺને એટલા ખુશ જોયા કે રાવી કહે છે કે, એટલા ખુશ મેં હુઝૂર ﷺને કદી જોયા ન હતા. *(તફસીરે મઝહરી, ૮/૪૯૦)*

## ★ નબી ﷺ માટે તસલ્લીનો સબબ ★

એટલે કે માફી અને ખુશી તથા તૌબાના વિશેની આયતનો નુઝૂલ થવું નબી કરીમ ﷺ માટે ખુદ તસલ્લી તથા ઈત્મિનાનનો સબબ સાબિત થયો, અને આપે ખુશી પ્રદર્શિત કરી કે તે લોકો જેઓ ઈસ્લામ ક઼બૂલ કરવામાં પાછળ હતા તેઓ પણ આસાનીથી ઈસ્લામ ક઼બૂલ કરી શકશે. સારાંશ કે હુઝૂર ﷺના માટે લોકોની સુધારણા કરવું પણ સંતોષનો સબબ હતો. અને જ્યારે બંદો મુસલમાન થઈ જાય, પછી ખતા કરી બેસે અને તૌબા કરી લે તો ખતાઓ (ગુનાહો) પણ માફ થઈ જાય. જેમ કે બારી તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

وَالَّذِينَ إِذَا فَعَلُوا فَاحِشَةً أَوْ ظَلَمُوا أَنْفُسَهُمْ ذَكَرُوا اللَّهَ فَاسْتَغْفَرُوا لِذُنُوبِهِمْ وَمَن يَغْفِرُ الذُّنُوبَ إِلَّا اللَّهُ وَلَمْ يُصِرُّوا عَلَىٰ مَا فَعَلُوا وَهُمْ يَعْلَمُونَ

"અને તે લોકો જ્યારે કોઈ બેહયાઈનું કામ અથવા પોતાની જાત પર જુલ્મ કરી બેસે તો અલ્લાહને યાદ કરતા રહીને પોતાના ગુનાહોની માફી માગે છે, અને કોણ છે અલ્લાહના સિવાય ગુનાહોને બખ્શનાર ? અને તે લોકો પોતાના કરેલા (ગુનાહો) પર જાણી જોઈને અડેલા નથી રહેતા."

*(સૂરએ આલે ઈમરાન, આ. ૧૩૫)*

ઘણી જ મોટી ઈત્મિનાનવાળી વાત છે કે ગુનોહ થઈ ગયો તો પરેશાની લાગુ થઈ જાય છે. ફર્માવ્યું કે ભવિષ્યમાં ગુનોહ ન કરવાનો નિશ્ચય કરીને ઈસ્તિગફાર કરે તો અલ્લાહ માફ કરી આપશે.

નેક લોકો આયોજનપૂર્વક ગુનાહમાં નથી પડતા અને ન તો તેઓ શૈતાનની જેમ પોતાની ગલતીને વળગી રહે છે, બલ્કે તેઓ તો પોતાની ગલતીનો સ્વીકાર કરે છે અને તેના પર ઈસ્તિગફાર કરે છે (માફી ચાહે છે), અને તેમનો બદલો તેમના રબને ત્યાં બખ્શિશ તથા જન્નત છે જેની નીચે નહેરો છે, અને તેઓ એમાં હમેશાં રહેશે અને એ લોકો બેહતરીન બદલો પામશે.

મો'મિન લોકો જાણીબુજીને તો ગુનોહ નથી કરતા, પછી જો ભૂલથી કે ગલતીથી કોઈ ગુનોહ થઈ જાય તો તેઓ બેચેન, પરેશાન થઈ જાય છે. મો'મિનોને દિમાગી સુકૂન પહોંચાડનારી આ આયત મુબારક અલ્લાહે નાઝિલ કરી. આ પરહેઝગાર લોકો જાણીબુજીને ન કોઈ બુરુ કામ કરે છે અને ન તો પોતે પોતાના પર જુલ્મ કરે છે, બલ્કે ભૂલેચૂકે માનવ સહજ રીતે તેમનાથી એવાં કામો થઈ જાય છે તો તરત જ અલ્લાહ તરફ રુજૂઅ કરે છે અને માફી માગે છે. પરંતુ એક વાત ધ્યાનમાં રહેવી જોઈએ કે જો બુરાઈની અથવા ગલતીની અસર કેવળ પોતાની જાત સુધી સીમિત હોય તો પછી અલ્લાહ તઆલા ગફૂરો રહીમ છે, તે યક઼ીનન ! માફ કરી આપશે. પરંતુ જો તેની અસર અન્યોના હક્કો પર પડતી હોય તો તેની ભરપાઈ કરવી અથવા તેનાથી કુસૂર માફ કરાવવો જરૂરી છે, અને આ ઈસ્તિગફાર (તૌબા)ની મહત્વની શર્ત છે.

## ★ગુનાહોથી કેટલીવાર માફી મળી શકે ?★

માફી માગવા અને અલ્લાહ તઆલાથી તૌબા કરવા માટે જે સવાલો બંદાઓના દિમાગમાં આવી શકે છે એમાં એક એ પણ થઈ શકે છે કે શું બીજીવાર ગુનોહ કરીને પણ માફી મળી શકે છે ? અથવા કેટલી વાર માફી મળી શકે છે ? એનો જવાબ એ છે કે ગુનાહ પર વળગી રહેવું, વારંવાર કરવું અથવા ઈસ્તિગફાર (તૌબા) કર્યા બાદ પણ ગુનાહ કર્યે જ જવું, એ અસલ ગુનાહ કરતાં મોટો ગુનોહ છે. અને જે લોકો આ કામ કરે તેઓ યક઼ીનન ! મુત્તક઼ી નથી હોતા. હા ! એવું થઈ શકે છે કે એક ગુનોહ થઈ ગયો તો તેની માફી માગી લીધી. પછી બીજો થઈ ગયો તેની પણ માફી માગી લીધી, પછી કોઈ બીજો થઈ ગયો તો તેની પણ માફી માગી લીધી. એ પ્રમાણે જો તે દિવસમાં સિત્તેરવાર પણ માફી માગવામાં આવે તો અલ્લાહ માફ કરી આપે છે.

## ★ તૌબા કરવામાં દિલી સુકૂનનો સામાન ભરેલો છે ★

અલ્લાહ તઆલાએ તૌબાને બેહદ પસંદ કરેલ છે. કુર્આને પાકમાં કેટલાય સ્થળોએ આકર્ષેલા છે કે, તૌબા કરી લો, ગુનાહોથી માફી માગી લો, મારા બંદાઓ ! તૌબા કરનારાઓ ! મારી રહ્‌મત મારા ગઝબ પર ભારી છે. જેવા આકર્ષણોની સાથોસાથ અલ્લાહ તઆલાએ કુર્આને કરીમમાં એ પણ ફર્માવ્યું કે :–

فَقُلْتُ اسْتَغْفِرُوا رَبَّكُمْ إِنَّهُ كَانَ غَفَّاراً يُرْسِلِ السَّمَاءَ عَلَيْكُم مِّدْرَاراً وَيُمْدِدْكُمْ بِأَمْوَالٍ وَبَنِيْنَ وَيَجْعَل لَّكُمْ جَنَّاتٍ وَيَجْعَل لَّكُمْ أَنْهَاراً

"મેં કહ્યું કે મગફિરત વધુ પેજ ૪૫ પર

# રાફઝી શીઆ ફિર્કાનો કદરૂપો ચહેરો

કાર્યાલય

એ વાતમાં કોઈ શંકા નથી કે આ જગતમાં સૌથી બદતરીન ફિર્કો રાફઝીઓ (શીઆઓ)નો છે. ઈબ્ને સબા (યહૂદી)ની આ નિર્લજ્જ ઔલાદે હમેશાં ઈસ્લામની વિરૂધ્ધ ષડયંત્રો કર્યા છે અને યહૂદીઓના એજન્ડાને આગળ વધારવા રાત દિવસ ચાવી રૂપ રોલ અદા કર્યો છે. અહલે બયતે અત્હારની સ્વનિર્મિત તાઝીમના પર્દાની આડમાં આ મલઊન રાફઝી ફિર્કાએ હમેશાં હરમે નબીની મુકદ્દસ ખાતૂનો (એટલે ઉમ્મતની માઓ, હુઝૂર ﷺની પાક બીવીઓ) જેમને કુર્આન મજીદે أَزْوَاجُهُ أُمَّهَاتُهُمْ (તેની પત્નીઓ તેમની માઓ છે. સૂ. અહઝાબ, ૩૩/૬)ના લકબથી સંબોધેલ છે, તેમની શાનમાં બેહૂદા વાતો કરી છે, અને એ આલીશાન તથા ઝીશાન વર્ગ (તબકા) જેમને કુર્આન : أُولَٰئِكَ هُمُ الرَّاشِدُونَ (એવા જ લોકો રાહ પર છે. સૂ. હુજુરાત, ૪૯/૭) કહે છે. અને رَضِيَ اللَّهُ عَنْهُمْ (અલ્લાહ તેમનાથી રાજી. સૂ. માઈદા, ૫/૧૧૯)ની ખુશખબરી સંભળાવે છે. તેમજ وَكُلًّا وَعَدَ اللَّهُ الْحُسْنَىٰ (અને અલ્લાહે સૌની સાથે ભલાઈનો વાયદો કર્યો. સૂ. નિસાઅ, ૪/૯૫)ની બશારત સંભળાવે છે. આ મહાન સહાબાના તબકા પર પણ આ રાફઝી ફિર્કાએ મહેણાં ટોણાં માર્યા (ભલુ બુરુ કહ્યું), અને સૌ એ ગુસ્તાખ ફિર્કાનો તરીકો છે.

## ★ રાફઝી કોને કહેવાય છે ? ★

હાફિઝ ઝહબી رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૭૪૮) ફર્માવે છે : (અર્થ) જે વ્યક્તિ શયખૈન (અબૂ બક્ર, ઉમર رضی اللہ عنہما) સાથે બુગ્ઝ (અદાવત) રાખે અને તેમને ખલીફા બરહક્ક પણ સમજે તો એ શખ્સ રાફઝી છે, ધિક્કારને પાત્ર છે. અને જે શખ્સ તેમને (અબૂ બક્ર, ઉમર رضی اللہ عنہماને) ખલીફા બરહક્ક પણ ન સમજે અને બુરા કહે તો એ શખ્સ કટ્ટર રાફઝીઓમાંથી છે. *(સિયરુલ અઅલામુન્નબલા, ૧૬/૪૫૮, તર્જુમા દાર કુત્ની رحمۃ اللہ علیہ)*

હાફિઝ ઈબ્ને હજર અસ્કલાની رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૮૫૨) ફર્માવે છે કે, (અર્થ) ''જે શખ્સ સૈયદના અલીને સૈયદના અબૂ બક્ર તથા સૈયદના ઉમર પર અફઝલિયતમાં અગ્ર સ્થાને કરી દે તો તે શખ્સ કટ્ટર શીઆ છે અને એના માટે રાફઝી શબ્દ વપરાય છે. *(હદીયુસ્સારી મુકદ્દમા ફત્હુલ બારી, પેજ-૪૫૯)*

રાફઝિયત અહલે બયત رِضْوَانُ اللهِ تَعَالَىٰ عَلَيْهِمْ أَجْمَعِيْنَની મહોબ્બતનું નામ નથી બલ્કે એ સહાબાની અદાવતનું નામ છે. રાફઝી શબ્દની સાથે કોઈ પેશનગોઈ હદીષમાં નથી, અલ્બત્ત એ લોકોએ એવા એવા અકીદા ઘડયા જે કુર્આન તથા હદીષની તદ્દન વિરૂધ્ધ છે એટલા માટે ઉલમાએ આ જમાઅતનું નામ ''રાફઝી'' રાખ્યું.

## ★ શીઆ રાફઝીઓના બારામાં ઈસ્લામી ઈતિહાસના ઈમામ તથા શયખો رحمۃ اللہ علیہم اجمعینના ફત્વા ★

**હઝરત મુલ્લા અલી કારી** رضی اللہ عنہ ફર્માવે છે : જો હું એવા શીઆઓનું પરીક્ષણ કરું તો એઓ ઝબાની દાવો કરનારા અને વાતો બનાવનારા નીકળશે, અને એમની પરીક્ષા લઉં તો સૌ મુર્તદ નીકળશે.

*(અરદા કલીની, પેજ-૧૦૮)*

**અલ્લામા કમાલુદ્દીન ઈબ્ને અસામ** رحمۃ اللہ علیہ ફત્હુલ કદીરમાં ફર્માવે છે, ''જો રાફઝી અબૂ બક્ર સિદીક તથા ઉમર رضی اللہ عنہماની ખિલાફતના નકારનાર છે

www.barkatekhwaja.net

તો તે કાફિર છે. *(ફત્હુલ ક઼દીર, બાબુલ ઈમામત, પેજ–૮)*

**હઝરત ઈમામ માલિક** رحمۃ اللہ علیہ لیغیظ بھم الکفار (કે જેનાથી કાફિરોનાં દિલ જલે. સૂ. ફતહ, ૪૮/૨૯)ના હેઠળ ફર્માવે છે કે રાફઝીઓના કુફ્રની કુર્આની દલીલ એ છે કે એઓ સહાબા رضوان اللہ تعالیٰ علیہم اجمعین ને જોઈને જલે છે, એટલા માટે કાફિર છે. *(અલ્એઅ્તેસામ, પેજ–૧૨૬૨, ભાગ–૨, રૂહુલ મઆની, પારા–૨૬)*

**હઝરત મુજદ્દિદ અલ્ફેષાની** رحمۃ اللہ علیہ વિવિધ મકતૂબાતમાં રાફઝીઓને કાફિર કહી રહ્યા છે. એક પૂરો રિસાલો (કિતાબ) એના પર લખ્યો છે જેનું નામ રદ્દે રવાફિઝ છે. એમાં લખે છે કે, "એમાં શંકા નથી કે અબૂ બક્ર તથા ઉમર رضی اللہ عنہما સહાબીઓમાં સૌથી અફઝલ છે. તો પછી એ વાત જાહેર છે કે એમને કાફિર કહેવા, તેમની કમી વર્ણવવી કુફ્ર તથા ઝિંદિકિયત (અર્ધમીપણુ) અને ગુમરાહીનો સબબ છે.

રાફઝી એક પૂરો આયોજનપૂર્વકનો મઝહબ છે કે જે હક઼ીક઼તમાં ઈસ્લામના મુક઼ાબલામાં ઘડી કાઢવામાં આવ્યો છે. દરેક મસ્અલામાં ઈસ્લામ ધર્મની વિરૂધ્ધતા કરવામાં આવી છે, મતલબ કે શીઆ ધર્મના પાયાઓ ઈસ્લામ દુશ્મની પર રચવામાં આવેલ છે. અને ઈસ્લામ ધર્મના દરેક મસ્અલાને ગલત તથા શંકાસ્પદ સાબિત કરવાની કોશિશ કરવામાં આવી છે, ત્યાં સુધી કે શીઆ કુર્આને હકીમને પણ શંકાની નજરથી જુએ છે. શીઆઓના તે ખાસ ઈસ્લામ વિરોધી મસાઈલનું પરીક્ષણ રજૂ કરવામાં આવે છે.

## ★ શીઆ અક઼ીદો : કુર્આન કરીમ હેરફેરવાળુ છે ! ★

સર્વ મુસલમાનો કુર્આને કરીમ પર યક઼ીન ધરાવે છે કેમ કે એ હિદાયતનો શ્રોત તથા આખેરતમાં નજાતનો સબબ છે, પણ શીઆ ધર્મની દષ્ટિએ કુર્આને કરીમ શંકા કુશંકાથી પર નથી ! અને તેમની માન્યતા પ્રમાણે કુર્આને હકીમમાં ફેરફાર કરી દેવામાં આવ્યો છે.

શીઆ ધર્મના મશહૂર આલિમ મુલ્લા બાક઼િર મજલિસી પોતાની કિતાબ "બહારુલ અન્વાર"માં એક હેડિંગ રચે છે "બાબુત્તહરીફ ફિલ્આયાત" એટલે કુર્આન હકીમની આયતોમાં ફેરફાર વિશે પ્રકરણ !

આ વિષય હેઠળ મુલ્લા બાક઼િર મજલિસી શીઆએ અગણિત આયતોનો નિર્દેશ કર્યો છે કે જે શીઆ મઝહબના પ્રમાણે ફેરફારવાળી છે. (મઆઝલ્લાહ !)

વળી એ જ પ્રમાણે શીઆઓની વિશ્વસનીય તથા પ્રમાણિત કિતાબ "ઉસૂલે કાફી"માં પણ એ વાત લખેલી છે કે, (અર્થ) : બેશક ! તે કુર્આન જેને જિબ્રઈલ علیہ السلام હુઝૂર صلی اللہ علیہ وسلم ની તરફ લઈને આવ્યા તેમાં સિત્તેર હજાર આયતો હતી." *(ઉસૂલે કાફી, ૨/૬૩૪, કિતાબ ફઝલુલ કુર્આન, તેહરાન)*

એ જ પ્રમાણે શીઆ આલિમ શારેહે ઉસૂલે કાફી મૌલા મુહમ્મદ સાલેહ માઝંદાનીએ પણ કુર્આનમાં ફેરફારની રિવાયતો મુતવાતિર હોવાનો દાવો કર્યો છે.

શીઆ આલિમ મુહમ્મદ બિન યાકૂબ કલીની જેણે ઉસૂલે કાફી લખી છે તે પણ કુર્આનમાં ફેરફારને માનનાર હતો. અને તેનો ઉસ્તાદ અલી બિન ઈબ્રાહીમ અલ્કમી પણ તેહરીફ (ફેરફાર)ના અક઼ીદાને માનનારો હતો, બલ્કે તે તો એ અક઼ીદામાં અતિશયોક્તિની હદ સુધી પહોંચી ચૂક્યો હતો.

## ★ શીઆઓના આ અક઼ીદાનો રદ ★

અલ્લાહ પાકનું સ્પષ્ટ ફર્માન છે : اِنَّا نَحۡنُ نَزَّلۡنَا الذِّکۡرَ وَاِنَّا لَہٗ لَحٰفِظُوۡنَ "બેશક ! અમે ઉતાર્યુ છે આ કુર્આન અને બેશક ! અમે જાતે એના નિગેહબાન છીએ." *(સૂ. હિજ્ર, ૧૫/૯)*

યાદ રાખશો કે તમામ જિન તથા ઈન્સાનો અને પૂરી મખ્લૂકમાં એ શક્તિ નથી કે કુર્આને કરીમમાંથી

એક હર્ફની વધઘટ અથવા ફેરફાર કે તબદીલી કરી શકે. અને કેમ કે અલ્લાહ તઆલાએ કુર્આને કરીમની હિફાઝતનો વાયદો કર્યો છે એટલા માટે આ ખાસપણુ કેવળ કુર્આન શરીફનું જ છે. બીજી કોઈ કિતાબને આ બાબત ઉપલબ્ધ નથી. કુર્આને કરીમની આ હિફાઝત કેટલીય રીતે છે ?

**(૧)** કુર્આને કરીમને મોજિઝો બનાવ્યો કે બશરનું કલામ (માનવીની વાત) એમાં ભળી જ નથી શકતુ.

**(૨)** એને બરાબરી તથા મુકાબલાથી મેહફૂઝ રાખ્યું કે કોઈ એના જેવું કલામ બનાવવા માટે શક્તિમાન ન થાય.

**(૩)** પૂરી મખ્લૂકને એને અદશ્ય (લુપ્ત) કરવાથી લાચાર કરી આપી કે કાફિરો સખત અદાવત હોવા છતાં આ પવિત્ર કિતાબને નષ્ટ કરવાથી આજિઝ છે.

અહીં કુર્આન મજીદની હિફાઝતના વિશે એક હિકાયત જુઓ. જેમ કે હઝરત યહ્યા બિન અકષમ رحمۃ اللہ علیہ ફર્માવે છે : ''મામૂન રશીદની મજલિસમાં એક યહૂદી આવ્યો અને તે ઘણી જ ઉમદા સાહિત્યિક (અદીબાના) વાતચીત કરી. મામૂન રશીદે તેને ઈસ્લામની દાવત આપી તો તેણે ઈન્કાર કરી આપ્યો. જ્યારે એક વરસ પછી તે ફરીથી આવ્યો તો મુસલમાન થઈ ચૂક્યો હતો અને તેણે ફિક્હ (દીની મસાઈલ)ના વિષય પર ખૂબ શાનદાર વાતચીત કરી. મામૂન રશીદે તેને પૂછયું, તમારા ઈસ્લામ સ્વીકારનો સબબ શો છે ? તેણે જવાબ આપ્યો, જ્યારે આગલા વરસે હું તમારી મજલિસેથી ઉઠીને ગયો તો મેં આ ધર્મોની કસોટી કરવાનો ઈરાદો કરી લીધો જેથી મેં ''તૌરાત''ના ત્રણ નુસ્ખા (કોપીઓ) લખ્યા અને એમાં મારા તરફથી વધઘટ કરી દીધી. ત્યારબાદ હું યહૂદીઓના ગિરજાઘરમાં ગયો તો તેમણે મારી પાસેથી તે ત્રણેવ નુસ્ખા ખરીદી લીધા. પછી મેં ''ઈન્જીલ''ના ત્રણ નુસ્ખા લખ્યા અને એનામાં પણ પોતાના તરફથી વધઘટ કરી. જ્યારે હું આ નુસ્ખા લઈને ઈસાઈઓના ગિર્જામાં ગયો તો તેમણે પણ તે નુસ્ખા ખરીદી લીધા. પછી મેં કુર્આને પાકના ત્રણ નુસ્ખા લખ્યા અને તેના લખાણોમાં પણ વધ ઘટ કરી દીધી. જ્યારે હું કુર્આને પાકના તે નુસ્ખા લઈને ઈસ્લામી કુતુબ ખાનામાં ગયો તો તેમણે પ્રથમ તે નુસ્ખાઓનો ધ્યાનપૂર્વક અભ્યાસ કર્યો અને જ્યારે તેઓ મારી કરેલી વધ ઘટથી માહિતગાર થઈ ગયા તો તેમણે તે નુસ્ખા મને પરત કરી આપ્યા અને ખરીદવાથી ઈન્કાર કરી આપ્યો. એનાથી મારી સમજમાં આવી ગયું કે આ કિતાબ મેહફૂઝ છે અને એમાં કોઈ તબદીલી નથી કરી શકતું. એના કારણે મેં ઈસ્લામ કૂબૂલ કરી લીધો. *(કુર્તબી, અલ્હજર, તહતુલ આયાત, ૬/૫,૯, અલ્જુઝઉલ આશિર, મુલખ્ખસન, ખાઝિન, અલ્હજર, તહતુલ આયાત, ૯૫/૩,૯, તફસીરે કબીર, અલ્હજર, તહતુલ આયાત, ૧૨૩/૭,૯ મુલખ્ખસન)*

આના પરથી એ વાત ધોળા દિવસની જેમ સ્પષ્ટ થઈ ગઈ કે કુર્આને પાક તેહરીફ (ફેરફાર, હેરફેર) વગેરેથી પાક છે, કેમ કે કુર્આને પાકની હિફાઝતનો ઝિમ્મો ખુદ ખાલિકે કાઈનાતે લીધો. જે કિતાબનો ઝિમ્મો ખાલિકે કાઈનાત લે તેમાં કોઈ પ્રકારની કમી નથી થઈ શકતી. આ રાફઝી ફિર્કો દીને ઈસ્લામ માટે અત્યંત ખતરનાક છે. અલ્લાહ પાકથી દુઆ છે કે તે આપણને સૌને દરેક સમયે મસ્લકે અહલે સુન્નત એટલે મસ્લકે આ'લા હઝરત પર રહેવાની તૌફીક અતા કરે. *(માહનામા આ'લા હઝરત, ઓક્ટોબર/નવેમ્બર–૨૦૨૩)*

## ★ સહાબાએ કિરામની બેઅદબી ! શું ઈસ્લામ દુશ્મની નથી ?! ★

શું હુઝૂર ﷺને અત્યંત ચાહનાર આપના સૌથી પ્રિય સાથી સહાબી, ઉમ્મતીઓમાં સૌથી અફઝલ

સહાબી એવા હઝરત અબૂબક્ર رضی اللہ عنہ તેમજ હઝરત ઉમર, હઝરત ઉષ્માન તથા અન્ય મહાન સહાબીઓ માટે આવા શબ્દો લખશે જેમ શીઆ ફિર્કાની કિતાબોમાં છે કે, "નબી કરીમ ﷺના ઈન્તેકાલ બાદ મિકદાદ ઈબ્ને અસ્વદ, સલ્માન ફારસી તથા અબૂઝર ગફ્ફારી સિવાય સર્વ સહાબીઓ મુર્તદ થઈ ગયા હતા. *(રૌઝતુલ કાફી, ૨૪૬/૮, હવાલો : તફસીરે સાવી, પેજ : ૩૮૯, ભાગ : ૪)*

શું નબીપાક ﷺના સહાબાએ કિરામને મુર્તદ, કાફિર કહેનારો ઈસ્લામનો દુશ્મન નહીં તો ઈસ્લામનો દોસ્ત છે ?

**શીઆઓ હઝરત આઈશા رضی اللہ عنہની તૌહીન કરવાને તથા તેમના પર લઅનત મોકલવાને ઈબાદત સમજે છે કે જે નબી કરીમ ﷺનાં પ્રિય પત્ની તથા ઉમ્મતીઓનાં મા છે** અને તેમની વિવિધ રીતે તૌહીન કરે છે. જેમ કે ઈબ્ને રજબ બરસીનું કહેવું છે કે, "હઝરત આઈશાએ ચોરીથી ચાલીસ દીનાર એકઠા કરી લીધા હતા !" મઆઝલ્લાહ ! નબી પાક ﷺનાં પવિત્ર પત્નીની આ તૌહીન શું અસહ્ય નથી ?! એટલું જ નહીં બાકિર મજલિસી પોતાની કિતાબ હક્કુલ યકીનમાં લખે છે : "જ્યારે કાઈમુઝ્ઝમાં જાહેર થશે તો આઈશાને જીવંત કરીને તેણીના પર હદ (શિક્ષા) લાગુ કરશે અને તેણીથી હઝરત ફાતિમાનો બદલો લેશે." નબી કરીમ ﷺનાં પવિત્ર પત્ની તથા ઉમ્મુલ મો'મિનીન એટલે સર્વ મુસ્લિમોની માની આવી ગુસ્તાખી કરનાર શું ઈસ્લામનો તથા નબીનો દુશ્મન છે કે ચાહક છે ?!

## ★ હઝરત મુઆવિયહ્‌નો ગુસ્તાખ જહન્નમી કૂતરો છે ! ★

જેઓ શીઆઓની દેખાદેખી હઝરત અમીર મુઆવિયહ્‌ رضی اللہ عنہની બેઅદબી કરે છે અને ગમે તેમ બોલે છે તેઓ જાણી લે કે હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ રસૂલેપાક ﷺના સહાબી છે, આપે નબી ﷺ સાથે રહીને કાફિરો સાથે જંગો લડી છે, આપનો દરજો સહાબી હોવાને લઈને ઊંચો છે અને મુજાહિદે ઈસ્લામ હોવાને લઈને વધારે. ખિલાફતે ફારૂકી અને ખિલાફતે ઉષ્માનીમાં આપે વીસ વર્ષો સુધી સીરિયામાં ગર્વનરી કરી અને ત્યાર પછી પણ આપ ગર્વનર રહ્યા. નવાસાએ નબી હઝરત ઈમામ હસન رضی اللہ عنہએ એમની સાથે સુલેહ કરીને એમના હાથ પર બયઅત કરી. અવસાન સુધીમાં હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہએ ૪૦ વર્ષો રાજ કર્યું. હદીષના ઓલમાએ કોઈ પણ વિવાદ વગર એમની હદીષો નકલ કરી અને લીધી. આ બધું એ વાતની દલીલ છે કે અમીર મુઆવિયા رضی اللہ عنہનો વિવાદ હઝરત અલી સાથે ઈજતેહાદ પર આધારિત હતો, એનાથી એમની અદાલત અને પરહેઝગારીમાં કોઈ ફરક આવતો નથી. અલ્લાહ તઆલાનું ફર્માન છે : وَكُلًّا وَّعَدَ اللّٰهُ الْحُسْنٰى અલ્લાહ તઆલાએ સર્વને ભલાઈનો વાયદો કર્યો : رَّضِىَ اللّٰهُ عَنْهُمْ وَرَضُوْا عَنْهُ **"અલ્લાહ તેમનાથી રાજી અને તેઓ અલ્લાહથી રાજી."** *(સૂ. તૌબા, ૯/૧૦૦)*

**મુલ્લા અલી કારી મિશ્કાતની શરહમાં** ફર્માવે છે : હઝરત અબ્દુલ્લાહ બિન મુબારક જેઓ હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہના વિદ્યાર્થી છે એમને પૂછવામાં આવ્યું કે હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہا અફઝલ છે કે પછી હઝરત મુઆવિયા رضی اللہ عنہ ? તો આપે ફર્માવ્યું, **હુઝૂર ﷺ સાથે રહી જિહાદ કરવા સમયે અમીર મુઆવિયા رضی اللہ عنہના ઘોડાના નાકમાં જે ધૂળ ગઈ તે પણ હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝથી વધીને છે.**

*(અન્નાહિયા, પેજ-૧૬)*

**નસીમુર્રિયાઝ શરહે શિફા કાઝી ઈયાઝમાં છે :** જે વ્યક્તિ હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہની બુરાઈ કરે છે એ **જહન્નમી કૂતરાઓ પૈકી એક કૂતરો** છે. *(અહકામે શરીઅત, ભાગ–૧, પેજ–૧૦૩)*

**મિશ્કાત શરીફ,** પેજ–૧૧૨, બુખારી શરીફની હદીષ છે કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماને પૂછવામાં આવ્યું કે અમીરુલ મુ'મિનીન ! હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہની બાબત તમે શું ફર્માવો છો, જયારે કે ફલાણા મસ્અલામાં એમણે આમ કર્યું. આપે ફર્માવ્યું : اَصَابَ اِنَّهٗ فَقِيْہٌ એમણે બરાબર કર્યું કારણ કે આપ ફકીહ (દીનની સારી સમજ ધરાવનાર) છે.

**મિશ્કાતની શરહ મિર્કાત,** ભાગ–૨, પેજ–૧૬૦, હઝરત મુલ્લા અલી કારી ઉપરોક્ત વાતના ખુલાસામાં લખે છે કે હઝરત અમીર મુઆવિયા મુજતહિદ છે, એમને સવાબ મળશે ભલે ભૂલ કરે. (એટલે કે હઝરત અલી સાથે જે બે યુદ્ધ થયાં તેમાં હઝરત અલી کرم اللہ وجہہ الکریم હક્ક પર હતા પરંતુ હઝરત અમીર મુઆવિયા મુજતહિદ છે અને મુજતહિદને દલીલે શરઈમાં મનન કરવાથી એમનાથી ભૂલ થાય તો પણ એમને સવાબ મળે છે.)

અન્નાહિયા, પેજ–૧૭, હઝરત અલ્લામા કસ્તલાનીએ બુખારીની શરહમાં હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ બાબત એ વર્ણન કર્યું છે : مُعَاوِيَةُ ذُوْ الْمَنَاقِبِ الْجُمَّةِ "હઝરત મુઆવિયા ઘણી જ ખૂબીઓના માલિક છે."

આ છે હઝરત અમીર મુઆવિયા ! رضی اللہ عنہ **અહલે સુન્નત વલ જમાઅતના મસ્લક પ્રમાણે આપ ઉચ્ચતમ સહાબી છે, અને આપની બાબતે કાંઈ બોલવાની આપણને રજા નથી, બલ્કે બોલવું પોતાની આકેબત ખરાબ કરવું છે, એટલે હઝરત અમીર મુઆવિયા માટે આપણે અહલે સુન્નતનો મસ્લક ભૂલી શીઆ લોકો જેવી નકામી વાત ન કરવી જોઈએ !**

પેજ નં.**૪૦** નું ચાલુ.. પરવરદિગારથી, બેશક ! તે મગફિરત કરનારો છે. તમારા પર પુષ્કળ વરસાદ વરસાવશે, અને તમને માલ તથા ઔલાદથી નવાઝશે, બનાવશે તમારા માટે બાગો અને વહેતી કરી દેશે તમારા માટે નહેરો." *(સૂરએ નૂહ, આ. ૧૦)*

આ આયતે કરીમામાં મો'મિન બંદા માટે દિમાગી સુકૂન તથા ઈત્મિનાન (સંતોષ), ખુશી તથા આનંદના માટે મોટુ આકર્ષણ છે કે તૌબા તથા ઈસ્તિગફાર કરવાથી નીચે જણાવેલ ફાયદા એકી સાથે મળી રહ્યા છે :–

(૧) દુકાળનું દૂર થવું (૨) માલનું મળવું (૩) ઔલાદની નેઅમતનું મળવું (૪) જન્નતનું મળવું (૫) નહેરો વહેતી થવી.

**ખુલાસો :** દુનિયાની મોટી નેઅમતોમાંથી માલ તથા ઔલાદનું મળવું છે. માણસ સૌથી વધુ આ જ બે ચીજોની તમન્નાવાળો રહે છે. ફખ્રના પણ આ જ સબબો છે, છેવટે ખુશી તથા સંતોષ પણ એમાં જ સમજે છે. આખેરતમાં જન્નતનું મળવું કામયાબીની મેઅરાજ છે અને સુકૂનની નિશાની છે. એક કામ કરવાથી જયારે આટલુ બધુ સુકૂન તથા ઈત્મિનાન મળે તો કેમ ન તૌબા તથા ઈસ્તિગફારને પોતાનો વઝીફો બનાવી લઈએ. તો આવો ! તૌબા કરવા તથા ઈસ્તિગફાર કરવામાં જલ્દી કરીએ. અલ્લાહ તઆલાની તરફથી દુનિયાવી તથા ઉખરવી ઈનામોની સાથોસાથ અલ્લાહ પાકનો કુર્બ, તેની મહોબ્બત, હકીકી ઈત્મિનાન તથા સુકૂન હાંસલ કરીએ.

*(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી–મુંબઈ, ઓગષ્ટ–૨૦૨૩)*



# હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہના જીવન ચરિત્રના

## • અમુક ખાસ પાસાંઓ •

**રજૂકર્તા : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા—આમોદ)*

અલ્લાહ તઆલા જેને ચાહે છે ઈજ્જત આપે છે અને જેને ચાહે ઝિલ્લત આપે છે, જેનાથી ચાહે છે દીનનું કામ લે છે અને જેને ચાહે દીનની સમજ અતા કરે છે. તે ઘણો નસીબદાર છે જેને અલ્લાહ પોતાના દીન માટે ચુની લે છે. તેવી મુબારક હસ્તીઓમાં ઉસ્તાઝુલ ઉલમા જલાલતુલ ઈલ્મ અબુલ ફૈઝ હાફિઝે મિલ્લત અલ્લામા અબ્દુલ અઝીઝ મુહદ્દિષે મુરાદાબાદી رحمۃ اللہ علیہની ઝાતે બાબરકાત પણ છે. જેઓ પોતાની દીની તાલીમી કોમી અને સમાજી ખિદમતોના કારણ પરિચયના મોહતાજ નથી. અત્રે ટૂંકમાં આપની હયાતના અમુક વિશેષ પાસાંઓ પર પ્રકાશ નાખવાનો પ્રયાસ કરીએ છે.

**વિલાદત** : હાફિઝે મિલ્લતની વિલાદતે બા સઆદત હિ.સ. ૧૩૧૩ ઈ.સ. ૧૮૯૪ સોમવારના દિવસે સવારના સમયે થઈ. અલ્લામા અબ્દુલ અઝીઝ મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہના નામની નિસબતથી આપનું નામ પણ અબ્દુલ અઝીઝ રાખવામાં આવ્યું. ભોજપુર, જિલ્લા મુરાદાબાદ, ઉત્તર પ્રદેશમાં ઈલ્મી, સખી, દીનદાર ખાનદાનમાં આપની પરવરિશ થઈ.

જલાલતુલ ઈલ્મ હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہ એક દીની અને ઈલ્મી પરિવારમાં જનમ્યા જેથી પ્રાથમિક તાલીમ સાથે વાલિદે માજીદ હાફિઝ ગુલામ નૂરની ખિદમતમાં રહી કુર્આન હિફ્ઝ કર્યુ અને ત્યાર પછી ચાર જમાઅત સુધીની તાલીમ ભોજપુર અને અધિક તાલીમ મુરાદાબાદમાં પ્રાપ્ત કરી.

ત્યારબાદ પોતાના કસ્બાની મસ્જિદમાં ઈમામતની ખિદમત સંભાળી. આપના મુકતદી મૌલાના હકીમ મુહમ્મદ શરીફ જેઓ નિષ્ણાત તબીબ હતા. તેમણે આપની ઝહાનત જોઈને ઈલ્મે તિબ્બ શીખવાની તાકીદ કરી. આપે વાલિદે માજિદથી ઈજાઝત માગી તો આપે મુરાદાબાદ જઈ હઝરત પાસે ઈલ્મે તિબ્બ શીખવાની અનુમતિ આપી. ત્યાં હકીમ સાહબ પાસે અમુક કિતાબો પઢી. ત્યાર બાદ જામિઆ નઈમિયા મુરાદાબાદમાં અમુક વરસો સુધી ઈલ્મ પ્રાપ્ત કર્યો. તે જ અરસામાં હિ.સ. ૧૩૪૨માં મુરાદાબાદમાં ઓલ ઈન્ડિયા સુન્ની કોન્ફ્રન્સ યોજાઈ જેમાં સદરુશ્શરીઆ, બદરુત્તરીકહ મુફતી અમજદ અલી આ'ઝમી رحمۃ اللہ علیہની ઝિયારત થઈ. તેમનાથી પોતાના ઈલ્મી શોખ વિશે અર્ઝ કરી. બાદમાં જામિઆ મુઈનિયા ઉષ્માનિયા, અજમેરમાં સદરુશ્શરીઆ અને અન્ય અસાતિઝાથી ઉલૂમો ફુનૂનની પૂર્ણતા કરી.

હુઝૂર હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہની ઝાત એકલા એક મંડળી (અન્જુમન) જેમ હતી. તદરીસ, તસ્નીફ, દર્સ, લેખન, સંચાલન દરેક ક્ષેત્રમાં આપની બહુમૂલ્ય ખિદમતોમાંથી અમુક વિશે જાણી તેનાથી બોધ ગ્રહણ કરવાનો પ્રયાસ કરીએ.

**તદરીસ** : જાહેરી ઉલૂમ (ઈલ્મો)ની પૂર્ણતા બાદ આપનો ઈરાદો વેપાર કરવાનો હતો. આપ ફર્માવતા : હું દીનો સુન્નિયતની ખિદમત ફી સબીલીલ્લાહ કરીશ. હઝરત સદરુશ્શરીઆ رحمۃ اللہ علیہએ આપને બરેલી શરીફ બોલાવ્યા અને તેમના હુકમથી સદરુલ મુદર્રિસીનના પદ પર મદ્રસા અશ્રફિયા મિસ્બાહુલ ઉલૂમ, મુબારકપુર તશરીફ લાવ્યા અને ઈલ્મી પિપાસુઓને પોતાની ઈલ્મી અને

www.barkatekhwaja.net

ફન્ની સલાહિય્યતોથી તૃપ્ત કરવા લાગ્યા. આપના શાર્ગિદોની સંખ્યા આશરે પાંચ હજારથી અધિક છે જેમાં એકથી એક ઈલ્મવાળા, કાબિલે કદ્ર, આપના ફૈઝ પામેલ નેતૃત્વ ક્ષમતા ધરાવતા લોકો છે જેમના પર મઝહબી, રાજનૈતિક, સમાજી, ઈલ્મી, રૂહાની, ઈસ્લાહી તથા તબ્લીગી જગતને ગર્વ છે. હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہના ઘડેલા અણમોલ અને દુર્લભ હીરાઓમાંથી અમુકના મુબારક નામો આ છે :

(૧) નાઈબે હાફિઝે મિલ્લત અલ્લામા અબ્દુર્રઉફ બલ્યાવી (૨) કાઈદે એહલે સુન્નત રઈસુલ કલમ અલ્લામા અર્શદુલ કાદરી (૩) ફકીહે આ'ઝમે હિંદ મુફ્તી શરીફુલ હક્ક઼ અમજદી (૪) શૈખે આ'ઝમ અલ્લામા સૈયદ મુહમ્મદ ઈઝહાર અશરફ અશરફિયુલ જીલાની (૫) શૈખુલ ઈસ્લામ અલ્લામા સૈયદ મુહમ્મદ મદની અશરફીયુલ જીલાની (૬) બહરુલ ઉલૂમ મુફ્તી અબ્દુલ મન્નાન આ'ઝમી (૭) ખતીબુલ બરાહીન અલ્લામા સૂફી મુહમ્મદ નિઝામુદીન બસ્તવી (૮) મુસ્લિહે એહલે સુન્નત કારી મુસ્લિહુદ્દીન કાદરી (૯) શૈખુલ કુર્આન અલ્લામા અબ્દુલ્લાહ ખાન અઝીઝી (૧૦) અશરફુલ ઉલમા સૈયદ હામિદ અશરફ અશરફિયુલ જીલાની (૧૧) મુફક્કિરે ઈસ્લામ અલ્લામા કમરૂઝ્ઝમાં આ'ઝમી (૧૨) ખૈરુલ અઝકિયા અલ્લામા મુહમ્મદ અહમદ મિસ્બાહી.

**સંચાલન** : આપનું મહાન અને આંતર રાષ્ટ્રીય કારનામું અલ જામિઅતુલ અશ્રફિયાની સ્થાપ્ના છે. જામિઆ અશ્રફિયા એહલે સુન્નતના વિશાળ અને મજબૂત કિલ્લાઓમાંથી એક છે જે સાઈઠ એકર જમીન પર ફેલાએલ છે. જેમાં ચારે બાજુ સુંદર ઈમારતો છે. તાલીમી મેઅયાર (શૈક્ષણિક કક્ષા)નો અંદાઝો ફરઝંદાને અશ્રફિયા અને તેમની ખિદમતોથી કરી શકાય છે જે દરેક ઈલ્મી મેદાનમાં મોખરે નજર આવે છે. હિંદુસ્તાનથી લઈ એશિયા, યૂરોપ, અમેરિકા, આફ્રિકા અને અરબ દેશોમાં દીને ઈસ્લામની સરબુલંદી અને મસ્લકે આ'લા હઝરતના પ્રચાર પ્રસારમાં લાગેલા છે.

**તકરીર અને ખિતાબત** : આપ દર્સો તદરીસની સાથે બા કમાલ ખતીબ પણ હતા. હિકમતો નસીહતોથી ભરપૂર આપના બયાનથી સાંભળનાર અવશ્ય પ્રભાવિત થતા.

૧૯૭૩ ઈ.સ.માં રાયપૂર, છત્તીસગઢમાં જલ્સએ મીલાદુન્નબીમાં તશરીફ લઈ ગયા. જલ્સામાં ગૈર મુસ્લિમ સ્કોલર્સ પણ ઉપસ્થિત હતા. આપે ઈસ્લામની સત્યતા, કુર્આનની હક્કાનિયત અને પ્રાચીન તથા આધુનિક વિદ્યાઓના નફા નુકસાન પર અત્યંત ઈલ્મી ખિતાબ ફર્માવ્યો. જલ્સા પછી આપની દસ્તબોસી માટે લોકો તૂટી પડ્યા. કેટલાક ગૈર મુસ્લિમ લોકો એક બાજુથી આપની ઝિયારત કરી રહ્યા હતા. તેમનામાંથી શ્રીવાસ્તવજી નામી એક વ્યક્તિએ જે કોઈ કોલેજના પ્રોફેસર હતા તેમણે કોઈ મુસલમાન સમક્ષ આપની સાથે મુલાકાતની ઈચ્છા વ્યક્ત કરી. તેમણે હઝરતની મુલાકાત લીધી અને ઘણા બધા પ્રશ્ન કર્યા. આપે અત્યંત સતેજ સંતોષકારક ઉત્તર આપ્યા જેનાથી શ્રીવાસ્તવજી ઘણા જ પ્રભાવિત થયા અને તુરંત તૌબા કરી આપના હાથે ઈમાનની દૌલતથી માલામાલ થયા. તેમના મિત્ર ગણેશજીએ પણ પોતાના પરિવાર સાથે ઈસ્લામ સ્વીકાર કર્યો. હુઝૂર હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہએ તેમનું નામ બિલાલ અને શ્રીવાસ્તવજીનું નામ મુહમ્મદ રાખ્યું. *(હાફિઝે મિલ્લત કા ફૈઝાને નઝર, પેજ-૩૭)*

**વાયદાની પાબંદી** : એકવાર ગોરખપુરના જલ્સામાં આપને આમંત્રણ આપવામાં આવ્યું. પરંતુ જલ્સાના દિવસે બીમારીના કારણે સફર કરવું મુશ્કેલ થઈ ગયું. લોકોના મના કરવા છતાં સખત બીમારીની

હાલતમાં પણ જલસામાં હાજરી આપી. ફર્માવ્યું : હા ! રોકાઈ જવું જોઈએ, પરંતુ મેં વાયદો કરી લીધો છે, નહીં પહોંચું તો ગરીબોનું દિલ તૂટી જશે, દીનનું નુકસાન થશે. *(હુઝૂર હાફિઝે મિલ્લત : અફકારો કારનામેં, પેજ–૧૦૧)*

**હક્ક ગોઈ** : શરઈ ચૂક પર ઈસ્લાહની નિય્યતથી તંબીહ કરવું (ચેતવવું) અમ્ર બિલ મઅરૂફનો એક હિસ્સો છે. આવા સંજોગોમાં અવામ તો ઈસ્લાહ કબૂલ કરી લે છે પરંતુ ખવાસ (ખાસ લોકો)ને ઈસ્લાહની નિય્યતથી કાંઈ કહેવું ઘણુ કઠિન છે.

હુઝૂર હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہની હાજરીમાં એક મુકર્રિરથી અકીદાના કોઈ મસઅલામાં ભૂલ થઈ ગઈ. હુઝૂર હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہ બયાન માટે તશરીફ લાવ્યા તો ખુત્બા અને તિલાવત કરેલ આયતની સમજૂતી બાદ ફર્માવ્યું :

માણસથી છુપી રીતે ભૂલ થઈ જાય તો તેની તૌબા પણ છુપી રીતે કરવામાં આવશે અને જાહેરમાં ભૂલ થાય તો જાહેરમાં તૌબા કરવી જરૂરી છે, જેથી જે લોકો જાહેરમાં ભૂલના કારણ ભૂલના શિકાર થયા હોય તેમની પણ ઈસ્લાહ થઈ જાય. ત્યારબાદ મુકર્રિર સાહેબના બયાન કરેલ મસ્અલામાં ભૂલને જણાવી સહી મસ્અલો બતાવી ઘણી કિતાબોના હવાલાથી મસ્અલાની સ્પષ્ટતા કરી મુકર્રિર સાહેબને માઈક પણ બયાન કરેલ મસ્અલાથી રુજૂઅ કરવાનો હુકમ આપ્યો. *(મઆરિફે હાફિઝે મિલ્લત, પેજ–૪૨)*

ઈલ્મી વાતોમાં ભૂલ થવી કોઈ મોટી વાત નથી ન કોઈ ઐબ છે. પરંતુ ભૂલ પર અડી જવું અને ઈસ્લાહ ન સ્વીકારવું મોટી ભૂલ છે. નામના અને શોહરતની ચાહત રાખનાર લોકો તરફથી આવા મૌકા પર જ પ્રતિક્રિયા જોવા મળે છે તેના કારણે તેમની ઈસ્લાહ કરવી મુશ્કેલ થઈ જાય છે. પરંતુ હુઝૂર હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہની ઝાત આવી સ્થિતિમાં ઈસ્લાહની ફરજ બખૂબી નિભાવતા.

આપ કોઈને શરીઅત વિરૂધ્ધ કામ કરતા જોઈને તુરંત ઈસ્લાહની કોશિશ કરતા. એક વાર જુમ્આના દિવસે રાજા મુબારક શાહ મસ્જિદ, મુબારકપુરમાં ઈસ્તિન્જાખાના પર ભીડ હતી. ઈસ્તિન્જા માટે બેસેલા એક વ્યક્તિની જાંઘ ઉઘાડી હતી. મસ્જિદમાં જતાં આપની નજર પડી. મિમ્બર પર પહોંચી અડધા કલાક સુધી સતર છુપાવવા બાબત રસૂલે કરીમની તાલીમાત, બેહયાઈ પર ચેતવણીઓ અને તહારતના અહકામ તથા આદાબ પર બયાન ફર્માવ્યું. હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہએ ન કેવળ પોતાની ઈલ્મી સલાહિય્યતોથી દુર્લભ હીરા તરાશ્યા (ઘડયા) બલ્કે અત્યંત વ્યસ્તતા હોવા છતાં ઘણી કિતાબો પણ લખી, તદરીસ અને તકરીર સાથે આપે તેહરીર દ્વારા પણ ઈસ્લાહે ઉમ્મત માટે કિંમતી તેહરીરી (લેખનની) ખિદમત ફર્માવી.

જેમ કે : (૧) મઆરિફે હદીષ (૨) ઈર્શાદુલ કુર્આન (૩) અન્બાઉલ ગૈબ (૪) અલ ઈર્શાદ (૫) અલ મિસ્બાહુલ જદીદ (૬) અલ અઝાબુશ્શદીદ (૭) ફિર્કએ નાજિયા (૮) ફતાવા હાફિઝે મિલ્લત.

**આપ અંતિમ ઉમરમાં ફર્માવતા** : "મને લોકોએ કોઈ કામનો ન રાખ્યો. બિન જરૂરી કાર્યોમાં મને એવો ઉલઝાવી દીધો કે જોઈએ એવું લખવાનં કામ ન થઈ શક્યું જેનો મને અફસોસ છે, જ્યારે કે શરૂઆતમાં મારી કલમ ખૂબ તેજ હતી. હવે ન તો તે ઝેહની તાકાત છે ન ફુરસત. એટલા માટે મારો હેતુ અને મારા જીવનનો મકસદ હવે જામિઆ અશ્રફિયાને મુકમ્મલ કરવું છે."

**આપની પુર ખુલૂસ અને અસરકારક કિતાબી ખિદમતોના એક બે નમૂના : ઈર્શાદુલ કુર્આન** : ઈ.સ. ૧૯૪૭ના વતનથી હિજરતના હંગામામાં આ કિતાબ આપે એવા સંજોગોમાં લખી

અને છપાવી નિઃશુલ્ક વહેંચી મુસલમાનોની રહનુમાઈ ફર્માવી જ્યારે મુસલમાનો કાંઈ પણ સોચતા સમજ્યા વિના પોતાના દેશને છોડવા તત્પર હતા. એક સ્થળે આપ ફર્માવે છે :

"મુસલમાનો ! તમારી હવાની દિશા એ જ ગુંબદે ખઝરા છે. તમારો મકસૂદ એ જ તાજદારે મદીના છે. તમારી મુશ્કેલીઓનો હલ તેમની જ નઝરે કરમ અને ભવાંઓના ઈશારા પર મૌકૂફ છે. તમારા મકસદોની પ્રાપ્તિ તેમની તાલીમાત પર છે જેને મુસલમાનો પોતાની બદનસીબીથી ભૂલાવી ચૂક્યા છે.

*(ઈર્શાદુલ કુર્આન, પેજ–૫)*

હુઝૂર હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہ મુસલમાનોની બદહાલી અને બદઅમલીને જોઈને તડપી જતા અને તેમની ઈસ્લાહની કોશિશ કરતા. આપના દિલી દર્દનો અંદાઝો આ લખાણથી લગાડી શકાય છે :

"મુસલમાનો ! જાગો અને ગફલતની નિંદ્રાથી બેદાર થઈ જાવ ! તમારી ઈસ્લાહ અને ફલાહ એમાં જ છુપાયેલી છે કે સાચા અને પાકા મુસલમાન બની જાવ, તમારી કામયાબી એના પર જ મૌકૂફ છે કે તમારી જિંદગી ઈસ્લામી અને મૌત ઈસ્લામી હોય, તમારું જાહેર પણ ઈસ્લામી અને તમારું બાતિન પણ ઈસ્લામી હોય, તમારા અકીદા પણ ઈસ્લામી હોય અને તમારા અમલ પણ ઈસ્લામી હોય, તમારા જઝબા પણ ઈસ્લામી જઝબા હોય અને તમારા ખયાલો પણ ઈસ્લામી ખયાલો હોય, તમારું સીનું ઈસ્લામી ઈમાની અન્વારથી મુનવ્વર હોય, તમારું શરીર નેક અમલોથી સજ્જ હોય, મુસીબત પર સબ્ર અને નેઅમત પર શુક્ર અદા કરવો તમારી આદત હોય, અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત પર તવક્કુલ અને ભરોસો તમારી પ્રકૃતિ હોય, કુર્આની તાલીમાત પર અમલ તમારી પ્રકૃતિ બની જાય. *(ઈર્શાદુલ કુર્આન, પેજ, ૯)*

આમ મુસલમાનો પર ઈર્શાદુલ કુર્આનનો જે અસર થયો તેના વિશે અલ્લામા બદરુલ કાદરી رحمۃ اللہ علیہ ફર્માવે છે : ૧૯૪૭ના હંગામામાં મુબારકપુરમાં ઈર્શાદુલ કુર્આન વિના મૂલ્યે વહેંચવામાં આવી અને પરિણામ એ થયું કે એક પણ મુસલમાને દેશ ન છોડયો. આ હતી દીની ખુલૂસ અને મિલ્લી દર્દમાં ડૂબેલ લખાણની અસર.

*(હયાતે હાફિઝે મિલ્લત, પેજ ૪૩૩)*

**મઆરિફે હદીષ** : આ કિતાબ અસલમાં હદીષના ક્રમવાર લેખોનો સંગ્રહ છે જે પાસ્બાન માસિકમાં છપાતા રહ્યા. જેમાં હદીષની રોશનીમાં નેક અમલો અને સાચા અકીદાઓનું વર્ણન કરવામાં આવ્યું છે. ખતીબે મશરિક અલ્લામા મુશ્તાક અહમદ નિઝામી رحمۃ اللہ علیہ એ આ કિતાબ વિશે ફર્માવ્યું, "સાગરને ગાગરમાં ભરવાની કહેવત સાંભળી હતી પરંતુ મઆરિફે હદીષ તેનું જીવતું જાગતું ઉદાહરણ છે. હદીષના તર્જમા સાથે આલિમાના અને આરિફાના સમજૂતી, એ કેવળ ઉસ્તાઝુલ ઉલમા જેવી બુલંદ શખ્સિયતનું કામ છે. *(હયાતે હાફિઝે મિલ્લત, પેજ ૪૪૩)*

આપે બે શાદીઓ કરી, પ્રથમ નિકાહ મામાની પુત્રી સાથે થયા જે ઘણા નેક અને દીનદાર ખાતૂન હતાં. તેમનાથી ચાર ઔલાદ થઈ પરંતુ તેમનામાંથી કોઈ જીવંત ન રહી અને ચોથા બાળકના જન્મ સમયે આપનાં બીબી સાહેબા પણ વફાત પામી ગયાં. થોડા સમય બાદ આપના વાલિદ માજિદે બીજા નિકાહ કરાવ્યા અને આપને ત્યાં છ ઔલાદ થઈ. તેમનામાંથી એક પુત્ર અને મોટી પુત્રીનો ઈન્તેકાલ થઈ ગયો. બાકી ચારમાં (૧) મૌલાના અબ્દુલ હકીઝ સાહબ, આપના ખલીફએ અકબર તથા જાનશીન અને જામિઆ અશ્રફિયાના ઉપપ્રમુખ છે. (૨) કારી અબ્દુલ કાદિર સાહબ આપના નાના સાહબઝાદા છે. જે ભોજપૂરમાં રહેતા હતા. હજથી પરત થતાં મુંબઈમાં વફાત પામ્યા. (૩) ઝુબેદા ખાતૂન (૪) હમીદા ખાતૂન. વધુ પેજ **૨૫** પર

## દયાદરા ખાતે ૧૧મી શરીફના પ્રોગ્રામો

**દયાદરા** : ગૌષપાક સરકારે બગદાદ શયખ અબ્દુલકાદિર જીલાની رحمۃ اللہ علیہની યાદમાં દયાદરા ખાતે રબી. આખરના પહેલા ચાંદથી ૧૧મા ચાંદ સુધી રોજ ઈશા બાદ મસ્જિદમાં મેહફિલે દુરૂદ બાદ યાસીન શરીફનો ખત્મ રાખવામાં આવ્યો. ૧૦ રબીઉલ આખર, તા. ૨૫–૧૦–૨૦૨૩ બુધવારના રોજ મસ્જિદમાં ઈશા બાદ "મેહફિલે નઅતો મન્કૂબત" રાખવામાં આવી જેમાં જનાબ કારી મકૂસૂદ કાવીવાળા (પેશ ઈમામ) સાહબે નઅતે પાક તથા ગૌષ પાકની શાનમાં મન્કબતો પેશ કરી મજમાને ફયઝયાબ કર્યો હતો. બીજા દિવસે ૧૧ રબીઉલ આખરની રાતે મોટા ચકલા પર "જશ્ને ગૌષે આ'ઝમ" મનાવાયો જેમાં શરૂમાં કારી મકૂસૂદ સાહબે કિરાઅત, નઅતો મન્કૂબત પેશ કરી. ત્યારબાદ હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ ગૌષે પાક رحمۃ اللہ علیہના મહાન મર્તબા વિશે તેમજ આપે "ઈલ્મે દીન"નો ફેલાવો કેવી રીતે કર્યો તેના પર શાનદાર બયાન કર્યું હતું. બીજા દિવસે સવારમાં રાબેતા મુજબ "જુલૂસે ગૌષિયા" ગૌષ પાક رحمۃ اللہ علیہના બાલ મુબારક સાથે ગામ ફેરી ફરીને મસ્જિદે પહોંચ્યું જ્યાં કારી મકૂસૂદ સાહબે મન્કૂબત પેશ કરી અને બાદમાં મૌલાના ઝહીર મિસ્બાહી સાહબે ગૌષ પાક رحمۃ اللہ علیہની શાનમાં ઈમાન અરફોઝ બયાન કર્યું હતું. છેવટમાં અદબ સાથે ગૌષ પાક رحمۃ اللہ علیہના બાલ મુબારકની ઝિયારત કરાવવામાં આવી છેવટે અકુજી કોમ્યુ. હોલમાં ન્યાઝ જમાડવામાં આવી.

www.barkatekhwaja.net

## :: ઈન્તેકાલ પુરમલાલ ::

- **જોહનિસબર્ગ** : (સા.આફ્રિકા) ખાતે શહેનાઝ ગુલામ ડેરાવાળાનો જુમેરાત ૧૨ રબીઉલ અવ્વલ હિ.સ. ૧૪૪૫, તા. ૧૨–૧૦–૨૦૨૩ના રોજ ઈન્તેકાલ થયો છે.
- **દયાદરા** : ખાતે તા. ૨૫–૧૦–૨૦૨૩, ૯ રબી. આખર હિ.સ. ૧૪૪૫ બુધવારના રોજ અબ્દુલ દાઉદ ભાનો ઈન્તેકાલ થયો છે. શાંતસુશીલ સ્વભાવના માણસ હતા.
- **દયાદરા** : ખાતે તા. ૨૬–૧૦–૨૦૩ ૧૦ રબી. આખર હિ.સ. ૧૪૪૫ જુમેરાતના રોજ યાકૂબ મુહમ્મદ બક્ષનો ઈન્તેકાલ થયો છે. મર્હૂમ નેક નમાઝી હતા. રમઝાનનો પૂરો મહીનો એ'તેકાફમાં મસ્જિદમાં વિતાવતા હતા. ગુપ્ત સખાવત કરનાર હતા.
- **દયાદરા** : ખાતે તા. ૨૭–૧૦–૨૦૨૩, ૧૧ રબી. આખર હિ.સ. ૧૪૪૫ જુમ્આના રોજી ઈબ્રાહીમ હાજી અહમદ હાફેજીનો ઈન્તેકાલ થયો છે. મર્હૂમ અચ્છા હાફિઝ હતા. આપે મદ્રસામાં મુદર્રિસ તરીકે પણ ખિદમત આપી હતી. વરસો સુધી દયાદરા મસ્જિદમાં તરાવીહ પઢાવતા રહ્યા, છેવટમાં વરસો સુધી તરાવીહ પઢાવનાર પાછળ સાંભળતા રહ્યા. અને છેવટ સુધી મસ્જિદના ટ્રસ્ટી તરીકે ખિદમત આપતા રહ્યા.
- **દયાદરા** : ખાતે તા. ૧–૧૧–૨૦૨૩, ૧૬ રબી. આખર હિ.સ. ૧૪૪૫ બુધવારના રોજ હાજી શબ્બીર વલી ભૂરા (માજી સરપંચ)નો ઈન્તેકાલ થયો છે. મર્હૂમ મિલનસાર સ્વભાવના ખુશમિજાઝ માણસ હતા.
- **કંબોલી** : ખાતે મર્હૂમ સુલેમાન મુહમ્મદ અમીજી (ઉ. ૮૯)નો તા. ૨–૧૧–૨૦૨૩ના રોજ ઈન્તેકાલ થયો છે.

*રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** ખાતે કુર્આન શરીફનો ખત્મ કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*